# વિચાર

વર્ષ ૧૮ અંક ૩ સપ્ટેમ્બર-ડિસેમ્બર, ૨૦૧૩

## અપેક્ષિત પરિસ્થિતિ



## વર્તમાન પરિસ્થિતિ



## સામાજિક બાદબાકી

## સામાજિક સમાવેશ

उन्नति

Sightsavers

# અનુક્રમ


**સંપાદકીય** 3

**વિકાસલક્ષી મુદ્દાઓ**

- ભારતમાં 'ડિસેબલ્ડ પર્સન્સ ઑર્ગેનાઈઝેશન્સ' (ડીપીઓ) દ્વારા પરિસ્થિતિજન્ય વિશ્લેષણ અને ક્ષમતા મૂલ્યાંકન હાથ ધરવા માટે સમાવેશક અભ્યાસ વિષયક અભિગમ વિકસાવવો 4

**મંતવ્ય**

- સમુદાય-આધારિત પુનર્વસન અને સમાવેશ 10
- સમાવેશકતાની વાસ્તવિકતા 12

**આપના માટે**

- ભારતમાં માનવીય કટોકટીના સંજોગો અને વિકલાંગતા: સમાવેશક અભિગમ તરફ આગેકૂચ 21
- વિકલાંગ વ્યક્તિઓના અધિકારો: એક એવો મુદ્દો, જે અંગે કોઈ વાટાઘાટ થઈ શકે તેમ નથી 27

**આપણી વાત**

- સર્વસમાવેશી અને વિકલાંગતા-કેન્દ્રી આપત્તિના જોખમનો ઘટાડો: વ્યૂહાત્મક વિચારો અને દરમ્યાનગીરી આધારિત બાબતો 30
- ધ વીમેન વીથ ડિસેબિલિટિઝ ઇન્ડિયા નેટવર્ક (ડબ્લ્યુડબ્લ્યુડીઆઈએન) 33

**સાંપ્રત પ્રવાહ** 43

# અમને લગતા મુદ્દામાં અમારી સામેલગીરી

છેલ્લા બે દાયકાથી, વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓના પ્રશ્નોને વૈશ્વિક સ્તરે વાચા મળી છે અને તેમણે અન્ય લોકો સાથે સમાન ધોરણે પોતાના અધિકારો અને હકીકતોની માગણી કરવા માટે તેમની જરૂરિયાતો તથા મહત્ત્વાકાંક્ષાઓ રજૂ કરવાનું શરૂ કર્યું છે. આ ઓળખને 'યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબિલિટિઝ' (યુએનસીઆરપીડી) દ્વારા કાયદેસરતા બક્ષવામાં આવી છે. તેને ૨૦૦૭માં ભારતે બહાલી આપી છે. ૫૦ કરતાં પણ વધુ દેશોએ આ કન્વેન્શનને માન્ય રાખ્યું છે. તેમાં, વિકલાંગતા તરફના અભિગમમાં પરિવર્તનની હિમાયત કરવામાં આવી છે. દાયકાઓથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તરફ દયાની દૃષ્ટિથી જોવામાં આવે છે અને તેમને હંમેશાં 'દાનને પાત્ર' ગણવામાં આવે છે. જે વિકલાંગ વ્યક્તિઓની ઘરે કાળજી લેવામાં ન આવતી હોય તેમને સંસ્થાકરણ હેઠળ એકત્રિત કરવાની પ્રણાલી મીશનરીઓએ શરૂ કરી.

વિશ્વ યુદ્ધો બાદ વિકાસની પહેલ સાથે દાક્તરી સહાય, સુધારાત્મક સર્જરી અને ઉપકરણોની સહાય દ્વારા વિકલાંગતા ધરાવનારી વ્યક્તિને સામાન્ય બનાવવાના પ્રયત્નો શરૂ થયા. વિકલાંગતા ધરાવનારી બહોળી વસતિનું સંસ્થાકરણ કરવાની મર્યાદાઓને કારણે 'કમ્યુનિટી બેઝ્ડ રિહેબિલિટેશન' (સમુદાય આધારિત પુનર્વસન - સીબીઆર)ને વેગવંતુ બનાવવાની શક્તિશાળી વ્યૂહરચના દાખલ કરવામાં આવી. તેમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને તેઓ જે સમાજમાં વસતાં હોય તે સમાજમાં તેમને સમાન દરજ્જો આપવાના પ્રયત્નો કરવામાં આવે છે. આ સમજ એ વિચારના આધારે ઊભરી છે કે વિકલાંગતા એ આસપાસની પરિસ્થિતિમાં રહેલા સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, અભિગમલક્ષી અને શારીરિક અંતરાયોનું પરિણામ છે, તેમ જ તે વિકલાંગતા માટેનું સામાજિક મૉડલ અથવા તો સામાજિક અભિગમ છે.

તાજેતરનાં વર્ષોમાં, અધિકાર આધારિત અભિગમથી પ્રભાવિત થઈને, અન્ય વ્યક્તિઓ સાથે સમાન ધોરણે ગૌરવપ્રદ જીવન જીવવાની વિકલાંગ વ્યક્તિઓની ક્ષમતાઓને ધ્યાનમાં રાખતાં પાસાંઓના આધારે, વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની સહભાગિતા પર ભાર મૂકવામાં આવે છે. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓના અધિકારોની સામૂહિક ધોરણે માગણી કરવા માટે 'યુનિ-ડિસેબિલિટી ઑર્ગેનાઈઝેશન્સ' (ફક્ત દૃષ્ટિની ખામી કે ફક્ત સાંભળવાની ખામી ધરાવનારી વ્યક્તિઓ) તથા 'ક્રોસ ડિસેબિલિટી ઑર્ગેનાઈઝેશન્સ' (તમામ પ્રકારની વિકલાંગતાઓ - દૃષ્ટિની ખામી, સાંભળવાની ખામી, લોકોમોટર, ડિસેબિલિટી, બૌદ્ધિક વિકલાંગતાઓ, એક કરતાં વધુ વિકલાંગતાઓ અને અન્ય વિકલાંગતાઓ ધરાવનારી વ્યક્તિઓ)નાં બનેલાં જૂથો ઉભરી આવ્યાં છે. આ જૂથો ઉભરવાની શરૂઆત બે દાયકાથી થઈ હોવા છતાં, સમાજનો આ વંચિત વર્ગ રાજકીય ક્ષેત્રે પ્રભાવ પાડવા સક્ષમ નથી અને તેમના જીવન સાથે સંકળાયેલા પ્રશ્નોની નીતિઓ ઘડવાની પ્રક્રિયાને પ્રભાવિત કરવામાં પણ તેમની ભૂમિકા મર્યાદિત રહી છે.

વિકલાંગતા ચળવળ સામેની તાજેતરની ચર્ચાઓ અને પ્રક્રિયાઓને પગલે 'ડિસેબલ્ડ પર્સન્સ ઑર્ગેનાઈઝેશન્સ' દ્વારા રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબિલિટિઝ બિલના પેસેજ વિરુદ્ધ ગત સંસદ સત્ર દરમ્યાન દેખાવો કરવામાં આવ્યા હતા, જે આ સ્થિતિનો બોલતો પુરાવો છે. સમગ્ર વિકલાંગ સમુદાય એકજૂથ થઈને વિકલાંગતામાં રહેલી વૈવિધ્યતાનું પ્રત્યાયન કરવા માટે તેમનો અવાજ ઉઠાવે અને સીઆરપીડીમાં પ્રતિષ્ઠાપિત કરવામાં આવેલાં મૂલ્યો અને સિદ્ધાંતોની માગણી કરે તે સમય હવે પાકી ગયો છે.

**વિકાસલક્ષી મુદ્દાઓ**

# ભારતમાં 'ડિસેબલ્ડ પર્સન્સ ઑર્ગેનાઈઝેશન્સ' (ડીપીઓ) દ્વારા પરિસ્થિતિજન્ય વિશ્લેષણ અને ક્ષમતા મૂલ્યાંકન હાથ ધરવા માટે સમાવેશક અભ્યાસ વિષયક અભિગમ વિકસાવવો

ભારતમાં ૮ ભાગીદાર સ્વૈચ્છિક સંસ્થાઓ/ડીપીઓ સાથેની ભાગીદારીની ૧૮ મહિનાની પહેલના આધારે 'ઉન્નતિ' સંસ્થાનાં પ્રૉગ્રામ કો-ઑર્ડિનેટર **સુશ્રી દીપા સોનપાલ** દ્વારા આ લેખ તૈયાર કરવામાં આવ્યો છે.

## ૧. પહેલની વિભાવના

પરિસ્થિતિનું વિશ્લેષણ (સિચ્યુએશન ઍનાલિસિસ - એસએ) અને ક્ષમતા મૂલ્યાંકન (સીએ)એ માનવ અને સંસ્થાકીય વિકાસ (હ્યુમન એન્ડ ઇન્સ્ટિટ્યુશનલ ડૅવલપમેન્ટ-એચઆઈડી) પ્રક્રિયાઓના જરૂરી ઘટકો છે. સંસ્થા જે સમુદાયો સાથે કામ કરતી હોય તે સહિતના તમામ પ્રાથમિક હિતધારકોની પોતાની અસરકારક સંસ્થા સાચા અર્થમાં વિકસાવવા માટે સંસ્થાના વ્યૂહાત્મક આયોજન અને વિકાસમાં સમુદાયના તમામ સભ્યોને સાંકળવા જ જોઈએ.

ઑર્ગેનાઈઝેશનલ સેલ્ફ ઍસેસમેન્ટ ફોર એનજીઓ અને ક્ષમતા મૂલ્યાંકન માટેના હાર્વર્ડ ફ્રેમવર્ક જેવાં અનેક ટૂલ્સનો પરિસ્થિતિના વિશ્લેષણ માટે ઉપયોગ કરવામાં આવે છે. આવાં ટૂલ્સ નિષ્ણાત દ્વારા સંચાલિત હોય છે અને તેના દ્વારા સમુદાયને ભાગ લેવાની તક મળતી નથી. તેથી આવી પ્રક્રિયાઓમાં સમુદાયોની પ્રત્યક્ષ સામેલગીરી માટે એસએ માળખાં અને ટૂલ્સ વિકસાવવાની જરૂરિયાત છે.

એચઆઈડી/ઓડી અને પ્રક્રિયાઓમાં સમુદાયોની સહભાગિતાને પ્રોત્સાહન પૂરું પાડવા માટે અનેક સહભાગી પદ્ધતિઓ અને ટૂલ્સ વિકસાવવામાં આવ્યાં છે. અનુભવો સૂચવે છે કે વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની અસરકારક અને નિર્ણાયક સહભાગિતા સુનિશ્ચિત કરવા માટે સહભાગી પદ્ધતિઓ અપૂરતી છે. કારણ કે, (૧) જોબ કાર્ડ વિશ્લેષણ, પ્રૉબ્લેમ ટ્રી, સંસાધનોનું માપન વગેરે જેવી સહભાગી પદ્ધતિઓ દ્રશ્ય રજૂઆત (વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન) પર આધારિત હોય છે, (૨) સહભાગી પદ્ધતિઓમાં જોડવામાં આવેલાં સત્તાનાં માળખાંઓ કોટિક્રમને વધુ મજબૂત કરવાની કામગીરી કરે છે. તેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ, ખાસ કરીને જોવાની-સાંભળવાની ખામી ધરાવતી વ્યક્તિઓ, વિકલાંગતા ધરાવતી મહિલાઓ અને વિકાસને લગતી વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને દૂર રહેવાની કે મૌન રહેવાની ફરજ પાડવામાં આવે છે. ઘણી વખત, સમુદાય, પરિવાર કે આડોશ-પાડોશની વ્યક્તિઓ અને સંબંધીઓ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના વિચારો કે નિર્ણયો બહાર લાવવાને બદલે તેમના વતી વાત કરે છે. પરિણામે, પરિસ્થિતિ વિશ્લેષણની એચઆઈડી/ઓડી પ્રક્રિયાઓમાં વિકલાંગ વ્યક્તિઓનાં હિતો અને વિશ્લેષણોને સામેલ કરવામાં આવતાં નથી. આમ, વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ અસરકારક રીતે ભાગ લઈ શકે તે સુનિશ્ચિત કરવા માટે પ્રવર્તમાન જ્ઞાનને પદ્ધતિઓ, ટૂલ્સ અને તકનિકોમાં રૂપાંતરિત કરવું જરૂરી છે.

ભારતમાં ઈરમા, પ્રિયા, એચઆરડી ઍકેડેમી, સીવાયએસડી અને એસએસકે સહિતની ઘણી ક્ષમતા વર્ધન સંસ્થાઓ અને કન્સલ્ટન્ટ્સ છે, જેમણે એચઆઈડી/ઓડી અંગે તાલીમ માહિતી પુસ્તિકા અને અભ્યાસ વિકસાવ્યાં છે. આંતરરાષ્ટ્રીય સ્તરે આ વિષય અંગે ઘણું સાહિત્ય પણ ઉપલબ્ધ છે. જોકે, આ પૈકીના કોઈ પણ સંગઠને વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ, ખાસ કરીને જોવાની અને અન્ય ખામીઓ ધરાવનારી વ્યક્તિને ધ્યાનમાં રાખીને કાર્યક્રમો તૈયાર કર્યા નથી. અમારી જાણ મુજબ, ભારતમાં અભ્યાસ (સાર્વત્રિક રીતે ઉપલબ્ધ હોય તેવી પદ્ધતિઓ અને વિકલાંગતાના પ્રશ્નો પર ધ્યાન આપી શકે તેવા માળખા)નો ઉપયોગ કરીને વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓનાં સંગઠનોનું ક્ષમતા વર્ધન કરવા માટે એક પણ તજજ્ઞ સંગઠન નથી.

'ધ યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઑન રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબિલિટિઝ' (યુએનસીઆરપીડી) અને ભારતમાં સૂચિત 'રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબિલિટિઝ' બિલે વિકાસનાં નવાં દ્વાર ખોલ્યાં છે, જેની આગેવાની વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ લઈ રહી છે. આમ, બીપીઓઝ/ડીપીઓઝના એચઆઈડી માટે વ્યૂહાત્મક આયોજન કરવા માટે બીપીઓઝ/ડીપીઓઝની સંસ્થાકીય ક્ષમતાઓનું વર્ધન કરવું જરૂરી છે. સાથે જ, વિકલાંગતા ધરાવનારી (ખાસ કરીને જોવાની, સાંભળવાની તથા અન્ય વિકલાંગતા ધરાવતી) વ્યક્તિઓને સાંકળીને ઉપલબ્ધ થઈ શકે તેવાં ટૂલ્સનું સર્જન કરવું પણ જરૂરી છે.

હાલમાં, ભારતમાં વિકલાંગતા ક્ષેત્રે કાર્યરત મોટાભાગનાં સંગઠનો પુનર્વસન અને કલ્યાણ આધારિત સંસ્થાઓ છે. વિકલાંગતા ધરાવતી

વ્યક્તિઓ, ખાસ કરીને દૃષ્ટિહીન વ્યક્તિઓ દ્વારા સંચાલિત હોય એવી સંસ્થાકીય વિકાસ પ્રક્રિયાઓ તરફ આગળ વધવું જરૂરી છે. આ માટે યોગ્ય જ્ઞાન તથા કૌશલ્યો ધરાવનારી વિકલાંગ વ્યક્તિઓમાંથી સંસ્થાકીય વિકાસ અને કાર્યક્રમ આયોજનની પ્રક્રિયાને આગળ ધપાવનાર વ્યક્તિની જરૂર પડે છે. વિકાસ પ્રક્રિયાઓમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની સહભાગિતા સુનિશ્ચિત કરવાની સાથે-સાથે તેઓ પોતે જ આગળ ધપાવતા હોય એવી પ્રક્રિયા વિકસાવવી પણ જરૂરી છે. ઑક્ટોબર ૨૦૧૨થી માર્ચ ૨૦૧૪ દરમિયાન 'ટુવર્ડઝ ડેવલપિંગ અ બીપીઓ/ડીપીઓ લેડ પેડાગોજી ટુ ફેસિલિટેટ ધ પ્રોસેસ ઑફ સોશ્યલ ચેન્જ' શીર્ષક હેઠળ ૧૮ મહિનાનો ઍક્શન રિસર્ચ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો. આ પ્રોજેક્ટમાં શારીરિક વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ, ખાસ કરીને દૃષ્ટિહીન વ્યક્તિઓ દ્વારા વપરાશમાં લેવાનાર જ્ઞાન આધારિત ઉત્પાદનો વિકસાવવાનો સમાવેશ થતો હોવાથી આ પ્રોજેક્ટ દ્વારા વ્યાપક પરિણામો અપેક્ષિત છે.

આ પ્રક્રિયા ખાસ કરીને વિકલાંગ વ્યક્તિઓનું ક્ષમતા વર્ધન કરવામાં મદદરૂપ થઈ છે, જેના થકી તેમનાં પોતાના તથા અન્ય સંગઠનોમાં સામાજિક સમાવેશક વિકાસ કાર્યક્રમોને વેગ મળશે.

### ૨. ભાગીદારો નક્કી કરવા અને ઔપચારિક સંબંધો પ્રસ્થાપિત કરવા

આ પ્રોજેક્ટ હેઠળ ૮ બીપીઓ/ડીપીઓ/એનજીઓ ભાગીદારો સાથે કામગીરી કરવામાં આવી હતી, જેઓ સહવિકાસ, ફિલ્ડ ટેસ્ટિંગ તેમજ સંસાધન કિટ તૈયાર કરવાની કામગીરી સાથે સંકળાયેલા હતા. દરખાસ્ત તૈયાર કરવાના તબક્કે અગાઉનાં જોડાણો અને સંબંધો મારફતે કેટલાક અપેક્ષિક ભાગીદારો સાથે સલાહ-મસલત કરવામાં આવી હતી અને ત્યાર બાદ અન્ય ભાગીદારોને સાંકળવામાં આવ્યા હતા. ભાગ લેવાની ડીપીઓની ઈચ્છાશક્તિ પ્રાથમિક વિચારણા હેઠળ હતી, કારણ કે પ્રક્રિયા, શિક્ષણ પર તથા નક્કી કરવામાં આવેલા ટૂલ્સ અપનાવવા પર વધુ કેન્દ્રિત હતી.

આ પ્રક્રિયામાં ભાગ લેવા માટે સંમત થયેલાં જૂથોને પરિચયાત્મક નોંધ મોકલવામાં આવી હતી અને ત્યારબાદ તેમની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. ભાગીદારો સાથેની આ મુલાકાતોનો ઉદ્દેશ્ય અનુસરવામાં આવનારી ભૂમિકાઓ તથા જવાબદારીઓ અને પ્રક્રિયાઓ સ્પષ્ટ કરવાનો હતો. આ ઉપરાંત, અમે સંગઠનના વડાઓ તથા આગેવાનોને તથા આ પ્રક્રિયામાં મૂકવામાં આવેલા કેટલાક સ્ટાફને પણ મળ્યા હતા. રૂબરૂ થયેલી વાતચીત સંબંધ પ્રસ્થાપિત કરવામાં તથા સ્પષ્ટતા મેળવવામાં મદદરૂપ થઈ હતી. અમે ડીપીઓની પણ વધુ સારી સમજ કેળવી અને જાણ્યું કે મુખ્યત્વે તે સભ્યપદ આધારિત છે અને પ્રવૃત્તિઓમાં સભ્યોની સામેલગીરી સ્વૈચ્છિક ધોરણે થાય છે. તેથી, નિશ્ચિત વ્યક્તિઓ પાસે સમયની પ્રાપ્યતા અને નિશ્ચિત તબક્કે ડીપીઓ દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રશ્નના આધારે સભ્યપદમાં ફેરફાર થતો રહે છે. મોટાભાગના સભ્યો તેમની આજીવિકા માટે વ્યવસાયિક રીતે અન્યત્ર સંકળાયેલા હોય છે. ક્રોસ-ડિસેબિલિટી (તમામ પ્રકારની વિકલાંગતાઓ ક્ષેત્રે કાર્યરત) સંગઠનોમાં દ્રષ્ટિની ખામી ધરાવનારી વ્યક્તિઓનું પ્રતિનિધિત્વ ફક્ત ૨૦-૩૦ ટકા જ જોવા મળ્યું હતું. જ્યારે સાંભળવાની ખામી ધરાવનારી વ્યક્તિઓનું પ્રતિનિધિત્વ ઘણું જ ઓછું હોય છે.

નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૨ દરમિયાન પહેલ વિશે ચર્ચા કરવા માટે તમામ ૮ ભાગીદારોની મુલાકાત લેવામાં આવી હતી.

આ પ્રક્રિયાના ભાગીદારો નીચે મુજબ હતા:

- ડૉ. જયશ્રી મુખર્જી અને તમિલનાડુ, કર્ણાટક તથા આંધ્ર પ્રદેશમાં ડીપીઓ ફૅડરેશનને પ્રોત્સાહિત કરનારી બૅંગ્લુરુ સ્થિત સંસ્થા એડીડી ઇન્ડિયાનો સ્ટાફ. આ કાર્ય માટે અમે તમિલનાડુ ફૅડરેશન, એટીડીડીટી સાથે કામગીરી કરી.
- શ્રી પૌલ રામનાથન અને સામા ફાઉન્ડેશનનો સહયોગ ધરાવતી, બૅંગ્લુરુ સ્થિત ડીપીઓ કેએઆરઓ.
- રાષ્ટ્રિય વિકલાંગ મંચ - ડૉ. વિક્ટર કૉર્ડેરિયો, જેઓ હાલ વર્લ્ડ બ્લાઈન્ડ યુનિયનમાં કન્સલ્ટન્ટ તરીકે કાર્યરત છે. આ સંસ્થા બૅંગ્લોર સ્થતિ છે અને સેક્રેટરી, શ્રી સોનૂ ગોલકર, બૅંગ્લુરુ સ્થિત લિયોનાર્ડ ચેશાયર ડિસેબિલિટી સાથે કાર્યરત છે. અમે આરવીએમની બે રાજ્યોની - રાજસ્થાન અને મધ્ય પ્રદેશ શાખાઓ સાથે કામ કરવાનો નિર્ણય કર્યો.
- લખનૌ ખાતેની રિહેબિલિટેશન ઇન્સ્ટિટ્યુટ સ્પાર્કના વડાશ્રી અમિતાભ મેહરોત્રા છે. આ સંસ્થા ઉત્તર પ્રદેશમાં ડીપીઓઝને પ્રોત્સાહિત કરવાની કામગીરી બજાવી રહી છે.
- પશ્ચિમ બંગાળ સ્થિત 'સંચાર' એ કમ્યુનિટી બેઝ્ડ રિહેબિલિટેશન ફોરમ (સીબીઆર ફોરમ), બૅંગ્લુરુ માટે ભારતનાં ૧૬ રાજ્યોમાં ડીપીઓ માટે કમ્યુનિટી બેઝ્ડ રિહેબિલિટેશન પરની ક્ષમતા વર્ધન સંસ્થા છે. તેનું એક વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્ર તથા વસ્તુઓનું એક વેચાણકેન્દ્ર કોલકત્તામાં છે. આ પ્રોજેક્ટ માટે અમે પશ્ચિમ બંગાળમાં 'ડિસેબિલિટી રાઈટ્સ ગ્રુપ' સાથે કામ કર્યું.
- ડૉ. ભાસ્કર મહેતા, નેશનલ ઍસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ (એનએબી)ના ઉપપ્રમુખ છે. અમે ગુજરાતમાં એનએબીની સાબરકાંઠા

જિલ્લા શાખા સાથે કામગીરી કરી.

- શ્રી નીતા પંચાલ - સેક્રેટરી, ડિસેબિલિટી ઍડવોકસી ગ્રુપ, ગુજરાત.

### ૩. સાહિત્ય સમીક્ષા અને સંક્ષેપની તૈયારી

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના ઘણા ઓડી નિષ્ણાતોનો સંપર્ક સાધીને, સંસ્થાકીય વિકાસ (ઓડી) અને પરિસ્થિતિ વિશ્લેષણ તથા ક્ષમતા મૂલ્યાંકનને લગતું સાહિત્ય એકઠું કરવામાં આવ્યું હતું. તાલીમકારોની તાલીમના કાર્યક્રમમાં દરેક ડીપીઓમાંથી પસંદ થયેલા સહભાગીઓ માટે સંદર્ભ-સામગ્રી તરીકે ઉપયોગમાં લેવા માટે પરિસ્થિતિ વિશ્લેષણ અને ક્ષમતા મૂલ્યાંકન પરનાં વર્તમાન ટૂલ્સનો ૧૫૬ પાનાંનો સાર તૈયાર કરવામાં આવ્યો હતો.

ઓડીમાં વપરાયેલાં વિવિધ ટૂલ્સ અંગે વ્યક્તિગત મુલાકાતો અને ઈ-મેઈલના માધ્યમથી ઘણા નિષ્ણાતો સાથે ચર્ચા-વિચારણા પણ હાથ ધરાઈ હતી. આ નિષ્ણાતોની યાદી નીચે મુજબ છે:

- પ્રૉ. નિહારિકા વોરા, ઇન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ (આઈઆઈએમ), અમદાવાદ
- પ્રૉ. ટી. વી. રાવ, એડજન્કટ પ્રૉફેસર, આઈઆઈએમ, અમદાવાદ.
- ડૉ. રાજેશ ટંડન, પ્રિયા, નવી દિલ્લી
- ડૉ. કૌસ્તવ કાંતિ બંદોપાધ્યાય, પ્રિયા, નવી દિલ્લી
- ડૉ. નિવેદિતા કોઠિયાલ, ઈન્સ્ટિટયુટ ઑફ રૂરલ મેનેજમેન્ટ - ઈરમા, આણંદ
- ડૉ. યોગેશકુમાર, સમર્થન - સેન્ટર ફોર ડેવલપમેન્ટ, ભોપાલ
- ફાધર જીમ્મી ડાભી, બિહેવિયરલ સાયન્સ સેન્ટર (એચડીઆરસી), અમદાવાદ
- શ્રી સ્ટિફન્સ, સર્ચ, બૅંગ્લુરુ.

### ૪. ભાગીદારો અને ઓડી નિષ્ણાતો સાથે પ્રારંભિક કાર્યશિબિર

ફેબ્રુઆરી ૧૪-૧૫, ૨૦૧૩ દરમિયાન અમદાવાદ ખાતે 'ડિસેબલ્ડ પર્સન્સ ઑર્ગેનાઈઝેશન' દ્વારા 'ડેવલપિંગ એક્સેસિબલ ટૂલ્સ ઑન સિચ્યુએશન ઍનાલિસિસ (એસએ) એન્ડ કેપેસિટી એસેસમેન્ટ (સીએ)' પર કાર્યશિબિર યોજાઈ હતી. આ કાર્યશિબિરનો ઉદ્દેશ્ય પરિસ્થિતિ વિશ્લેષણ અને ક્ષમતા મૂલ્યાંકન અંગે નક્કી કરવામાં આવેલાં માળખાં, ટૂલ્સ અને તકનિકોની સુસંગતતા વિશે સામાન્ય સમજ વિક્સાવવાનો હતો. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ તેમના ડીપીઓનું આપમેળે પરિસ્થિતિ વિશ્લેષણ અને સ્વ-ક્ષમતા મૂલ્યાંકન હાથ ધરે તે માટે તેમની સહભાગિતા વધારવાના ઉપાયોની ચર્ચા કરવાનો પણ એક હેતુ હતો. હાજર રહેલા ઓડી નિષ્ણાતોની સલાહના આધારે નક્કી કરવામાં આવેલાં ટૂલ્સની રજૂઆત કરવામાં આવી હતી અને તેના વપરાશ અંગેની ચર્ચા પણ હાથ ધરવામાં આવી હતી. આ પ્રતિભાવના આધારે તાલીમકારોની તાલીમના સહભાગીઓ માટેની શિક્ષણ-સામગ્રી તૈયાર કરવામાં આવી હતી. ભાગીદારોનાં સૂચનોના આધારે સહભાગીઓની સગવડ માટે આ સામગ્રીનો બે પ્રાદેશિક ભાષાઓ (ગુજરાતી અને હિંદી)માં અનુવાદ પણ કરવામાં આવ્યો હતો.

આ કાર્યશિબિરમાં, પરિસ્થિતિ વિશ્લેષણ અને ક્ષમતા મૂલ્યાંકનનાં નક્કી કરવામાં આવેલાં ટૂલ્સનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું. આ ટૂલ્સ કેવી રીતે ઉપલબ્ધ થઈ શકે અને તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગેની ચર્ચાઓ પણ થઈ હતી. કાર્યશિબિર, કામગીરીની પદ્ધતિઓની ચર્ચા પર કેન્દ્રિત હતી. કાર્યશિબિરનો એક મુદ્દો એ હતો કે, નવાં ટૂલ્સ વિક્સાવવાં એટલાં જરૂરી નથી, પણ આ પ્રક્રિયાના પરિણામે વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની સક્રિય સહભાગિતા વધારવા માટે હાલનાં ટૂલ્સમાં સુધારો લાવવો જોઈએ. આ પ્રક્રિયા એ રીતે હાથ ધરવી જોઈએ કે જેથી વિકલાંગતા ક્ષેત્રમાંથી ડીપીઓઝ અને બીપીઓઝ દ્વારા હાથ ધરવામાં આવેલા એસએ અને ઓડીનાં ઉદાહરણો સ્પષ્ટપણે રજૂ કરી શકાય, સ્પષ્ટ રીતે તેનું દસ્તાવેજીકરણ કરી શકાય તથા પગલાં અને સહાયક સૂચનો સાથેની ટૂલકિટના સ્વરૂપમાં તે ઉપલબ્ધ બનાવી શકાય. તેને સંગઠનની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે અને ઓપન ઍક્સેસ તરીકે વૈશ્વિક સ્તરે તેને ઉપલબ્ધ બનાવવામાં આવશે. વળી, તાલીમકારોની તાલીમના પ્રારંભથી ક્ષેત્ર (ફિલ્ડ) કક્ષાએ અને ત્યારબાદ જૂન ૨૦૧૩થી તાલીમમાં ઉપયોગ કરતી વખતે, વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની સહભાગિતા વધારવા માટેની ભાગીદારો દ્વારા હાથ ધરાયેલી પદ્ધતિઓ અને પગલાંઓનો ફાઈનલ ટુલકિટમાં સમાવેશ કરવામાં આવ્યો હતો તેમ જ દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું હતું.

અન્ય મહત્ત્વની જાણકારી એ હતી કે ઓડી સાહિત્યમાં વિકલાંગતા પર કોઈ દ્રષ્ટાંતો નથી. તેથી, આ પહેલ પાયારૂપ છે અને આવાં ઉદાહરણો ઊભાં કરવામાં તે સક્ષમ સાબિત થશે. બીજું, આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવનારા લોકોની સહભાગિતા વધારવાનો અને અસરકારક ડીપીઓઝ પ્રસ્થાપિત કરવાનો છે. તેથી, આ પ્રક્રિયા, સંસ્થા વર્ધન (ઈન્સ્ટિટ્યુશન બિલ્ડીંગ) સાથે સંબંધિત છે એમ કહેવું વધુ ઉચિત ગણાશે. આ કિસ્સામાં તે અસરકારક ડીપીઓઝ પ્રસ્થાપિત કરવા સાથે સંબંધિત છે.

આ સંશોધનને માર્ગદર્શન પૂરું પાડવા માટે સંસ્થાકીય વિકાસના નિષ્ણાતોના જૂથની પણ રચના કરવામાં આવી હતી. આ જૂથમાં પ્રૉ. ટી. વી. રાવ (સંલગ્ન પ્રૉફેસર) - આઈઆઈએમ-અમદાવાદ, પ્રૉ. નિહારિકા વોરા - પ્રૉફેસર, આઈઆઈએમ-અમદાવાદ, ડૉ. રાજેશ ટંડન અને ડૉ. કૌસ્તવ બંદોપાધ્યાય - પ્રિયા, નવી દિલ્લી, ડૉ. યોગેશકુમાર - સમર્થન સેન્ટર ફોર ડેવલપમેન્ટ સપોર્ટ, ભોપાલ, ડૉ. હરિશ વશિષ્ઠ - સિનિયર ઓડી કન્સલ્ટન્ટ અને શ્રી બિનોય આચાર્ય - ડિરેક્ટર, ઉન્નતિનો સમાવેશ થાય છે.

## ૫. ભાગીદારોના ક્ષમતા વર્ધન માટે તાલીમકારોની તાલીમ

સંબંધિત સંગઠનો દ્વારા નિયુક્ત કરવામાં આવેલા સહભાગીઓ માટે બૅંગ્લુરુ ખાતે, ૧થી ૪ એપ્રિલ દરમિયાન વિકલાંગ વ્યક્તિઓનાં સંગઠનો (ડીપીઓઝ) દ્વારા પરિસ્થિતિ વિશ્લેષણ અને ક્ષમતા મૂલ્યાંકન અંગે ઉપલબ્ધ  થઈ શકે તેવાં ટૂલ્સ વિકસાવવા અંગે તાલીમકારોની તાલીમ યોજાઈ હતી. તાલીમની વિગતવાર રૂપરેખા સિનિયર ઓડી કન્સલ્ટન્ટ્સ સાથેની સલાહના આધારે તૈયાર કરવામાં આવી હતી. આ ઓડી કન્સલ્ટન્ટ્સ આ પહેલ માટેના સલાહકારો છે અને તે પૈકીના કેટલાક કન્સલ્ટન્ટ્સ તાલીમકારોની તાલીમમાં હાજર રહ્યા હતા અને તેમણે અમુક સત્રો પણ લીધાં હતાં. તાલીમકારોની તાલીમના ઉદ્દેશ્યો નીચે મુજબ હતા:

૧. પરિસ્થિતિ વિશ્લેષણ અને ક્ષમતા મૂલ્યાંકન વિશે વિવિધ સહભાગિતા ટૂલ્સની સમજ વિક્સાવવી.
૨. પરિવર્તનશીલ સંદર્ભમાં ડીપીઓઝ માટે તેની ઉપયોગિતાની સમજ કેળવવી.
૩. તમામ પ્રકારની વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ માટે આ ટૂલ્સ પ્રાપ્ય બનાવવા માટેનાં સૂચનો કરવાં.

દરેક સંગઠન/ડીપીઓએ તાલીમકર્તાઓની તાલીમ માટે બે સહભાગીઓ નિયુક્ત કર્યા હતા. આ કાર્યક્રમના તજજ્ઞ વ્યક્તિઓ (રિસોર્સ પર્સન) આ પ્રમાણે છે: શ્રી વેંકટેશ બાલાક્રિષ્ના - સ્થાપક ડિરેક્ટર, એડીડી ઇન્ડિયા, ડૉ. વિક્ટર જહોન કોર્ડેરિયો - વર્લ્ડ બ્લાઈન્ડ યુનિયન, પ્રૉ. નિહારિકા વોરા - આઈઆઈએમ-અમદાવાદ, ડૉ. યોગેશ કુમાર અને શ્રી વેંકટેશપ્રસાદ - સમર્થન, ડૉ. હરિશ વશિષ્ઠ, સિનિયર ઓડી કન્સલ્ટન્ટ, શ્રી બિનોય આચાર્ય - ડિરેક્ટર, ઉન્નતિ અને પ્રોજેક્ટ ટીમ - સુશ્રી દીપા સોનપાલ, સુશ્રી સંદીપા નેલ્સન અને સુશ્રી ગીતા શર્મા (ઉન્નતિમાંથી).

તાલીમકર્તાઓની તાલીમ દરમિયાન ટૂલ્સનું સરળીકરણ કરવાની સાથે-સાથે સહભાગીઓને ફેબ્રુઆરી, ૨૦૧૩માં યોજાયેલી કાર્યશિબિર ખાતે નક્કી કરવામાં આવેલા એસએ અંગેના વિવિધ વપરાશપાત્ર ટૂલ્સની જાણકારી આપવા પર ભાર આપવામાં આવ્યો હતો. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની સહભાગિતા વધારવા માટે ક્ષેત્ર કક્ષાએ તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેના પર ધ્યાન આપવામાં આવ્યું હતું. ભાગ લેનારાં સંગઠનો પરત ફર્યા બાદ તેમનાં સંગઠનોની સમિતિના સભ્યો સાથે ક્ષેત્ર કક્ષાએ સ્થાનિક ભાષામાં ત્રણ કાર્યશિબિરો હાથ ધરે અને પ્રક્રિયાનું સઘન દસ્તાવેજીકરણ કરે તે અપેક્ષિત હતું:

૧. દ્રષ્ટિકોણનું ઘડતર અને પરિસ્થિતિનું વિશ્લેષણ
૨. અસરકારક સંસ્થાઓ અને ડીપીઓઝનું ઘડતર કરવું
૩. તેમના સંબંધિત ડીપીઓનું સ્વ-ક્ષમતા મૂલ્યાંકન (સીએ)

ઉપરોક્ત પ્રવૃત્તિઓ છ મહિનાના ગાળામાં દરેક ડીપીઓ દ્વારા ઓડીના સહયોગ સાથે તાલીકારોની તાલીમના સહભાગીઓ દ્વારા હાથ ધરવામાં આવી હતી. તાલીમકારોની તાલીમમાં, અન્ય તજજ્ઞ વ્યક્તિઓ (રિસોર્સ પર્સન) અને ઓડી નિષ્ણાતોની સાથે ડીપીઓઝ/એનજીઓઝમાંથી ૧૭ સહભાગીઓ હતા (દ્રષ્ટિની ખામી ધરાવતા ૬ વ્યક્તિઓ, ઓછી દ્રષ્ટિ ધરાવતી એક વ્યક્તિ, મગજનો પક્ષાઘાત ધરાવતી એક વ્યક્તિ, લોકોમોટર ડિસેબિલિટી ધરાવતી પાંચ વ્યક્તિઓ અને વિકલાંગતા ન ધરાવતી ચાર વ્યક્તિઓ).

સહભાગીઓને સુવિધાજનક સ્વરૂપોમાં (બ્રેઈલ લિપિમાં, સ્પર્શથી પારખી શકાય તેવી આકૃતિઓ, લખાણની ફાઈલો સિન્થેટિક સ્પીચ સૉફ્ટવેરમાં રૂપાંતરિત થઈ શકે વગેરે) સામગ્રી પૂરી પાડવામાં આવી હતી. મોટાભાગની સામગ્રી હિંદી અને ગુજરાતી ભાષામાં પણ પૂરી પાડવામાં આવી હતી. વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓએ કેવી રીતે પ્રક્રિયામાં શિક્ષણ મેળવ્યું અને ભાગ લીધો તેનું નિરીક્ષણ કરવાનો ઓડી સહાયકોએ પ્રયત્ન કર્યો.

## ૬. ફિલ્ડ લેવલે (ક્ષેત્ર કક્ષાએ) ત્રણ તબક્કાની તાલીમોને સહાય પૂરી પાડવી

તાલીમકારોની તાલીમ બાદ, ફિલ્ડ લેવલે નીચે પ્રમાણે ત્રણ તાલીમો/કાર્યશિબિરો હાથ ધરવા માટે તેમ જ સહાય પૂરી પાડવા માટે દરેક બીપીઓ/ડીપીઓને એક માર્ગદર્શક પૂરા પાડવામાં આવ્યા હતા:
તમામ ૮ ભાગીદારોએ નીચે મુદ્દાઓ પર ત્રણ તાલીમો હાથ ધરી હતી:

**ક. દ્રષ્ટિકોણ ઘડતર અને પરિસ્થિતિનું વિશ્લેષણ:**
આ કાર્યશિબિર/તાલીમના પ્રથમ ભાગમાં વિકલાંગતા વિશેના અભિગમો

તથા મૉડલ્સ (જેમ કે દાન, દાક્તરી, સામાજિક અને અધિકાર આધારિત મૉડલ કે અભિગમ)ને આવરી લેવાયાં હતાં તથા અભિગમો વચ્ચેના તફાવતો પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ દરેક અભિગમ હેઠળ વિકલાંગ વ્યક્તિને જોવાની લોકોની દ્રષ્ટિ અને ફિલ્ડ આધારિત દરમિયાનગીરી કરતી વખતે આ અભિગમોના સંયોજનનો ઉપયોગ કરવાની આવશ્યકતા વિશે ચર્ચા કરવામાં આવી હતી. દરેક સહભાગીને અભિગમો પરના ચાર કેસ સ્ટડી તૈયાર કરવામાં મદદ પૂરી પાડવામાં આવી હતી અને કેટલાક ભાગીદારોએ સ્કિટ પણ તૈયાર કરી હતી. કેટલાંક સૅમ્પલની સ્ક્રિપ્ટનો અંગ્રેજીમાં અનુવાદ કરવામાં આવ્યો છે અને ટૂલકિટમાં પણ તેને સામેલ કરવામાં આવી છે.

બીજા ભાગમાં, પરિસ્થિતિ વિશ્લેષણ પર, સમાજનો દ્રષ્ટિકોણ કેવો છે અને વિકાસની પ્રક્રિયામાં તે વિકલાંગ વ્યક્તિઓની સામેલગીરીને શા માટે નકારે છે તેના પર ભાર મૂકવામાં આવ્યો હતો. વૃક્ષના રૂપક (પ્રૉબ્લેમ ટ્રી ઍનાલિસિસ)નો ઉપયોગ કરીને વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓના સામાજિક બહિષ્કારનાં કારણો અને અસરોનું વિશ્લેષણ કરીને તાલીમનો આ બીજો ભાગ હાથ ધરવામાં આવ્યો હતો. સંબંધિત જૂથો સાથેની સલાહ-મસલતના આધારે ભારતમાં વિકલાંગ વ્યક્તિઓના અનુભવો પરથી કેસ સ્ટડી તૈયાર કરવામાં આવ્યા હતા. આ કેસ સ્ટડી સમસ્યાઓમાં થતા રહેતા વધારા પર ભાર મૂકતા હતા. તે સમસ્યાઓ આ પ્રમાણે છે: ગરીબી; જાતિ અને વિકલાંગતાના આધારે ભેદભાવ; વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓમાં તેમના હક્કો અંગેની જાગૃતિનો અભાવ; સમાજમાં વિકલાંગતા વિશેની જાગૃતિનો અભાવ; આરોગ્ય, શિક્ષણ, યોજનાઓ, ન્યાય, માહિતીની પ્રાપ્યતા જેવી મૂળભૂત સેવાઓની મર્યાદિત પહોંચ; મુશ્કેલ સ્વરૂપોમાં મળતી માહિતી. આ રીતે પાંચ કેસ સ્ટડી તૈયાર કરવામાં આવી હતી. દરેક કેસ સ્ટડીમાં લાંબા ગાળાની અસર ઊભી કરવા માટે તથા સમાવેશકતાને વેગ આપવા માટે, ભેદભાવ પાછળનાં મૂળ કારણોને દૂર કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ તાલીમ દરમિયાન બહાર આવેલાં ઉદાહરણોને કેસ સ્ટડીની સાથે ટૂલકિટમાં સામેલ કરવામાં આવ્યાં છે.

કારણો તથા તેની અસરોનું વિશ્લેષણ કર્યા બાદ સહભાગીઓ એક કારણ પસંદ કરીને તેના કારણ અથવા નકારાત્મક અભિગમને હકારાત્મક સ્થિતિમાં રૂપાંતરિત કરવા સક્ષમ થયા હતા. એક ઉદ્દેશ્યને દ્રષ્ટાંતરૂપે લઈએ તો, હિતધારકોની યાદી તૈયાર કરવા માટે હિતધારક-વિશ્લેષણ હાથ ધરવામાં આવ્યું હતું, અને કેટલાક કિસ્સાઓમાં, સમયની પ્રાપ્યતા અનુસાર, ઉદ્દેશ્ય સિદ્ધ કરવા માટે નિશ્ચિત હિતધારક પાસે રહેલા પ્રભાવ અને નિયંત્રણના સ્તરનું ત્રણ તબક્કે (તીવ્ર, મધ્યમ, અલ્પ) વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જુદાં જુદાં ક્યાં સ્તરોએ દરમિયાનગીરી જરૂરી છે તેની સમજ મેળવવા સહભાગીઓ સક્ષમ બને તે માટે ગામથી લઈને જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ આશરે ૫૦-૬૦ હિતધારકોની યાદી નક્કી કરવામાં આવી હતી. નક્કી કરવામાં આવેલા ૫૦-૬૦ હિતધારકોની યાદીમાંથી કેટલાક હિતધારકોની પસંદગી સહભાગિતાની વ્યૂહરચના ઘડવા માટે કરવામાં આવી હતી. આ પાછળનો ઉદ્દેશ્ય સહભાગીઓને એ સમજાવવાનો હતો કે દરમિયાનગીરીને અસરકારક બનાવવા માટે પૂરતા આયોજન સાથે આવું વિગતવાર વિશ્લેષણ જરૂરી બની રહે છે.

**ખ. અસરકારક સંસ્થાઓ/ડીપીઓઝ પ્રસ્થાપિત કરવી**

આ કાર્યશિબિરમાં સહભાગીઓને સંગઠનના વિવિધ ઘટકો વિશેની માહિતી આપવામાં આવી હતી: ધ્યેય, માળખું, વ્યૂહરચના, માનવ સંસાધનો, કાર્યક્રમો/પ્રવૃત્તિઓ, સંસ્કૃતિ અને આગેવાની. આ પરથી એ જાણી શકાય છે કે, સામાજિક-રાજકીય, આર્થિક સંદર્ભના આધારે સંગઠનનાં ધ્યેય અને વિચારધાર સૌથી મહત્ત્વના ઘટકો છે, કારણ કે તે સંગઠનની રચનાનો હેતુ સ્પષ્ટ કરે છે. ખાસ આ જૂથ માટે તૈયાર કરવામાં આવેલી કેસ સ્ટડીને આધારે વિચારધારા અને ધ્યેયનો તફાવત સમજવવામાં આવ્યો હતો. કેટલીક સંસ્થાઓએ તો સ્ક્રિપ્ટ અને સ્કિટ તૈયાર કરીને તેનું અંગ્રેજી ભાષાંતર કર્યું હતું. તેને ટૂલકિટમાં સામેલ કરવામાં આવી હતી. ત્યાર બાદ પ્રથમ તાલીમમાં નક્કી કરવામાં આવેલાં સામાજિક બહિષ્કારનાં કારણોને ધ્યાનમાં રાખીને જૂથોને તેમના પોતાના ડીપીઓનું કામચલાઉ ધ્યેય/વિચારધારા નક્કી કરવામાં મદદ કરવામાં આવી હતી. કાર્યશિબિર બાદ તેમને જૂથના અન્ય સભ્યો સાથે આ પ્રક્રિયાનું આદન-પ્રદાન કરવાનું જણાવવામાં આવ્યું હતું. તેના આધારે કેટલાંક ઉદાહરણો તારવવામાં આવ્યાં હતાં અને ટૂલકિટમાં સામેલ કરવામાં આવ્યાં હતાં.

**ગ. સ્વ-ક્ષમતા મૂલ્યાંકન**

ત્રીજી કાર્યશિબિર/તાલીમમાં ડીપીઓઝને હાલની વાસ્તવિકતા/પરિસ્થિતિ/પડકારોના સંદર્ભમાં તેમની ક્ષમતાઓનું મૂલ્યાંકન કરવા માટે સક્ષમ બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓના સામાજિક બહિષ્કાર અને પરિસ્થિતિ વિશ્લેષણ પરના પ્રથમ કાર્યશિબિરના વિશ્લેષણને એક આધાર તરીકે જોવામાં આવ્યો. ડીપીઓના ઉદ્દેશ્યને સ્પષ્ટ કરતી બીજી કાર્યશિબિર કે તાલીમમાં દર્શાવવામાં આવેલા વિચારધારા અને ધ્યેયનો પણ સંદર્ભ આપવામાં આવ્યો હતો. ડીપીઓની સંસ્થાકીય ક્ષમતાનું મૂલ્યાંકન કરવા માટે, અગ્રણી ઓડી સ્પેશ્યાલિસ્ટ માર્વિન વિસ્બૉર્ડના સિક્સ બૉક્સ મોડલનો

ઉપયોગ કરવામાં આવ્યો હતો. નીચે જણાવેલાં પાસાંઓ હેઠળ ડીપીઓમાં સુધારો લાવવા માટે શું કરવું જોઈએ તેનું મૂલ્યાંકન કરવા માટે આ મૉડેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો: ૧. હેતુ, ૨. માળખું, ૩. સંબંધો, ૪. ઉપયોગી વ્યવસ્થા, ૫. વળતર અને ૬. આગેવાન. જરૂરી વ્યક્તિગત ક્ષમતાઓનું મૂલ્યાંકન કરવા માટે પ્રચલિત માળખાં અનુસાર વિવિધ ઑફિસ બેરરનું જૉબ ઍનાલિસિસ કરવામાં આવ્યું હતું અને આ રીતે તૈયાર થયેલી પ્રોફાઈલનો ઉપયોગ કરવા માટે અને ત્યાર બાદ હાલના ઑફિસ બેરરના કાર્ય દેખાવનું મૂલ્યાંકન કરવાનું અને તે મુજબ વળતર આપવાનું અને નવા ઑફિસ બેરરની ચૂંટણી કરવાનું જૂથોને જણાવવામાં આવ્યું હતું. આવું વિશ્લેષણ ડીપીઓની કાર્યક્ષમતા તથા અસરકારકતા વધારશે તેમ જણાયું હતું.

કાર્યશિબિરો અગાઉ, દરેક ડીપીઓએ દરેક કાર્યશિબિરને મદદ કરવા માટે સત્ર-આયોજનની સાથે વિસ્તૃત તાલીમ રૂપરેખા વિકસાવવા માટે ઓડી સહાયક સાથે સંકળાઈને કામ કર્યું હતું. આ પ્રક્રિયામાં સહભાગીઓને સાનુકૂળ માળખામાં આપવાની શિક્ષણ-સામગ્રી અને સંબંધિત કેસ સ્ટડી તૈયાર કરવાનો પણ સમાવેશ થતો હતો. કાર્યશિબિર કે તાલીમ હાથ ધરતી વખતે વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની સહભાગિતા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ પ્રક્રિયાનું સઘનપણે દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું હતું અને જ્યારે પણ જરૂર પડે ત્યારે સહાય પૂરી પાડવામાં આવી હતી. ટૂલકિટમાં અનુસરવાની પ્રક્રિયા અને તાલીમકારોની નોંધમાં આ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, પ્રક્રિયા દરમિયાન પ્રકાશમાં આવેલાં ઘણાં ઉદાહરણો પણ ભવિષ્યના સંદર્ભ તરીકે તેમાં સામેલ કરવામાં આવ્યાં છે. ત્રણેય કાર્યશિબિરો/તાલીમો બૌદ્ધિક રીતે જાગૃત કરનારી હતી અને ઘણા સહભાગીઓએ કદી પણ તેમના જીવન પ્રત્યે વિશ્લેષણાત્મક અભિગમ ન અપનાવ્યો હોવાથી તેમના માટે આ શિબિર થકવી નાંખનારી પણ બની રહી હતી. દરેક જૂથ માટે નિયુક્ત કરવામાં આવેલા ઓડી સહાયકોએ ડીપીઓઝ દ્વારા હાથ ધરવામાં આવેલી તમામ તાલીમોમાં હાજરી આપી હતી અને દસ્તાવેજીકરણની પ્રક્રિયામાં મદદ કરી હતી.

૮ ભાગીદારો પૈકી દરેકે ૩ તાલીમ પૂરી કરી હતી. તાલીમમાં કુલ ૧૬૦ સહભાગીઓ હતા, જેમાં ૧૦૪ પુરુષો અને ૫૬ મહિલાઓ હતી (૨૪ વ્યક્તિઓ દ્રષ્ટિની ખામી ધરાવતી હતી, ૬ વ્યક્તિઓ આંશિક દ્રષ્ટિ ધરાવતી હતી, ૧૪ વ્યક્તિઓ સાંભળવાની ખામી ધરાવતી હતી, ૬ વ્યક્તિઓને મગજનો પક્ષાઘાત હતો, ૮૪ વ્યક્તિઓ લોકોમોટર ડિસેબિલિટી ધરાવતી હતી, ૧૪ વ્યક્તિઓ અન્ય વિકલાંગતા ધરાવતી હતી અને ૧૨ વ્યક્તિઓ વિકલાંગતા ધરાવતી ન હતી). આમાં સહાયકો અને ઓડી કન્સલ્ટન્ટ્સ સમાવિષ્ટ નથી.

તાલીમકારોની તાલીમના સહભાગીઓ/તાલીમકારો દ્વારા તૈયાર કરવામાં આવેલા મૉડ્યૂલ્સ પર સઘન પ્રતિભાવ આપવામાં આવ્યો હતો. ઉપરાંત, સ્થાનિક સંબંધિત સામગ્રી/કેસ સ્ટડી, સ્કિટ વગેરે સ્થાનિક ભાષામાં તૈયાર કરવા માટે પણ મદદ કરવામાં આવી હતી. મહાવરો કરતી વખતે સહભાગીઓને સુસંગતપણે પગલાં રજૂ કરવાં મુશ્કેલ જણાય, ત્યારે સ્પષ્ટતા કરવા માટે કેટલાક ડીપીઓઝ દ્વારા વિકસાવવામાં આવેલાં મૉડ્યૂલ્સની વહેંચણી કરવામાં આવતી હતી.

### ૭. વ્યવસ્થા દેખરેખ

પ્રોજેક્ટમાં થયેલી પ્રગતિ પર દેખરેખ રાખવા માટે સલાહકાર સમિતિના સ્વરૂપમાં સંગઠનના વડા, પ્રોજેક્ટ ટીમ અને ઓડી નિષ્ણાતોની બનેલી પ્રૉગ્રામ મેનેજમેન્ટ કમિટી (પીએમસી) રચવામાં આવી હતી. બે પીએમસી મિટિંગ યોજવામાં આવી હતી અને પૂરી પાડવામાં આવનાર સહાયના સ્વરૂપ અને આગામી તબક્કામાં કાર્યના આયોજનને લગતા નિર્ણયો આ બેઠકોમાં લેવાયા હતા. પ્રારંભિક કાર્યશિબિર સાથે પ્રથમ પીએમસી યોજાઈ હતી અને બીજી પીએમસી મિટિંગ, સહભાગીઓ માટે હાથ ધરાયેલી તાલીમકારોની તાલીમ સાથે યોજાઈ હતી. પીએમસી મિટિંગનો ત્રીજો રાઉન્ડ અનૌપચારિક રીતે, મેઇલ દ્વારા અને રૂબરૂ બેઠક દ્વારા યોજાયો હતો. પ્રોજેક્ટ પિરીયડના અંત ભાગમાં માર્ચ ૨૦૧૪માં શીખી ચૂકેલા પાઠ અંગેની કાર્યશિબિર સાથે ચોથી પીએમસી મિટિંગ યોજાઈ હતી.

### ૮. શીખી ચૂકેલા પાઠ અંગેની કાર્યશિબિર

શીખી ચૂકેલા પાઠ અંગેની કાર્યશિબિર માર્ચ ૧૧-૧૨, ૨૦૧૪ના રોજ હાથ ધરાઈ હતી. તેમાં જૂથોએ તેમની સામે આવેલા પડકારો વિશેની, શીખી ચૂકેલા પાઠ વિશેની અને સંબંધિત ક્ષેત્રોમાં ડીપીઓઝ દ્વારા કરવામાં આવનારી આગેકૂચ વિશેની વાતોની આપ-લે કરી હતી. ટૂલકિટ સમાવેશક અને આગવી હતી, કારણ કે તેમાં તાલીમકારોને માર્ગદર્શન પૂરું પાડવા માટેની સહાયક નોંધની સાથે પ્રવૃત્તિઓ હાથ ધરવા માટેનાં તમામ ચરણો સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યાં હતાં. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓના કિસ્સામાં ટૂલ્સનો ઉપયોગ કેવી રીતે કરવો તેની વિગતોને પણ તેમાં આવરી લેવાઈ હતી. તકનિકોને એક સમાન કરવા માટે અને વિશ્વભરના અનુભવો ઉમેરવા માટે આ ટૂલ્સનો ઉપયોગ કરવો જરૂરી છે. વિકલાંગતાના ક્ષેત્રમાંથી ઘણાં

જુઓ પૃષ્ઠ 20

# સમુદાય-આધારિત પુનર્વસન અને સમાવેશ

આ લેખમાં સમુદાય-આધારિત પુનર્વસન વિકલાંગો માટે શા માટે જરૂરી છે અને તેમના સમાવેશ માટે શી કાળજી રાખવાની જરૂર છે તેની ચર્ચા કરવામાં આવી છે. સમસ્યા શું છે અને તેના ઉપાયો કેવા હોવા જોઈએ તથા વિકલાંગો પોતે નિર્ણય પ્રક્રિયામાં કેવી રીતે સામેલ થઈ શકે તેની ચર્ચા, આ લેખમાં સંચાર એ.આર.ઓ.ડી.ના સ્થાપક **શ્રી ગૌતમ ચૌધરી દ્વારા** વિશદ રીતે કરવામાં આવી છે.

## પ્રસ્તાવના

સામાન્ય રીતે વિકલાંગતાને નકરાત્મક શબ્દોથી નવાજવામાં આવે છે. જેમ કે, આ તો તેનાથી નહિ થઈ શકે, એ બોજારૂપ છે, એનો કશો ઉપયોગ થઈ શકે તેમ નથી, એ એના પાપનું ફળ ભોગવે છે વગેરે. વિકલાંગ વ્યક્તિઓ વિશેના આપણા આ ખ્યાલો આપણાં મૂલ્યો પર આધારિત છે. આપણે આવા વિચારો, મૂલ્યો કે ખ્યાલો સાથે જન્મ્યા હોતા નથી. આપણામાં એ વિકસ્યા હોય છે. કેવી રીતે ? પરિવાર કે સાથીઓમાં સાંભળીને અને વિકલાંગ લોકોને જોઈને. જેઓ વધારે વિકલાંગ હોય છે તેઓ દૃશ્યમાન હોય છે. આપણે એ પણ જોયું છે કે મોટા ભાગના કિસ્સામાં જો કંઈ થઈ શકે તેમ હોય તો તે માત્ર વિશિષ્ટ સ્થળોએ, વિશેષ વ્યવસ્થા ધરાવતાં સ્થળોએ જ થઈ શકે છે. એ સ્થળો અલગ રીતે ઊભાં કરાયેલાં હોય છે અને તે કલ્યાણના ખ્યાલ ઉપર આધારિત હોય છે. આ ખ્યાલ વિકલાંગ લોકોને પણ અસર કરે છે. એને પરિણામે આત્મ ગૌરવ ઘટે છે અને અવલંબન વધે છે.

વિકલાંગ લોકો સાથેનું આપણું બધું કામ પ્રવર્તમાન ખ્યાલોમાં પરિવર્તન લાવવાનું ધ્યેય ધરાવે છે, કે જેથી વિકલાંગ લોકોને વધારે વિધાયક રીતે જોવામાં આવે. તેઓ પોતે પણ પોતાને એ રીતે જુએ. કેવી રીતે? આપણે રોજિંદા જીવનમાં વધુ ને વધુ વિકલાંગ લોકોને આપણે જોઈએ. જેમ કે, મારી શાળામાં, મારી સાથે રમતગમતમાં, મારી સાથે કામના સ્થળે, મારી સાથે ચાની કીટલીએ, મારા શિક્ષક, કામના સ્થળે મારા સુપરવાઈઝર, કોઈકનાં ભાઈ, બહેન, કાકા, કાકી, માતા-પિતા, પત્ની, પતિ વગેરે. સમય જતાં એનાથી સામાન્ય ખ્યાલોમાં પરિવર્તન આવે છે અને તેને લીધે રોજિંદા જીવનમાં વિકલાંગો માટે પહોંચ અને તકોમાં વધારો થાય છે. તેઓ વધારે સ્વતંત્ર અને સક્ષમ બને છે. તકો અને અનુભવને લીધે તેમનું આત્મગૌરવ પણ વધે છે. એને પરિણામે કલ્યાણના ખ્યાલ પર આધારિત નીતિઓ ઉપર તેમનો પ્રભાવ વધે છે.

## શું કરવાની જરૂર છે?

કયાં કામ કરવાની જરૂર છે અને શું કરવાની જરૂર છે? વ્યક્તિગત સ્તરે, પારિવારિક સ્તરે અને સામુદાયિક સ્તરે ઔપચારિક અને અનૌપચારિક માળખાં અને સંસ્થાઓ દ્વારા એ માટે કાર્ય કરવાની જરૂર છે. સમાવેશ અને સક્રિય સહભાગિતાને પરિણામે રોજિંદા જીવનની ભૂમિકાઓ તેઓ અન્ય લોકોની જેમ ભજવી શકે છે. સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, રાજકીય અને નાગરિક જીવનમાં તેઓ સક્રિય રીતે ભાગ લે એ ઇચ્છનીય છે. તેને લીધે સમય જતાં નવા ખ્યાલો ઊભા થાય છે અને વધુ તકો જન્મે છે.

આપણે એ બાબત યાદ રાખવી જોઈએ કે વિકલાંગો અને અન્ય લોકો વચ્ચેના વર્તમાન સંબંધો બદલવાનું આપણું ધ્યેય છે. આપણે એ પણ યાદ રાખવાની જરૂર છે કે વિકલાંગ વ્યકિતની ઓળખ કંઈ તેની શારીરિક ખામી સાથે જ સંબંધિત નથી. વર્ગ, જ્ઞાતિ, જાતિ, ધર્મ, નીતિમત્તા વગેરે જેવી સામાજિક-સાંસ્કૃતિક ઓળખ પણ સત્તાના સંબંધો પર અસર કરે છે. વળી, જુદાજુદા પ્રકારની વિકલાંગતા ધરાવનારા લોકો સાથે પણ એ સંબંધો અલગઅલગ પ્રકારના હોય છે.

## આ સમસ્યા કોની છે?

ખરેખર આ સમસ્યા કોની છે ? સ્પષ્ટ છે કે આ સમસ્યા વિકલાંગ લોકો અને તેમના પરિવારોની છે. પરિવર્તનની પ્રક્રિયાનું નેતૃત્વ કોણ કરે ? લોકોનાં સંગઠનો કે મંડળો પરિવર્તનની પ્રક્રિયા આગળ ધપાવે છે. તેઓ સમાન પહોંચ અને સમાન તકો માટે પરિવર્તન લાવે છે કે જેથી સમાવેશ શક્ય બને તથા પારિવારિક અને સામુદાયિક જીવનનાં તમામ પાસાંમાં વિકલાંગો સહભાગી બને. વિકલાંગ વ્યક્તિઓ એક બાજુ હડસેલાઈ ગઈ છે. તેમને સમાજમાં મુખ્ય પ્રવાહમાં સમાન વ્યક્તિઓ તરીકે સામેલ કરવાની છે. પડકાર એ છે કે એવી સામાજિક વ્યવસ્થાઓ હોવી જોઈએ કે જેમાં વિવિધતાનો સ્વીકાર થયેલો હોય, તેને માન આપવામાં આવતું હોય અને કોઈનાય પ્રત્યે કોઈ પ્રકારનો ભેદભાવ ન થતો હોય.

# મંતવ્ય

આપણા દેશમાં બંધારણ છે અને એવા કાયદા છે કે જે સમાવેશ વધારે છે. દા.ત. વિકલાંગ વ્યક્તિ ધારો-૧૯૯૫ એમ જણાવે છે કે ગરીબી નિવારણની યોજનાઓમાં પાંચ ટકા કરતાં ઓછું નહિ તેટલું ખર્ચ વિકલાંગ લોકો માટે થવું જોઈએ. એનો અર્થ એ છે કે આરોગ્ય, ગ્રામ વિકાસ, શહેરી વિકાસ, અન્ન, કૃષિ, નાના અને મધ્યમ ઉદ્યોગો, ગૃહ નિર્માણ વગેરે તમામ વિભાગોની યોજનાઓમાં આ માપદંડ જળવાવો જોઈએ. આ કાયદો એમ જણાવે છે કે સૌ લોકોને માટે અવરોધમુક્ત પર્યાવરણ ઊભું કરવું જોઈએ અને તમામ સવલતો સૌને સલામતી સાથે પ્રાપ્ત થવી જોઈએ. 'સંયુક્ત રાષ્ટ્રો'નો જે ઠરાવ યુએનસીઆરપીડી નામે છે તે ભારત સરકારે ૨૦૦૭માં માન્ય ઠરાવ્યો છે અને તે પણ આ બાબતને મજબૂત ટેકો આપે છે.

દા.ત. નરેગા જેવા જીવનનિર્વાહ માટેના કાર્યક્રમોમાં વિકલાંગ લોકોનો સમાવેશ કરાયો છે. તેની છેલ્લી માર્ગરેખાઓમાં કે જુદાજુદા પ્રકારની વિકલાંગ વ્યક્તિઓ ક્યાં ક્યાં કામો કરી શકે એ જણાવાયું છે. નરેગામાં વ્યક્તિ કેટલું કાર્ય કરે તે અંગે નિશ્ચિત ધોરણો નક્કી થયેલાં છે. ઘણી વિકલાંગ વ્યક્તિઓ એટલું કામ કરી શકે તેવી હોતી નથી, કે જે કામ અમુક સમયમાં સામાન્ય વ્યક્તિઓ કરી શકે છે. એટલે એવી વ્યક્તિને પૂર્ણ વેતન ચૂકવવામાં આવતું નથી, પરંતુ, કામના અમુક ભાગ જેટલું જ વેતન ચૂકવવામાં આવે છે. આ જ યોજનામાં સ્ત્રીઓ અને પુરુષો માટે અલગઅલગ ધોરણો છે. એમાં કદાચ એવી ધારણા કામ કરે છે કે આપણે વિવિધતાનો આદર કરીએ છીએ, પરંતુ વિકલાંગ લોકો માટે એક સરળ હકીકતની અવગણના કરવામાં આવે છે.

આંધ્ર પ્રદેશ અને તામિલનાડુમાં વ્યકિતઓને વ્યક્તિગત રીતે જોબ કાર્ડ આપવામાં આવે છે, તેમને ૧૫૦ દિવસ કામ આપવામાં આવે છે, તેઓ એક જૂથમાં કામ કરી શકે છે, અને જો તેઓ ધોરણ મુજબના કામના ૭૦ ટકા કામ કરે તો પણ તેમને પૂર્ણ વેતન મળે છે. ઉપરાંત, જમીન ખોદવા માટેનાં સાધનોની ડિઝાઈન એ રીતે ગોઠવાઈ છે કે જેથી વિકલાંગ લોકો એ કામ ઊભાં ઊભાં કરી શકે, શું આપણા દેશમાં વિકલાંગ લોકો બેઠાં બેઠાં કામ કરી શકે એવી ડિઝાઈનવાળાં સાધનો ન બની શકે ? શું નરેગા હેઠળ જે માળખાગત સવલતો બાંધવામાં આવે છે તે અવરોધ-મુક્ત છે ? રાષ્ટ્રીય ગ્રામીણ જીવનનિર્વાહ મિશન અને એસજીએસવાયમાં જે ૩ ટકા અનામત છે એ પરિપૂર્ણ થાય છે ખરી? એમાં દા.ત. એસસી અને એસટી માટે અને ઉત્તરદાયિત્વ માટે કોઈ તંત્ર ઊભું કરવામાં આવ્યું છે ખરું? શું રાષ્ટ્રીય મિશનમાં વિકલાંગ વ્યક્તિઓ ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરાયું છે ખરું?

શિક્ષણ ક્ષેત્રે વિકલાંગ બાળકોની શાળામાં નોંધણી થાય છે. અભ્યાસો એમ દર્શાવે છે કે એ બાળકોમાં શાળા અધવચ્ચે છોડી જવાનું પ્રમાણ વધારે છે. તેથી સમાવેશી શિક્ષણ ઉપર ભાર મૂકાવો જોઈએ. નોંધણી એ સૌ પ્રથમ પગલું છે. ઘણાને એમ લાગે છે કે આ જ આરંભ છે અને આ જ અંત છે. શિક્ષણ વ્યવસ્થાને સમાવેશી બનાવવા માટે કઈ વ્યવસ્થાઓ છે એ મહત્ત્વનું છે. તેમાં વિવિધ પ્રકારના વિદ્યાર્થીઓનો સમાવેશ થવો જોઈએ. મુખ્ય પ્રવાહમાં જે શિક્ષકો છે તેમને અપાતી તાલીમમાં, શું વિવિધતા છે ખરી? શું અધ્યયન અને અધ્યાપનની પદ્ધતિઓ અને શાળાનો અભ્યાસક્રમ એવાં છે ખરાં કે જે વિદ્યાર્થીઓની વિવિધ જરૂરિયાતોને સંતોષી શકે? સૌને માટે જે શિક્ષક છે તેને સંસાધન શિક્ષકે ટેકો આપવો જોઈએ, સાથીઓને પણ ટેકો આપવો જોઈએ, માત્ર વિકલાંગ વિદ્યાર્થી પૂરતો તેનો ટેકો મર્યાદિત રહેવો જોઈએ નહિ. તેનો ઈરાદો સંસાધન શિક્ષકોના પુનર્વસનનો નથી, પણ વિકલાંગ વિદ્યાર્થીઓ સહિત તમામ વિદ્યાર્થીઓના પુનર્વસનનો છે. શું વિકલાંગ વ્યક્તિ અન્ય વ્યક્તિઓની જેમ જ શીખી શકે છે, સામાજિકરણની પ્રક્રિયા સિવાય પણ? શું શાળાઓ પહોંચક્ષમ છે ખરી? શું વિકલાંગ વિદ્યાર્થીઓ સ્વતંત્ર રીતે અને સલામતીપૂર્વક પાણી પી શકે અને શૌચાલયનો ઉપયોગ કરી શકે એવી વ્યવસ્થા છે ખરી?

ઇંદિરા આવાસ યોજના કે રાજીવ આવાસ યોજના હેઠળ મળતું ઘર પહોંચક્ષમ છે ખરું? શું એમાં કશા આધાર વિના જઈ શકાય છે અને કશા આધાર વિના એમાંથી બહાર નીકળી શકાય છે? જો જમીનનો પટ્ટો પિતાજીનો હોય અને વિકલાંગ વ્યક્તિને તે ઘર તરીકે ફાળવવામાં આવ્યું હોય તો, ખરો માલિક કોણ? શું શૌચાલય પહોંચક્ષમ છે ખરું?

શું ગ્રામ પંચાયતની કચેરીઓ, તાલુકા વિકાસ અધિકારીની કચેરી, બેંકો, ટપાલ કચેરી, ગામનાં બજારો, રસ્તા, પીવાનાં પાણીની પરબો, સાર્વજનિક શૌચાલયો, ધાર્મિક સ્થળો, સામૂહિક મિલકતનાં સ્થળો અને પરિવહન પહોંચક્ષમ છે ખરાં? શું વિકલાંગ લોકો બીજા લોકોની જેમ જ એમનો ઉપયોગ કરી શકે છે? બધા જ લોકોને ધ્યાનમાં રાખીને એમને ડિઝાઈન નક્કી થઈ છે ખરી? શું લઘુતમ વેતન મારી જરૂરિયાતો સંતોષે છે? શું અસંગઠિત કામદાર સામાજિક

**જુઓ પૃષ્ઠ 20**

# સમાવેશકતાની વાસ્તવિકતા

'સમાવેશક્તાની વાસ્તવિકતા' અંગેના આ લેખમાં વર્લ્ડ બ્લાઈન્ડ યુનિયનના ઍડવોકસી કન્સલ્ટન્ટ **શ્રી વિક્ટર જહોન કોર્ડેરા** દ્વારા બહિષ્કાર અને ભેદભાવ વિશે વિસ્તૃત રીતે સમજ આપવામાં આવી છે.

જ્યાં સુધી સમાજના વંચિત, અવાજવિહોણા, ગરીબ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગો ભેદભાવનો અને બહિષ્કારના રાજકારણનો શિકાર બનતા રહેશે, ત્યાં સુધી ન્યાયપૂર્ણ અને વાજબી સામાજિક વ્યવસ્થા કે વિશ્વમાં સમતાવાદી સમાજના સર્જનનું સ્વપ્ન સાકાર થવું અશક્ય છે. આવો ભેદભાવ/બહિષ્કાર એ ગરીબીની જટિલ પ્રક્રિયાનો આલોચનાત્મક ઘટક છે. ભેદભાવને કારણે બહિષ્કાર જન્મે છે. જોકે, જૂથો અને સમુદાયોને બહિષ્કૃત કરવા પાછળનું કારણ સંકુચિતતા અને તેમની ઐતિહાસિક તથા સાંસ્કૃતિક સ્થિતિના મૂળમાં રહેલું છે.

## બહિષ્કાર/ભેદભાવ વિશેની સમજ

### બહિષ્કાર/ભેદભાવનો ઉદ્‌ભવ

**ભેદભાવના ઉદ્‌ભવ પાછળનાં કારણો નીચે મુજબ હોઈ શકે:**

૧. સમાજનાં વર્ચસ્વ ધરાવનારાં જૂથોએ તેમને ઐતિહાસિક કારણોસર મળેલા લાભો (જેની ચર્ચા અહીં સંક્ષિપ્તમાં કરવી શક્ય નથી)ને કારણે સમાજમાં પ્રભાવક દરજ્જો પ્રાપ્ત કર્યો હતો. પરિણામે, તેમણે તેમનાં મૂલ્યો અને સંસ્કૃતિ, તેમના તાબા હેઠળનાં જૂથો પર લાદયાં. ઉપરાંત અન્ય બાબતોની સાથે-સાથે નિર્ણય લેવાની પ્રક્રિયા તેમ જ સંસાધનો પરની માલિકી અને ઉપલબ્ધતા અંગે તેમના પર નિયંત્રણો મૂકયાં.

૨. વર્ચસ્વ ધરાવનારાં જૂથોમાં, તાબા હેઠળનાં જૂથો કરતાં પોતે ચઢિયાતી હોવાની લાગણી સમાજના વિભાજનમાં પરિણમે છે, જેના કારણે તાબા હેઠળનાં જૂથો વંચિતતાની સ્થિતિમાં આવી જાય છે.

૩. તાબા હેઠળનાં જૂથો વિશે શંકાઓ રાખવી, પૂર્વગ્રહો બાંધવા અને પૂર્વધારણાઓ બાંધી લેવી, તેમ જ તાબા હેઠળનાં જૂથો પોતાના આશ્રય તથા મહેરબાની હેઠળ છે તેવી લાગણી વર્ચસ્વ ધરાવનારાં જૂથોમાં પ્રવર્તવી.

### બહિષ્કાર/ભેદભાવનો આધાર

જૂથો અને વ્યક્તિઓ સાથે રાખવામાં આવતા ભેદભાવ બદલ નીચેનાં પરિબળોને આધાર ગણી શકાય:

૧. **જ્ઞાતિ અને વર્ગ:** અત્યંત નિમ્ન જ્ઞાતિઓ, એટલે કે કહેવાતી અસ્પૃશ્ય જ્ઞાતિઓ (અનુસૂચિત જાતિઓ કે દલિતો) વિરુદ્ધ આચરવામાં આવતો ભેદભાવ ભારતીય સંદર્ભમાં સૌથી તીવ્ર રહ્યો છે. મોટાભાગના દક્ષિણ એશિયામાં તેઓ ગુલામો હતા, તેમ કહેવું પણ અતિશયોક્તિ નહીં ગણાય. આ ઐતિહાસિક સંદર્ભથી ઊલટું, એ પણ સાચું છે કે પરિસ્થિતિમાં ઘણો ફેરફાર થયો છે. ખાસ કરીને ભેદભાવ પડકારવા માંગતી અનુસૂચિત જાતિઓની રાજકીય પ્રવૃત્તિઓ વધવાને કારણે જ્ઞાતિ આધારિત ભેદભાવનું પ્રમાણ ઘટી રહ્યું છે. એ સ્પષ્ટ છે કે આર્થિક વૃદ્ધિની સાથે એકંદરે સામાજિક દરજ્જા માટે આર્થિક વર્ગનું મહત્ત્વ વધ્યું છે અને જ્ઞાતિની ઓળખ કદાચ ધીમે ધીમે મહત્ત્વ ગુમાવી રહી છે. ચોક્કસપણે કહીએ તો, સ્વયં જ્ઞાતિમાં જ પરિવર્તન આવ્યું છે. શહેરી વિસ્તારોમાં, જ્ઞાતિ વિશે વાસ્તવમાં જે અભિપ્રાય પ્રવર્તે છે, તે બે દાયકા પહેલાંના અભિપ્રાય કરતાં ઘણો જ જુદો છે. 'ધાર્મિક શુદ્ધિ'ના ક્રમની દ્રષ્ટિએ જ્ઞાતિનું મહત્ત્વ ઘણું ઘટી ગયું છે, અને નવી રાજકીય લૉબી તથા નવા રાજકીય પક્ષોની દ્રષ્ટિએ તે મહત્ત્વનું પરિબળ બની રહે છે.

૨. **જાતિ (સ્ત્રી કે પુરુષ) આધારિત પરંપરાગત ભૂમિકા:** જાતિગત ભેદભાવ હેઠળ દક્ષિણ એશિયામાં મહિલાઓનો, જીવનના અધિકાર (રાઈટ ટુ લાઈફ - અત્યંત ક્રૂર કિસ્સા, જેમાં બાળકીની હત્યા કે સ્ત્રીભ્રૂણ હત્યા કરવામાં આવે છે) થી માંડીને ખોરાક, શિક્ષણ અને સમાન ગતિશીલતાની સમાન પ્રાપ્યતા વગેરે જેવાં વિવિધ સ્તરે બહિષ્કાર કરવામાં આવે છે. તેનો અર્થ એ કે મહિલાઓ તુલનાત્મક શિક્ષણથી વંચિત રહેતી હોવાથી તેમને નોકરીની સમાન તકો મળતી નથી. આ પાછળનું કારણ કદાચ પ્રભુત્વ ધરાવનારી ઉચ્ચ જ્ઞાતિઓના મૂળભૂત હિંદુત્વવાદી વિચારોમાં રહેલું છે, જેમ કે, વૃદ્ધ માતા-પિતાની કાળજી ફક્ત પુત્રોએ જ રાખવી જોઈએ, પુત્રીઓએ નહીં, એવું પ્રબળ સામાજિક ધોરણ. પાછલી અવસ્થાએ પુત્ર પર નિર્ભર રહેવાનું હોવાથી વસતિના

અમુક વર્ગોમાં પુત્રીઓ પાછળ નહીં, બલકે પુત્રો પાછળ રોકાણ કરવાનું પ્રબળ વલણ જોવા મળે છે. અર્થાત્, આ જૂથોમાં, આર્થિક દ્રષ્ટિએ અને સામાજિક દ્રષ્ટિએ મહિલાઓનું મૂલ્ય પુરુષો કરતાં ઓછું આંકવામાં આવે છે, પરિણામે તેમને પ્રાપ્ય થતી તકો પર તેનો સીધો પ્રભાવ વર્તાય છે.

૩. **જાતિ (વંશ):** વિશ્વના ઘણા દેશોમાં જાતિ એ બહિષ્કારનો પાયો છે. બહિષ્કારનું આ સ્વરૂપ અમેરિકા તથા વિશ્વના અન્ય દેશોમાં સામાન્ય હતું.

૪. **નૃવંશતાઃ** નૃવંશીય લઘુમતીઓના બહિષ્કારમાં નૃવંશતાનું નોંધપાત્ર પ્રદાન છે. ફકત નૃવંશીય લઘુમતીઓ જ નહીં, પણ અન્ય ઘણા લોકોને તેમની નૃવંશતાના આધારે બહિષ્કૃત કરવામાં આવે છે.

૫. **રાજકીય જોડાણ/અભિપ્રાયઃ** વિશ્વની કેટલીક રાજકીય વ્યવસ્થાઓ ફક્ત વ્યક્તિઓના રાજકીય જોડાણને કારણે તે વ્યક્તિઓનો બહિષ્કાર કરતી જોવા મળે છે.

૬. **શારિરીક, માનસિક કે ઈન્દ્રિયને લગતી વિકલાંગતાઃ** વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને તેમની વિકલાંગતાના આધારે બહિષ્કૃત કરવામાં આવે છે તથા તેમની સાથે ભેદભાવપૂર્ણ વ્યવહાર કરવામાં આવે છે.

**બહિષ્કાર/ભેદભાવથી પીડાતાં જૂથો**

સામાજિક અને સાંસ્કૃતિક ઓળખ, આર્થિક અને રાજકીય દરજ્જો તેમ જ શારીરિક, માનસિક કે ઈન્દ્રિયને લગતી વિકલાંગતાના આધારે ભેદભાવ/બહિષ્કારનો સામનો કરતાં જૂથો કે વ્યક્તિઓની દ્રષ્ટાંતરૂપ (સમાવેશક નહીં) યાદી આ પ્રમાણે છે.

- અસ્તિત્વ અને ઓળખ ટકાવી રાખવા માટે મથતા મૂળ નિવાસીઓ (આદિવાસીઓ)
- વિસ્થાપિત મૂળનિવાસીઓ અને દલિતો
- વિસ્થાપિત લોકો
- લાંછનરૂપ વ્યવસાયો સાથે સંકળાયેલી વ્યક્તિઓ
- મહિલાઓ
- એચઆઈવી અને એઈડ્ઝ તથા અન્ય લાંછનરૂપ બીમારીઓથી પીડાતા દર્દીઓ
- વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ
- મુશ્કેલી ભરેલી પરિસ્થિતિમાં જીવતાં બાળકો
- લઘુમતી જૂથો
- કાળો વર્ણ ધરાવનારા લોકો

**બહિષ્કાર/ભેદભાવના સૂચકો**

ભેદભાવ અને બહિષ્કારના સ્પષ્ટ સૂચકોની વ્યાપક યાદી આ પ્રમાણે છેઃ

૧. નબળું આરોગ્ય, શિક્ષણ, આવક અને સામાજિક તકો.
૨. અસલામતી, અને તેમની સ્થિતિમાં સુધારો લાવવાની ઓછી શક્યતાઓ.
૩. મુખ્ય પ્રવાહની ઔપચારિક સંસ્થાઓ અને વ્યવસ્થાઓ સાથે નબળાં જોડાણો તથા વ્યવસ્થાઓ પર નહિવત્ પ્રભાવ.
૪. પ્રભાવશાળી જૂથોનાં હિતોને સાચવવા માટે રાજ્યના પક્ષે જરૂરી ઈચ્છાશક્તિનો અભાવ તેમ જ હિતોનાં વર્ચસ્વ ખાળવા માટે રાજ્યની અક્ષમતા.
૫. પ્રભાવિત થયેલાં જૂથોએ સતત અન્યાયનો સામનો કરવો પડે છે.

**બહિષ્કાર/ભેદભાવની અસરો**

વિકાસલક્ષી સંસ્થાઓનું કાર્ય મુખ્યત્વે અત્યંત ગરીબ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો પર કેન્દ્રિત હોય છે. તેથી, સંસ્થાઓ બહિષ્કાર અને ભેદભાવથી પીડિત સમાજના આ વર્ગો તરફ અન્ય લોકોનું ધ્યાન દોરે છે. આ વર્ગો સાથેનું જોડાણ મજબૂત, પરિપૂર્ણ અને વિસ્તૃત બને તે જરૂરી છે, જેથી માળખાગત સુધારણા તરફના તેમના સંઘર્ષને સક્રિય સામેલગીરી અને સહભાગિતા થકી આગળ ધપાવી શકાય.

વિપરિત સામાજિક અને આર્થિક પરિણામો પાછળનાં કારણો સમજવાં પણ જરૂરી છે. તે ઉપરાંત, તેમના પર લાદવામાં આવેલાં બંધનો અને તેમણે ભજવવાની ભૂમિકા વિશે તેઓ જાણકારી મેળવે એ પણ એટલું જ મહત્ત્વપૂર્ણ છે. તે ઉપરાંત, બહિષ્કૃત જૂથોના સભ્યોએ, સમાજ જે રીતે તેમને જૂએ છે તેનો કેવી રીતે સ્વીકાર કર્યો છે કે તે વિરુદ્ધ કેવી રીતે બળવો પોકાર્યો છે તેની જાણકારી મેળવવી જરૂરી છે.

**બહિષ્કાર/ભેદભાવ અને વિકલાંગતા**

કહેવાતી વિકાસલક્ષી સંસ્થાઓ દ્વારા વિકલાંગતા વિશેના પ્રશ્નો વિશે ઓછી ચર્ચા કરવામાં આવે છે અને તે પ્રશ્નો પર ઓછું ધ્યાન આપવામાં આવે છે. ભેદભાવ, માનભંગ, વંચિતતા, ઈનકાર,

અમાનવીયકરણ વગેરે જેવી પરિસ્થિતિઓ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓએ વિવિધ વૃત્તિજન્ય, પરિસ્થિતિજન્ય અને સંસ્થાકીય અવરોધો સ્વરૂપે ડગલેને પગલે સહન કરવી પડે છે. વિકલાંગ મહિલાઓ તથા બાળકો અને ગ્રામીણ વિસ્તારોમાં રહેનારી તેમજ ઉપલબ્ધતા મળવી મુશ્કેલ હોય તેવા વિસ્તારોમાં રહેતી વિકલાંગ વ્યક્તિઓએ સૌથી વધુ મુશ્કેલી સહન કરવી પડે છે. એ સાચે જ શરમજનક બાબત છે કે ભારત સહિતના ઘણા દક્ષિણ એશિયન દેશોમાં, સરકારને નીતિઓ ઘડવામાં અને કાર્યક્રમોની રૂપરેખા ઘડવામાં મદદરૂપ બની શકે તેવા વિકલાંગતા વિશેના આધારભૂત આંકડાઓ તથા વિગતો જ પ્રાપ્ય નથી. પરિણામે, સરકાર તેમ જ નાગરિક-સમાજ સંગઠનો, માનવજાતિના વિકાસ માટે પ્રદાન આપવાની વિપુલ સંભાવના ધરાવતા એક નોંધપાત્ર વર્ગ માટે સામાન્ય અભિગમ અપનાવીને સંતોષ માને છે. નામશેષ થવાને આરે આવીને ઊભેલી પ્રજાતિઓની સંખ્યા વિશેના આંકડાઓ ઉપલબ્ધ છે, પરંતુ માનવજાતિના જ એક નોંધપાત્ર વસતિના સમુદાય વિશે હજી એવી આધારભૂત આંકડાકીય માહિતી ઉપલબ્ધ નથી તે સાચે જ દયનીય બાબત છે. ભારત સહિતના કેટલાક દક્ષિણ એશિયન દેશોમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓના હક્કોનું રક્ષણ કરતા કેટલાક કાયદાઓ અસ્તિત્વ ધરાવતા હોવા છતાં, અનુભવના આધારે એમ કહી શકાય કે આ કાયદાઓ ન્યાય મેળવવા માટે ચાવીરૂપ અને વાસ્તવિક હોવા કરતાં પ્રતીકાત્મક વધુ છે.

## સમાવેશકતા વિરુદ્ધ બહિષ્કાર

### સમાવેશકતા

બહિષ્કૃત થવાથી કેવી લાગણી અનુભવાય છે ? જો કોઈને બહિષ્કૃત થયા હોવાની લાગણીની કલ્પના કરવાનું કહેવામાં આવે, તો કયા શબ્દો મોઢે આવે છે ? લોકોની તાત્કાલિક પ્રતિક્રિયા કંઈક આવા શબ્દોરૂપે વ્યક્ત થતી હોય છેઃ ‘ડરામણી લાગણી અનુભવાય, એકાકી, એકલવાયાપણું લાગે, ભય પામી જવાય, દુઃખી થઈ જવાય; પાગલ, નિરાશ, હતાશ થઈ જવાય,’ વગેરે. જ્યારે વ્યક્તિને આવકાર મળતો હોય, સમાવેશ થતો હોય, ત્યારે કેવી લાગણી અનુભવાય છે? તેવું પૂછાતાં જવાબ હોય છેઃ ‘ઘણું સારું લાગે છે, ખૂબ ગમે છે, રોમાંચિત થઈ જવાય, મારું મહત્ત્વ હોવાની લાગણી થાય, હૂંફ લાગે, તુદરસ્ત,’ વગેરે. આ પ્રતિભાવો સાર્વત્રિક છે. કોઈ પણ વયનાં બાળકોમાં, તમામ દેશોના લોકોમાં, યુવાનો, સ્ત્રીઓ, પુરુષોમાં આ જવાબો સમાન રહે છે. જ્યારે લોકોનો સમાવેશ કરવામાં આવે, તેમને આવકાર આપવામાં આવે, ત્યારે તેઓ સારી લાગણી અનુભવે છે. સમાવેશકતા એ શિક્ષણ મેળવવા માટેની પૂર્વશરત છે, જ્યારે બહિષ્કાર એ દુઃખ, એકાકીપણા અને સંઘર્ષ માટેની પૂર્વશરત છે. સ્વામિત્વભાવ એ પ્રાસંગિક નહીં, બલકે અસ્તિત્વ માટેની પ્રાથમિકતા છે. આમ, બહિષ્કાર વ્યક્તિને મારી નાખે છે. - શારીરિક રીતે અને/અથવા માનસિક રીતે. બહિષ્કારની પીડાને ‘મારવી’એ શીખીને મેળવેલું કૌશલ્ય છે. પુખ્ત વયની વ્યક્તિઓ ઘણી વખત દારૂ, નશીલાં દ્રવ્યો અને વળગણનો આશરો લઈને દુઃખ ભૂલવાનો વિકલ્પ પસંદ કરે છે.

સમાવેશકતા એ ઘરનો પાયો છે. તે માનવીના પૂર્ણ અને તંદુરસ્ત વિકાસ તથા વૃદ્ધિની બાંયધરી નહીં, બલકે પૂર્વશરત છે. રૅન્ડમ હાઉસ કૉલેજ ડિક્શનરીમાં ‘સમાવેશક્તા’ને વિશેષણ તરીકે દર્શાવીને તેનો અર્થ આપવામાં આવ્યો છે. - ‘સમાવવું, અપનાવવું, સ્વીકારવું’. રોગેટના સમાનાર્થક શબ્દકોશ (ચોથી આવૃત્તિ)માં ‘સમાવેશક’નો અર્થ થાય છે ‘સાથે’.

**બહિષ્કાર વિશેની કેટલીક ધારણાઓ આ પ્રમાણે છેઃ**

- દરેક વ્યક્તિનાં ક્ષમતા કે મૂલ્ય એકસમાન નથી હોતાં.
- સમાન તક આપવી વ્યવહારુ રીતે શક્ય નથી.
- જે શ્રેષ્ઠ હોય તેની પસંદગી કરવી જોઈએ અને તાલીમ પૂરી પાડવી જોઈએ, જે બાકીના લોકોની કાળજી લઈ શકે.

સમાવેશ એ વિરુદ્ધ છે અને તે વિરોધી ધારણાઓથી કામ કરે છેઃ

- મૂલ્યની દ્રષ્ટિએ દરેક વ્યક્તિ વિશિષ્ટ છે, જોકે, દરેક વ્યક્તિ આગવી ક્ષમતા ધરાવે છે.
- તમામ લોકો શીખવાની ક્ષમતા ધરાવે છે અને પ્રદાન કરી શકે છે.
- દરેક વ્યક્તિને કંઈક પ્રદાન કરવાની તક આપવાની બધાની જવાબદારી છે.

સમાવેશકતા માટેનો માપદંડ, આઈક્યુ, આવક, રંગ, વંશ, લિંગ કે ભાષા નહીં, પરંતુ જીવિત હોવું એ છે. સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોનો છેદ ઉડાવી દેવો એ અનૈતિક, વિસંગત અને રાજકીય રીતે અસ્વીકૃત છે.

### ભેદભાવ

જ્યારે અન્ય લોકો કે જૂથો વિશે કારણ વિના અભિપ્રાય બાંધી લેવામાં આવે, ત્યારે ઘણી વખત તે અન્યાયી ભેદભાવ તરફ દોરે છે. પૂર્વગ્રહ અને ભેદભાવ ઘણાં પરિબળો દ્વારા સર્જવામાં આવે છે, જે

પૈકીનાં કેટલાંક પરિબળો વધુ તીવ્ર અને ઊંડી નુક્સાનકારક અસરો ઉપજાવે છે. ઘણી વખત, જો પૂર્વગ્રહ આઘાતજનક અનુભવ દ્વારા ન ઉદ્ભવ્યો હોય, તો તે સહેલાઈથી ભૂલી શકાય છે. ભય, અપરાધભાવ, શરમ, સંકોચ, નૈતિકતા વગેરે જેવાં પરિબળો પૂર્વગ્રહ કે પક્ષપાતને મજબૂત કરે છે. ફ્રોઇડના સિદ્ધાંત અનુસાર પૂર્વગ્રહને ધ્યેય અને હેતુ હોય છે. પોતાની જ સંસ્કૃતિમાં લોકોને નિમ્ન સ્થાન ધરાવનાર ગણાવવા એ પૂર્વગ્રહનો હેતુ હોય છે. જ્યારે પૂર્વગ્રહયુક્ત વર્તન અને વલણનું ધ્યેય દુઃખના અનુભવોમાંથી ઉદ્ભવતા ક્રોધાવેશમાંથી છૂટકારો મેળવવાનું હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો, આપણે આપણી જાતને શક્તિહીન અને અપૂરતા અનુભવીએ છીએ એટલે જ આપણે બીજા સાથે ભેદભાવ કરીએ છીએ. ભેદભાવ સાબિત કરવો ઘણી વખત મુશ્કેલ હોય છે, ખાસ કરીને જ્યારે તે નિશ્ચિત કાયદામાં વ્યક્ત ન કરવામાં આવ્યો હોય અથવા તો જ્યારે મુશ્કેલી વિશે જાણકારી મેળવવા માટે વર્ચસ્વ ધરાવનારાં જૂથોમાં પ્રતિબદ્ધતાનો અભાવ વર્તાતો હોય. આ માટે ભેદભાવનાં સ્પષ્ટ લક્ષણો પર ધ્યાન આપવું જરૂરી છે. ભેદભાવના સ્પષ્ટ નજરે ચઢતાં સ્વરૂપો પૈકીનું એક સ્વરૂપ એ હકીકતમાં પ્રતિબિંબિત થાય છે કે વિકાસશીલ અને ઔદ્યોગિક દેશોમાં દલિતો, મહિલાઓ, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તથા વૃદ્ધ વયના લોકો ગરીબ હોવાની ટકાવારી ઘણી ઊંચી છે. ભેદભાવનું વધુ એક દેખીતું સ્વરૂપ એ છે કે ચાવીરૂપ સામાજિક, રાજકીય અને આર્થિક સંસ્થાઓમાં દલિતો, લઘુમતીઓ, મૂળનિવાસીઓ, મહિલાઓ અને વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને સામેલ કરવામાં આવતાં નથી. ગરીબી અને બહિષ્કાર પાછળનું મુખ્ય કારણ ભેદભાવ છે, એ સિદ્ધ કરવું મુશ્કેલ હોવા છતાં, ગરીબી અને બહિષ્કારનાં અન્ય સ્વરૂપો હાંસિયામાં ધકેલાઈ ગયેલાં જૂથોમાં વધુ પ્રચલન ધરાવે છે તે હકીકત સૂચવે છે કે ભેદભાવ એ મુખ્ય પરિબળ હોઈ શકે છે.

માહિતીની મર્યાદાઓને કારણે પણ ભેદભાવમાંથી બહિષ્કાર જન્મતો હોવાની હકીકત સિદ્ધ કરવી વધુ મુશ્કેલ બને છે. પરંતુ, ઘણા કિસ્સાઓમાં ભેદભાવ એ લઘુમતીઓ, મૂળનિવાસીઓ, વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ વગેરેનો બહિષ્કાર કરવા પાછળનું મુખ્ય પરિબળ હોવાની પૂરતી સાબિતી મળી રહે છે. ગરીબી અને અસમાનતા ઘટાડવાનો ઉદ્દેશ્ય ધરાવતી વિકાસ નીતિ પર તેની ગંભીર અસરો ઉપજે છે. આર્થિક બહિષ્કારને ખાળવા માટેની નીતિગત વ્યૂહરચનાઓને મજબૂત કરવા માટે વિકલાંગતા, નૃવંશ, ધાર્મિક કે ભાષાકીય જૂથના આધારે રાખવામાં આવતા ભેદભાવની તપાસ થવી જોઈએ. વિકલાંગતા ધરાવતા બાળકને શાળા કે વર્ગમાં દાખલ કરાવી દેવાથી સમાવેશ થઈ ગયો એમ ન કહેવાય. એ તો એક નાનકડું પગલું છે. ખરેખર તો વૈવિધ્ય, ભેદ વગેરે બાબતે કઈ રીતે વ્યવહાર કરવામાં આવે છે એ જોવાનું છે. સમાવેશકતાનો અર્થ એ નથી કે દરેક વ્યક્તિ સમાન છે. તેનો અર્થ એ નથી કે સૌ એકમત ધરાવે છે. ઊલટું, સમાવેશકતા વૈવિધ્યને આદર સાથે આવકારે છે. વૈવિધ્ય જેટલું વિશાળ બને, નવા ધ્યેયનું સર્જન કરવાની વ્યક્તિની ક્ષમતા પણ એટલી જ સમૃદ્ધ બને છે. સમાવેશકતા એ વંશવાદ અને જાતિવાદનું મારણ છે, કારણ કે તે આ વિભિન્નતાઓને આવકારે છે અને તેને ઊણપ તરીકે નહીં, બલકે ક્ષમતા તરીકે મૂલવે છે. ઉજળા, તેજસ્વી અને મધ્યમ વર્ગને સમાવેશકમાં ગણવામાં આવે ત્યારે તે હાસ્યાસ્પદ બની જાય છે. અન્ય (સામાન્ય) વ્યક્તિઓ કરતાં જુદી દેખાતી, જુદું વર્તન કરતી કે જુદું વિચારતી વ્યક્તિઓને કેવા દ્રષ્ટિકોણથી જોવામાં આવે છે, તે બાબત સમાવેશકતા સાથે સંબંધિત છે. આંતરિક મૂલ્યો ક્રિયા અને પ્રતિક્રિયામાં વ્યક્ત થતાં હોય છે. તે પૈકીની કેટલીક ક્રિયા-પ્રતિક્રિયાઓ આઘાતજનક પણ હોઈ શકે છે. જો કોઈ વ્યક્તિ ચાલવા, બોલવા કે હલન-ચલન કરવા માટે સક્ષમ ન હોય, તો તે કેવી લાગણી અનુભવશે? જો કોઈ વ્યક્તિ અકસ્માતવશ વિકલાંગ થઈ ગઈ હોય, તો તે કેવી લાગણી અનુભવશે? અને હવે એક એવો સવાલ, જેનો દરેક વ્યક્તિએ સામનો કરવો પડે છે, ઉંમર વધવા સાથે કેવી લાગણી અનુભવાતી હોય છે? તેઓ ક્યાં રહેશે? જ્યારે તેમને જરૂર હશે, ત્યારે શું લોકો (તેમનો પરિવાર તથા મિત્રો) તેમને મદદ કરશે, કે પછી તેમને હાંસિયામાં ધકેલી દેશે? શું મૃત્યુની રાહ જોતાં - જોતાં તેઓ નિઃસહાય અને નિરાશાની અવસ્થામાં હૉસ્પિટલના બિછાને જીવન પૂરું કરશે? તેઓ જ્યારે ઘરડાં થશે ત્યારે તેમનું શું થશે? આવા પ્રશ્નો કષ્ટદાયી હોઈ શકે છે, પણ આવી તપાસ નવા વ્યક્તિગત ભવિષ્યના ઘડતરની શરૂઆત હોઈ શકે છે. આ કક્ષાના પડકારો સાથે જીવતા લોકો માટે માનવતા દાખવવા અને કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે આપણે બંધાયેલા છીએ.

**સમાવેશકતા એટલે શું?**

- સમાવેશકતા દરેક વ્યક્તિ સાથે સંબંધિત છે.
- સમાવેશકતા એટલે સાથે મળીને શીખીને પૂર્ણ જિંદગી જીવવી.
- સમાવેશકતા વિશ્વને જીવનભર માટે વર્ગખંડમાં રૂપાંતરિત કરે છે.
- સમાવેશકતા વૈવિધ્યને સ્વીકારે છે અને સમુદાયનું ઘડતર કરે છે.
- સમાવેશકતા ભેટરૂપી 'ક્ષમતાઓ' સાથે અને તેનું આદાન-પ્રદાન કેવી રીતે કરવું તેની સાથે સંબંધિત હોય છે.
- સમાવેશકતા એ કેવળ 'વિકલાંગતા'નો મુદ્દો નથી.

૧૯૫૫માં રોઝા પાર્ક્સ નામની નિડર મહિલાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો. તે પૂર્ણપણે સમાજમાં સામેલ થવા માંગતી હતી, પરંતુ 'કાળા લોકો' (બ્લૅક, નિગ્રો) તરીકે ઓળખાતાં લોકો સાથે ઘણો ભેદભાવપૂર્ણ વ્યવહાર થતો હતો. રોઝા બ્લૅક હતી. એક વખત રોઝા બસમાં 'ગોરા' લોકો માટે આરક્ષિત રાખવામાં આવેલી સીટ પર બેસી ગઈ. જ્યારે, કાળા લોકો માટેની સીટ બસની પાછળના ભાગમાં હતી. રોઝાને સીટ ખાલી કરીને 'કાળા' લોકો માટેની સીટ પર જવાનું કહેવામાં આવ્યું. રોઝાએ તે સીટ છોડવાનો ઈન્કાર કર્યો. તેની ધરપકડ થઈ. આમ, ઈતિહાસને પડકારવામાં આવ્યો અને ઈતિહાસ બદલાયો. આ શક્ય બન્યું, કારણ કે રોઝા પાર્ક્સે આ ભેદભાવભર્યા વ્યવહારનો વિરોધ કર્યો. તેણે સમાવેશકતા માટે અવાજ ઉઠાવ્યો હતો.

'સમાવેશકતા' માટેનો આવો જ અવાજ હાલના સમયમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ દ્વારા ઉઠાવવામાં આવ્યો છે. જેમની ક્ષમતાઓને નજરઅંદાજ કરવામાં આવી હોય તેવા લોકો એવી લાગણી અનુભવે છે કે સમાજમાં પૂર્ણપણે સામેલ થવાના તેમના અધિકારનું સમુદાય દ્વારા ગૌરવ જાળવવામાં આવતું નથી. તેના ભાગરૂપે વ્હિલચૅર માટેના રૅમ્પની સંખ્યા વધારવાની, બ્રેઈલમાં વધુ સંકેતો અને સામગ્રીઓ ઉમેરવાની, સામુદાયિક આવાસ વગેરે માટેની માગણી કરવામાં આવે છે. અમેરિકન્સ વિથ ડિસેબિલિટિઝ ઍક્ટ 'સમાવેશકતા'ના અવાજને સાંભળવાના પ્રયાસનું પ્રતિનિધિત્વ કરે છે. જોકે, સ્વીકૃત વ્યાખ્યાની શોધ અને સમાવેશકતા એટલે જેમને સામેલ ન થવા દેવાયા હોય તે લોકોને આવકારવા. આ અર્થને વુધુ મજબૂત કરવો જોઈએ. આ વ્યાખ્યાની નબળાઈ સ્પષ્ટ નજરે ચઢે છે. અન્ય લોકોને સામેલ કરવાની સત્તા કે અધિકાર કોને છે? અને સામેલ કરનારા લોકો સ્વયં કેવી રીતે સામેલ થયા? અને બહિષ્કાર કોણ કરે છે? હવે, દરેક વ્યક્તિ જન્મથી જ સમાવિષ્ટ છે તે સ્વીકારવાનો સમય આવી ગયો છે. અન્ય લોકોને સામેલ કરવાનો અધિકાર કોઈને ન હોવાથી, બહિષ્કારનું સમર્થન કરનારા તમામ અવરોધો દૂર કરવાની, સમાજના દરેક વ્યક્તિની જવાબદારી છે. સમાવેશકતા એટલે શું? સમાવેશકતા એટલે એ સ્વીકારવું કે કોઈ પણ વ્યક્તિ એકસમાન ન હોવા છતાં, દરેક વ્યક્તિ આગવાપણું ધરાવે છે. સમાવેશક્તાનો અમલ એટલે બહિષ્કારનો, તેમ જ બહિષ્કાર થકી જન્મતાં તમામ સામાજિક દુષણો (જેમ કે, વંશવાદ, જાતિવાદ વગેરે) નો સમાવેશ કરવો. સમાવેશકતા માટેની લડાઈમાં, સહાય મેળવવા માંગનારા તમામ લોકોને આવી સહાય-વ્યવસ્થાઓ મળી રહે તે સુનિશ્ચિત કરવાનો પણ સમાવેશ થાય છે. સહાય-વ્યવસ્થા પૂરી પાડવી તેમ જ તેની જાળવણી કરવી એ તરફેણ નહીં, બલકે નાગરિક જવાબદારી છે. સૌ સમાવિષ્ટ છે - એ સત્યનો સ્વીકાર થશે, ત્યારે સમાજમાં તાત્કાલિક સુધારણા હાથ ધરાશે.

**સમાવેશકતા એટલે પરિવર્તન**

સમાવેશકતા એટલે પરિવર્તન! એવું મનાય છે કે સમાવેશકતા અને પરિવર્તન એ બંને અનિવાર્ય છે. સામાવેશકતા વિશેની સેંકડો મિટિંગમાં ભાગ લેવો બોધપ્રદ બની રહે છે., ત્યારે ગણતરીની મિનિટોમાં એ સ્પષ્ટ થઈ જાય છે કે સમાવેશકતા એ કેવળ મુદ્દો જ છે. વાસ્તવિક મુદ્દો છે - પરિવર્તનનો ભય! શિક્ષણ અને માનવ સેવા સાથે સંકળાયેલી ઘણી વ્યક્તિઓને પોતાની નોકરી ગુમાવી દેવાનો ભય સતાવે છે, નવી જવાબદારીઓનો ભય સતાવે છે, જે વિષયની સમજ ન હોય તે વિષયનો ભય સતાવે છે. પોતાના બચાવમાં તેઓ કહે છે, પણ અમારી પાસે પૂરતા પૈસા નથી. "પણ, અમને એ લોકોની કાળજી લેવાની તાલીમ નથી મળી! પણ મેં વિશિષ્ટ શિક્ષણની પસંદગી નહોતી કરી! પણ મારી પાસે અભ્યાસક્રમની માર્ગદર્શિકાઓ નથી અને તેમના માટે વિશેષ અભ્યાસક્રમ તૈયાર કરવાનો મારી પાસે સમય નથી. બાકીના બાળકોએ સહન કરવું પડશે!" આ તમામ વાક્યપ્રયોગો જાણીતા છે. તેમને ધ્યાનપૂર્વક સાંભળશો, તો જણાશે કે, મોટાભાગનાં 'પરંતુ' 'હું' કે 'મારા' વિશે છે. અન્ય બાળકો વંચિત રહી જવાના સંદર્ભમાં વપરાયેલાં 'પરંતુ', સહકારી શિક્ષણ અને સહાધ્યાયી પાસેથી શીખવા વિશેનું અજ્ઞાન છતું કરે છે. આ વાક્યપ્રયોગો વાપરવા પાછળનો ગર્ભિત અર્થ કંઈક આવો હોય છે - 'મને એવી બીક સતાવે છે કે મને બધું નથી આવડતું એ લોકો જાણી જશે. મારે આ નથી કરવું'. 'મને બીક લાગે છે'. લોકો તેમની નૈતિકતા, ખામીઓનો સામનો કરવાથી ડરતા હોય છે. ઊંડે-ઊંડે ધરબાયેલો આ ભય સંસ્કૃતિની ઉપજ છે. તે લોકોને દૂર રાખવાનું આપણને શીખવવામાં આવ્યું છે, પણ હવે સૌ જાણે છે કે લોકોને દૂર હડસેલવાનો નિર્ણય એ વિનાશ તરફનું પગલું છે. આ ભયનો આપણે સામનો કરવો જોઈએ, અને સૌને સામેલ કરવા જોઈએ. આ કરવાથી અસ્વસ્થતા અનુભવાશે, અને થોડી ક્ષણો માટે આ કામગીરી અત્યંત કપરી પણ બની રહેશે પણ ભય શમી જશે.

**સમાવેશકતા આડેના સંભવિત અવરોધો**

વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને **નીચેની પ્રવૃત્તિઓ** કરવામાં અવરોધરૂપ બનનારાં સંભવિત અંતરાયોની ચર્ચા સતત થતી રહે છે.

- સમુદાય, સમાજ અને રાષ્ટ્રના એકસમાન સભ્યો અને નાગરિકો

તરીકે કહેવાતા વિકલાંગતા ન ધરાવનારા સાથી-સભ્યો સાથે જીવનનાં સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃત્તિક, ધાર્મિક તેમ જ અન્ય બાબતોમાં ભાગ લેવો.
- સ્વ, પરિવાર, સમાજ, સમુદાય, દેશ અને વિશ્વના વિકાસમાં યોગદાન આપવું.
- સ્વમાનભેર જીવવા માટેનાં તેમનાં વ્યક્તિગત લક્ષ્યો, સ્વપ્નો અને મહત્ત્વકાંક્ષાઓ જાણવાં.
- સ્વમાનભેર જીવવા માટેના તેમના અધિકારો જાણવા, તેનું રક્ષણ કરવું અને તે મેળવવા.

સંભવિત અંતરાયોને વ્યાપકપણે આ રીતે વર્ગીકૃત કરી શકાય છેઃ
**ક. અભિગમને લગતા અવરોધોઃ** વિશાળ સમુદાયના, વિકલાંગ વ્યક્તિઓ તરફના નકારાત્મક અભિગમો તે વ્યક્તિને વધુ વંચિત અને દયનીય સ્થિતિમાં લાવી મૂકે છે. આ અભિગમો ગેરસમજ અને માન્યતાઓ દ્વારા મજબૂત થાય છે. વિશાળ સમુદાયના દિમાગમાં આ કલ્પનાઓ અને ગેરસમજોનાં મૂળ ઘણે ઊંડે સુધી ઘર કરી ગયાં હોય છે. સમુદાય હંમેશાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને નિઃસહાય, દાન-દયાને પાત્ર, આશ્રિત, ભિખારી, નબળા, વંચિત અને પોતાના કરતાં ઊતરતા ગણે છે. આ પરંપરાગત અને નકારાત્મક અભિગમો કદી પણ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને તેમની ક્ષમતા પુરવાર કરવાની તથા તેમને સ્વાવલંબી બનાવવાની તક નથી આપતા. નકારાત્મક અભિગમોને સહાનુભૂતિ, દયા, અનુકંપા, ઉપેક્ષા, વધુ પડતું રક્ષણ, દાન અને બાકાત રાખવાના સ્વરૂપ તરીકે જોઈ શકાય. અભિગમને લગતા આ અવરોધો અજ્ઞાનને કારણે પણ હોઈ શકે. સમુદાય કે સમાજ, વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓના પ્રશ્નોથી અજાણ હોય છે, જેના કારણે તેઓ કદી પણ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની લાગણીઓને સમજી શકતાં નથી. ભેદભાવ, બહિષ્કાર, દાન, લઘુતાગ્રંથિ અને ગુરુતાગ્રંથિની લાગણી, તકોથી વંચિતતા વગેરે નકારાત્મક અભિગમો સ્વરૂપે વ્યક્ત થાય છે.

**ખ. સંસ્થાકીય અવરોધોઃ** સંસ્થાકીય અવરોધોમાં નીતિઓ, પ્રક્રિયાઓ, કાયદાઓ, ધોરણો, નિયમો, યોજનાઓ, કાર્યક્રમો, કાયદાઓ તેમ જ સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાનાં અન્ય લેખિત કે બિન-લેખિત એવાં બંધારણીય માળખાંઓનો સમાવેશ થાય છે, જે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તે સમાજના સમાન નાગરિકો તરીકે બાકાત રાખતાં હોય અને તે સંસ્થાઓ, યોજનાઓ, કાર્યક્રમો, નીતિઓ, કાયદાઓની સેવાઓની ઉપલબ્ધતા આડે અવરોધરૂપ બનતાં હોય. આ સંસ્થાકીય અવરોધો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને દૂર રાખે છે એટલું જ નહીં, સાથે-સાથે તે સમાજના આ વંચિત વર્ગના માનવ અધિકારોનું પણ રક્ષણ નથી કરતા. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે આ સંસ્થાઓ પ્રાપ્ય હોતી નથી, બીજું કે નીતિઓ તથા પ્રક્રિયાઓ તેમને બહિષ્કૃત કરે છે. સૌથી મોટો ગેરફાયદો એ રહે છે કે, આ પ્રક્રિયાઓ વિશેની માહિતી વિકલાંગ વ્યક્તિઓ માટે ઉપલબ્ધ હોતી નથી. વિકલાંગતાની વિભાવનાનો અભાવ આ સંસ્થાકીય માળખાંઓને વિકલાંગતા-વિરોધી બનાવે છે અને વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ માટે તે અવરોધરૂપ બને છે.

**ગ. ભૌતિક કે માહોલને લગતા અવરોધોઃ** ભૌતિક કે માહોલને લગતા અવરોધોમાં ઈમારતો, માર્ગો, પરિવહન સુવિધાઓ જેવાં માળખાકીય અવરોધો, બગીચાઓ, સ્ટેડિયમ, રમત-ગમતનાં મેદાનો, ધાર્મિક સ્થળો, મનોરંજનનાં સ્થળો, કાયદાકીય સ્થળો, રાજ્ય અને કેન્દ્રીય ધારાસભાઓ જેવાં જાહેર સ્થળો તથા વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને આ માળખાંઓની સેવાઓનો લાભ લેતાં અટકાવતાં કે તેમાં પ્રવેશતાં અટકાવતાં, અન્ય કુદરતી માનવ સર્જિત માળખાંઓનો સમાવેશ થાય છે. માહિતીની ઉપલબ્ધતા એ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ માટે મૂળભૂત પ્રશ્ન છે. વર્તમાન માહિતી ઉપલબ્ધ નથી કારણ કે, તે ઉપલબ્ધ થઈ શકે તેવા સ્વરૂપમાં નથી. જાહેર સ્થળોએ સાંભળવાની સૂચનાઓ કે સંકેતો, સાંભળવા માટે સક્ષમ ન હોય તેવી વ્યક્તિઓ માટે ઉપલબ્ધ નથી હોતાં. જોઈ શકાય તેવી નિશાનીઓ તેમ જ સંકેતો, દ્રષ્ટિની ખામી ધરાવનારી વ્યક્તિઓ માટે કામની નથી. લેખિત કે મુદ્રિત સ્વરૂપની માહિતી, દ્રષ્ટિની ખામી ધરાવનારી વ્યક્તિઓ માટે ઉપલબ્ધ હોતી નથી. ઉપલબ્ધતામાં સ્થળો, માળખાંઓ, ઈમારતો સુધીની પહોંચ, માહિતી સુધીની પહોંચ, સેવા તથા સમાજની અન્ય તકો સુધીની પહોંચનો સમાવેશ થાય છે.

**ઘ. કાનૂની અવરોધોઃ** કાનૂની અવરોધોને વ્યાપકપણે ચાર પ્રકારે વર્ગીકૃત કરી શકાય, જે નીચે મુજબ છેઃ

**૧. વિકલાંગતા વિરોધી કાયદાઓ, નીતિઓ તથા આદેશોઃ**
લગભગ તમામ કાયદાઓ, નીતિઓ અને આદેશો, વિકલાંગતા વિરોધી સ્વરૂપ ધરાવે છે. આ કાયદાઓમાં વ્યક્ત થયેલી અભિવ્યક્તિઓ વિકલાંગતા વિરોધી છે અને તે વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓના માનવ હક્કો તથા હિતોનું રક્ષણ કરવાને બદલે આવી વ્યક્તિઓનો બહિષ્કાર કરે છે. કેટલાક વિકલાંગતા વિરોધી કાયદાઓ અને નીતિઓ ભારતના મુખ્ય રાજકીય પક્ષોનાં જાહેરનામા (૨૦૦૪) છે અને તેમાં દેશના ફક્ત સક્ષમ (વિકલાંગતા ન ધરાવનારા ) લોકોને જ

આજીવિકાની તકોનું સર્જન કરવાનું જણાવવામાં આવ્યું છે. ભારત સરકારના ૨૦૦૪ના કોમન મિનિમમ પ્રૉગ્રામમાં પણ તેનો જ પુનરોચ્ચાર કરવામાં આવ્યો છે. આજીવિકા કાર્યક્રમમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી. રોજગાર બાંયધરી અધિનિયમ પરના બિલમાં આજીવિકાની તકોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સામેલ કરવામાં આવી નથી. ૧૯૭૨નો મેડિકલ ટર્મિનેશન ઑફ પ્રેગનન્સી ઍક્ટ, દંપતીને વિકલાંગ ગર્ભનો ગર્ભપાત કરાવી નાંખવાની છૂટ આપે છે, જે વિકલાંગતા વિરોધી છે.

**૨. સામાન્ય કાયદાઓ, નીતિઓ અને આદેશોમાં 'વિકલાંગતા' શબ્દની ગેરહાજરી:**

લગભગ તમામ નીતિઓ અને કાયદાઓ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને બાકાત રાખે છે. માનવ અધિકારોને લગતા મોટાભાગના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદાઓમાં વિકલાંગતાની અભિવ્યક્તિ કરવામાં આવી નથી, પરંતુ જાતિ, વંશ, જ્ઞાતિ, વર્ગ, વર્ણ(રંગ) તથા અન્ય પ્રકારોની અભિવ્યક્તિ કરવામાં આવી છે. માનવ હક્કોના આંતરરાષ્ટ્રીય દસ્તાવેજોમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ વિશે કોઈ ઉલ્લેખ નથી. આ દસ્તાવેજોમાં હક્કોના ઘોષણાપત્રો, લઘુમતીઓના હક્કો તથા અન્ય સમજૂતીઓ, આંતરરાષ્ટ્રીય કાયદાઓ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે, પરંતુ તે પૈકી કોઈમાં વિકલાંગતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ભારતના બંધારણના ભેદભાવ વિરોધી કાનૂનમાં પણ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને બાકાત રાખવામાં આવી છે. દેશના વંચિત વર્ગોના રક્ષણ માટેના કાયદામાં વિકલાંગતાનો કોઈ ઉલ્લેખ નથી. વિકલાંગ વ્યક્તિઓના રક્ષણ માટેના સામાન્ય કાનૂનો અને નીતિઓના અમલ વિશે ન્યાયતંત્ર પાસે કોઈ જાણકારી નથી. આ દેશનો કાનૂન વિકલાંગ વ્યક્તિઓ પર પણ સમાન ધોરણે લાગુ પડે છે તે હકીકત અવગણીને દરેક વખતે ન્યાયતંત્રએ વિકલાંગ વ્યક્તિઓનાં હિતોનું રક્ષણ કરવા માટે વિશિષ્ટ કાયદાઓની માગણી કરવી પડે છે.

**૩. કાયદાકીય રક્ષણનાં પગલાંઓની ગેરહાજરી:**

વિકલાંગ વ્યક્તિઓના હિતોનું રક્ષણ કરવા માટે સામાન્ય કાયદાઓની અંદર ખાસ કાયદાઓ અને જોગવાઈઓ હોવાં જોઈએ, પરંતુ હકીકત એ છે કે તમામ પાસાંઓને આવરતા કોઈ ખાસ કાયદાઓ નથી. કેટલાક વિશિષ્ટ કાયદાઓ છે, પરંતુ તે સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક જીવનનાં તમામ પાસાંઓમાં વારસાનો અધિકાર, લગ્નનો અધિકાર, છૂટાછેડાનો અધિકાર, પ્રાપ્યતાનો અધિકાર તથા અન્ય અધિકારનો સમાવેશ થાય છે.

**૪. કાયદાઓ, નીતિઓ તથા આદેશોનો અલ્પ કે નહિવત્ અમલ:**

વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓના વિકાસ માટે ગણ્યાગાંઠ્યા કાયદાઓ, નીતિઓ તથા આદેશો ઘડવામાં આવ્યા છે, પરંતુ તેમનો અમલ થતો નથી. જો કાયદાઓમાં જણાવવામાં આવેલી ફક્ત ૧૦ ટકા જોગવાઈઓનો પણ અમલ કરવામાં આવે, તો પણ લાખો વિકલાંગ વ્યક્તિઓને તેનાથી લાભ થશે અને તેમના જીવનમાં પરિવર્તન આવશે. વિકલાંગ વ્યક્તિઓના માનવ હક્કો અને હિતોને વેગ આપવાની તથા તેનું રક્ષણ કરવાની રાજકીય પક્ષો અને સરકારની ઈચ્છાશક્તિના અભાવને કારણે આ સ્થિતિ ઉદ્ભવી છે.

**ચ. સાંસ્કૃતિક અવરોધો:**

ધાર્મિક મૂલ્યો તથા માન્યતાઓ એ વિકલાંગ વ્યક્તિઓ સાથે થતા ભેદભાવ અને નકારાત્મક અભિગમો પાછળનાં મૂળ કારણો છે. આ નકારાત્મક અભિગમો, ભેદભાવ, બહિષ્કાર અને પૂર્વગ્રહો, ગેરસમજ, માન્યતાઓ, અંધશ્રદ્ધા અને અજ્ઞાનના કારણે મજબૂત બને છે. આ નકારાત્મક અભિગમો, પૂર્વગ્રહો અને માન્યતાઓનાં મૂળ પ્રાચીન ધાર્મિક મૂલ્યોમાં રહેલાં હોવાથી તેમને બદલવાં મુશ્કેલ છે. વિકલાંગતા એ પૂર્વજન્મમાં કરેલાં પાપોનું ફળ છે તે મુજબનું મનુનું કથન, વંશવાદની ભવ્યતાનાં ગુણગાન, રક્તપિત્તના દર્દીઓનો બહિષ્કાર અને બાઈબલના નવા કરારમાં દર્શાવ્યા પ્રમાણે રક્તપિત્તનાં દર્દીઓને ગામમાં પ્રવેશવાની મનાઈ વગેરે સાંસ્કૃતિક અવરોધોનાં કેટલાંક ઉદાહરણો છે, જે વિકલાંગ વ્યક્તિઓને સમાજના એકસમાન સભ્ય બનવા આડે અવરોધ ઊભા કરે છે.

**છ. આર્થિક અવરોધો:**

મુખ્ય પ્રવાહની આજીવિકાની તકોથી વિકલાંગ વ્યક્તિઓ વંચિત રહે છે. જ્યારે વિકલાંગ વ્યક્તિઓની આજીવિકાના વિકલ્પોનો પ્રશ્ન ઉદ્ભવે, તે સાથે જ લોકો બીબાંઢાળ વિકલ્પો વિશે વિચારે છે, જેમ કે, ટેલિફોન બૂથ ચલાવવું, મીણબત્તી બનાવવી, અગરબત્તી બનાવવી, ગ્રીટિંગ કાર્ડ્ઝ બનાવવાં, ફાઈલ બનાવવી, સંગીત તથા વિકલાંગ વ્યક્તિઓના સાથે જોડાયેલા અન્ય વ્યવસાયો. પરંતુ, વાસ્તવમાં વિકલાંગ વ્યક્તિઓની તેમની વિકલાંગતાના પ્રકાર, વિકલાંગતાની તીવ્રતા અને તે વ્યક્તિના રસ અને પાત્રતાના આધારે તમામ પ્રકારના અર્થપૂર્ણ અને નફાકારક વ્યવસાયોમાં જોડી શકાય છે, પરંતુ આ મામલે સમાજમાં તદ્દન અજ્ઞાન પ્રવર્તે છે. વિકલાંગ વ્યક્તિઓએ વિવિધ વ્યવસાયોનું અસરકારક વ્યવસ્થાપન કરીને આ હકીકત ઉજાગર કરી છે. આમ, કેટલાક બીબાંઢાળ વ્યવસાયો સૂચિબદ્ધ કરવા એ વિકલાંગ વ્યક્તિને અર્થપૂર્ણ અને લાભકારક વ્યવસાયોમાં સાંકળવા

આડેના અંતરાયો છે.

આ દેશના કાર્ય-બળ (વર્કફોર્સ)માં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓનું પ્રમાણ ૧ ટકા કરતાં ઓછું છે, જયારે તેની સરખાણમીએ અન્ય દેશોનાં કાર્ય-બળમાં વિકલાંગ વ્યક્તિઓનું પ્રમાણ જોઈએ તો જર્મનીમાં ૬ ટકા, બ્રિટનમાં ૩ ટકા, જાપાનમાં ૧.૯ ટકા અને બાંગ્લાદેશમાં ૧ ટકા છે. વળી, ભારતમાં ૧ ટકા કરતાં પણ ઓછા પ્રમાણમાંથી જાહેર ક્ષેત્રમાં ૦.૫ ટકા, ખાનગી ક્ષેત્રમાં ૦.૪ ટકા અને બહુરાષ્ટ્રીય કંપનીઓમાં ૦.૦૦૨ ટકા જેટલું ઓછું છે. આ ભેદભાવ પાછળ કાર્ય સ્થળ સુધીની પહોંચનો અભાવ, નોકરીએ રાખનારાના નકારાત્મક અભિગમો, માનવસસાંધનની નીતિઓ દ્વારા બહિષ્કાર, વ્યવસાયિક તાલીમ માટે તકોનો અભાવ, ઉચ્ચશિક્ષણ માટે તકોનો અભાવ, પાયાનું શિક્ષણ મેળવવાની તકોનો અભાવ અને વિકલાંગ વ્યક્તિઓ વિરુદ્ધના પૂર્વગ્રહો વગેરે જેવાં કારણો જવાબદાર છે. ભેદભાવ અને બહિષ્કારના કારણે તેમને ભીખ માંગવા જેવા બિન-ગૌરવપ્રદ વ્યવસાયમાં જોડાવાની ફરજ પડે છે.

વિકલાંગ વ્યક્તિઓનું આર્થિક સશક્તિકરણ, તેમનામાં આત્મવિશ્વાસ, આદર, ગૌરવ, સ્વાભિમાનની લાગણીનો સંચાર કરે છે અને તેઓ સમાજમાં યોગદાન પૂરું પાડવા માટે સક્ષમ બને છે. વિકલાંગ વ્યક્તિઓ સાથે કામ કરનારી લગભગ તમામ સ્વૈચ્છિક સંસ્થાઓ, પ્રોજેક્ટસ, સરકારી વિભાગો અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પુનર્વસવાટના આ મહત્ત્વના ભાગની ઉપેક્ષા કરે છે તેમ જ સર્ટિફિકેટ, સર્જરી, સારવાર, સહાયક ઉપકરણો અને ઉપચાર જેવી દાકતરી સેવાઓ પૂરી પાડે છે.

**જ. રાજકીય અવરોધોઃ**
રાજકીય અવરોધોમાં પરિવાર, ગામ, સમુદાય, સમાજ વગેરેમાં નિર્ણય લેવા, મતદાન કરવું, ચૂંટણીમાં ભાગ લેવો, સમુદાય અને સમાજમાં નિર્ણય લેનારી સંસ્થાઓ, રાજકીય પક્ષો, રાજકીય પક્ષોના કોમન મિનિમમ પ્રૉગ્રામ અને દેશની લોકશાહી સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરવાનો સમાવેશ થાય છે. ભારતનું બંધારણ અન્ય પછાત વર્ગોના પ્રશ્નો પર ધ્યાન આપવા માટે, નિર્ણય લેનારી સંસ્થાઓમાં આ પછાત વર્ગો માટે અનામતની વ્યવસ્થા પૂરી પાડે છે. અન્ય પછાત વર્ગો માટે રાજ્યસભા અને સંસદમાં અનામતની જોગવાઈ છે. આ ઉપરાંત પંચાયતી રાજ સંસ્થાઓ, ગામ તથા શહેરની મહાનગર-પાલિકાઓમાં પણ અનામતની જોગાવાઈ છે, પરંતુ વિકલાંગ વ્યક્તિઓ માટે આવી કોઈ જોગવાઈ નથી. આ ભેદભાવ પાછળનું મુખ્ય કારણ એ છે કે વિકલાંગ વ્યક્તિઓ દેશભરમાં વિખરાયેલાં હોવાથી તેઓ નોંધપાત્ર સંખ્યામાં વોટ બૅન્ક ઊભી કરતા ન હોવાથી રાજકીય પક્ષોને આકર્ષી શકતા નથી. મતદાન કેન્દ્રો ઘણી વખત વિકલાંગ વ્યક્તિઓની પહોંચથી ઘણાં દૂર હોય છે અને મતદાન મથકમાં બેસનારા લોકો વિકલાંગ વ્યક્તિઓની જરૂરિયાતોને સમજી શકે તેટલા સંવેદનશીલ હોતા નથી. ઊલટું, ઘણી વખત તેમનો વ્યવહાર અપમાનજનક હોય છે.

**ઝ. ધાર્મિક અવરોધોઃ**
વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ વિરુદ્ધના નકારાત્મક અભિગમો, ભેદભાવ, બહિષ્કાર અને પૂર્વગ્રહોનાં મૂળ, મૂલ્યો અને માન્યતાની વ્યવસ્થામાં રહેલાં છે. મૂલ્યો અને માન્યતાની વ્યવસ્થા ધાર્મિક મૂલ્યો દ્વારા પ્રભાવિત હોય છે. નકારાત્મક અભિગમો અને માન્યતાઓ ધાર્મિક લખાણોમાં અને ધર્મગ્રંથોમાંથી ઊતરી આવ્યાં છે. ધાર્મિક લખાણોમાં વિકલાંગ વ્યક્તિઓને દાન અને દયાને પાત્ર ગણવામાં આવે છે. વિકલાંગતાને પૂર્વજન્મનાં કુકર્મોનું પરિણામ અને ઈશ્વરનો શાપ ગણવામાં આવે છે, તેથી, ધાર્મિક વિધિઓ તથા ક્રિયાઓમાં વિકલાંગ વ્યક્તિઓને મહત્ત્વ આપવામાં આવતું નથી. ચર્ચ, મસ્જિદ, મંદિર, ગુરુદ્વારા, વિહાર વગેરે જેવાં ધાર્મિક સ્થળો વિકલાંગતા ધરાવનારી વ્યકિતઓ માટે ઉપલબ્ધ હોતાં નથી. કેલિપર્સ જેવાં સહાયક સાધનો ધરાવનારાં લોકોને પવિત્રતાનું બહાનું આગળ ધરીને પ્રવેશવા દેવાતા નથી. ધાર્મિક વિધિઓમાંથી પણ વિકલાંગ વ્યક્તિઓને બાકાત રાખવામાં આવે છે. વિકલાંગ વ્યક્તિઓની હાજરીને કારણે પવિત્રતતા જળવાશે નહીં તેવા કારણસર વિકલાંગોને આવી વિધિઓમાં ભાગ લેવાની છૂટ નથી આપવામાં આવતી. તેમને આવી વિધિ કરવાની તક પણ નથી મળતી. તેમના પર ઘણાં ધાર્મિક અને સાંસ્કૃતિક નિયંત્રણો લાદવામાં આવે છે.

## સમાવેશક્તાનાં પાસાં
સમાવેશકતાની વિભાવના ઘણી વ્યાપક છે. સમગ્ર વિશ્વએ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને જીવનનાં તમામ પાસાંઓમાં સામેલ કરવી જરૂરી છે. સમાવેશક્તાની વિભાવના વ્યક્તિગત અને મનોવૈજ્ઞાનિક હોવાથી, સમાવેશક્તાના માટેનાં પાસાં સૂચિબદ્ધ કરવાં મુશ્કેલ છે. ઉપરાંત, સમાવેશક્તાની વિભાવના વ્યાપક, વૈવિધ્યકૃત અને વ્યક્તિગત હોવાથી સમાવેશકતાનાં પાસાં સૂચિબદ્ધ કરવાં સૈદ્ધાંતિક રીતે અયોગ્ય હોઈ શકે છે. બીજું કે સમાજની વિભાવના જે-તે સમુદાયની સંસ્કૃતિના આધારે વિભિન્ન હોઈ શકે છે. બહિષ્કારનાં પાસાં તરફ સૌનું ધ્યાન દોરવા તરફનો આ ગંભીર પ્રયાસ છે, જે બહિષ્કારનું પરિમાણ

સમજવામાં મદદરૂપ બનશે અને આમ, વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને ભેદભાવ વિના તમામ પાસાંઓમાં સામેલ કરવા માટેના પ્રયત્નો કરી શકાશે.

## ઉપસંહાર

આ સંશોધનમાં સમાવેશક્તાની વિભાવના સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. બહિષ્કારનાં વિવિધ સ્વરૂપો સમજાય ત્યારે સમાવેશક્તાને વધુ સારી રીતે સમજી શકાય છે. બહિષ્કાર એ ભેદભાવનાં વિવિધ સ્વરૂપોનાં મુખ્ય પરિણામો પૈકીનું એક છે. આમ, ભેદભાવ એ મુખ્ય પ્રશ્ન છે, જેના કારણે વિકલાંગ વ્યક્તિઓનો, જીવનના તમામ તબક્કાઓમાં બહિષ્કાર કરવામાં આવે છે. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓએ રોજિંદા જીવનમાં, દરેકે દરેક સ્તરે બહિષ્કારનો સામનો કરવો પડે છે. તેમને પરિવારમાંથી, રમત-ગમતમાંથી, સમકક્ષ જૂથોમાંથી, શૈક્ષણિક સંસ્થાઓમાંથી, યોજનાઓમાંથી કાર્યક્રમોમાંથી, નીતિઓમાંથી, કાયદાઓમાંથી, ધાર્મિક વિધિઓમાંથી, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાંથી, રાજકારણમાંથી, કુટુંબ જીવનમાંથી વગેરેમાંથી બાકાત રાખવામાં આવે છે.

અહીં સમાવેશકતા માટેના વિવિધ પાસાંઓ દ્વારા સમાવેશક્તાની વિભાવના સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ગ્રામીણ વિસ્તારોમાં રહેનારા વિકલાંગ વ્યક્તિઓ માટે ગૌરવપ્રદ જીવન કેટલું મહત્ત્વ ધરાવે છે તે સમજવું જરૂરી છે. તેમને પણ તેમના વિકલાંગતા ન ધરાવનારા સાથીઓની માફક ગૌરવપદ જીવન જીવવાનો અધિકાર છે. તેઓ તેમના પરિવારમાં, રમત-ગમતમાં, શાળામાં, કાર્ય સ્થળોએ, પ્રવૃત્તિઓમાં, જાહેર સ્થળોએ, મિત્રોનાં જૂથોમાં, બેઠકોમાં, કાર્યક્રમોમાં, યોજનાઓમાં, કાયદાઓમાં, નીતિઓમાં, સંસ્થાઓમાં, ધાર્મિક સ્થળોએ, વિધિઓમાં, જાહેર મેળાવડાઓમાં તથા નિર્ણય લેનારી સંસ્થાઓમાં સામેલ થવા માંગે છે.

---

**પૃષ્ઠ 11નું શેષ**

સલામતી ધારા-૨૦૦૮ દ્વારા વિકલાંગ કામદારોની સમસ્યાઓનો ઉકેલ આવે છે ખરો?

ઉપર જણાવેલાં કેટલાંક ઉદાહરણો મુખ્ય પ્રવાહનાં વિકાસ ક્ષેત્રના છે કે જેમાં વિકલાંગ લોકોની જરૂરિયાતો સમાન ધોરણે સમાવાય છે. વિકલાંગ લોકોનો સમાવેશ શાસન તંત્રમાં પણ થવો જોઈએ, નિર્ણય પ્રક્રિયામાં પણ થવો જોઈએ. શું તમામ વિકલાંગ વ્યક્તિઓ સક્રિય રીતે ગ્રામ સભામાં કે વૉર્ડ સભામાં સામેલ થાય છે ખરા? શું વિકલાંગ વ્યક્તિઓનો સમાવેશ વિવિધ કાર્યક્રમોની નિર્ણાયક સમિતિઓમાં કરાયો છે ખરો? એક અનૌપચારિક ક્ષેત્ર પણ છે કે જેમાં પરિવાર, ધાર્મિક સંસ્થાઓ અને નાગરિકોનાં વિવિધ જૂથો માટે ધોરણો નક્કી કરનારાં ચાવીરૂપ સત્તા-માળખાંનો સમાવેશ થાય છે. દા.ત. “આપણી સંસ્કૃતિમાં મહિલાઓ પોતાના ગામની બહાર ના જઈ શકે” અથવા “વિકલાંગ મહિલાઓ લગ્ન ના કરી શકે કે બાળકો પેદા ના કરી શકે” જેવી માન્યતાઓ પ્રવર્તે છે. આ ક્ષેત્ર સાથે કામ કરવા માટે યોગ્ય વ્યૂહરચનાની જરૂર છે. આપણે એ ભૂલવું ના જોઈએ કે તાલુકા વિકાસ અધિકારી કે જિલ્લાના કલૅક્ટર કે કાયદાના ઘડવૈયા પણ સમુદાયમાંથી જ આવે છે અને તેઓ પ્રવર્તમાન ખ્યાલો ધરાવે છે. શું બિન-સરકારી સંગઠનો અને નાગરિક સમાજો સમાવેશી છે ખરા? શું વિકલાંગ લોકોના પ્રશ્નોનો મહિલાઓનાં આંદોલનો, જન સ્વાસ્થ્ય આંદોલન કે દલિત આંદોલન જેવી મુખ્ય પ્રવાહની ચળવળોમાં સમાવેશ થયો છે ખરો?

---

**પૃષ્ઠ 9નું શેષ**

દ્રષ્ટાંતો તથા કેસ શોધવામાં આવ્યા છે, જે સંસ્થાકીય વિકાસ અંગેના સાહિત્યના ક્ષેત્રનું મૂલ્ય વધારશે.

સામે આવેલા પડકારો મુખ્યત્વે વિકલાંગતા ધરાવનારી વ્યક્તિની સ્વૈચ્છિક સામેલગીરીના સ્વરૂપ સાથે જોડાયેલા છે. આ વ્યક્તિઓ સમાવેશકતા માટે સામાજિક અવરોધોનો સામનો કરે છે, અને સાથે જ તેમની ગતિવિધિ પર નિયંત્રણો મૂકી દેતા શારીરિક આવરોધોનો પણ સામનો કરે છે. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓમાં શિક્ષણ અને રોજગારીનું પ્રમાણ ઘણું નીચું હોવાથી ડીપીઓઝને દબાણ જૂથ તરીકે આગળ લાવવા માટે તેમનું અસ્તિત્વ ટકાવી રાખવાની તથા તેમની વૃદ્ધિ માટે સાતત્યપૂર્ણ વ્યૂહરચના ઘડવી જરૂરી છે. ઉપરાંત, સમાજમાંથી થતી તેમની બાદબાકી દૂર કરતી પ્રવૃત્તિઓ હાથ ધરવાની તેમ જ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને સમાજમાં ગૌરવપૂર્ણ જીવન જીવવા માટે સક્ષમ બનાવવાની જરૂર છે.

વેબસાઇટ પરથી ડાઉનલોડ કરવા માટે અંગ્રેજીમાં સાનુકૂળ લખાણ અને ઑડિયો ફૉર્મેટમાં ટૂલકિટ ઉપલબ્ધ કરવામાં આવશે. ત્યારબાદ સહભાગીઓ જરૂર પડ્યે સ્થાનિક ભાષામાં ટૂલકિટના ભાગોનું ભાષાંતર કરી શકશે.

# ભારતમાં માનવીય કટોકટીના સંજોગો અને વિકલાંગતા: સમાવેશક અભિગમ તરફ આગેકૂચ

આ લેખ **ડૉ. વનમાળા હિરાનંદાણી** દ્વારા લખવામાં આવ્યો છે. તેઓ ડૅનમાર્કના કૉપનહેગનની મેટ્રોપોલિટન યુનિવર્સિટી કૉલેજમાં ફરજ બજાવે છે. તેઓ ત્યાંના 'ડિપાર્ટમેન્ટ ઑફ રિહેબિલિટેશન એન્ડ ન્યુટ્રિશન'માં ગ્લૉબલ હૅલ્થ એન્ડ ન્યુટ્રિશન પ્રૉગ્રામના આસિસ્ટન્ટ પ્રૉફેસર છે.

**પ્રસ્તાવના**

વિકલાંગતા પરના તાજેતરના વર્લ્ડ રિપોર્ટના અંદાજ અનુસાર વિશ્વની કુલ વસતિમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની ટકાવારી ૧૫ ટકા છે અને તેમાંથી ૮૦ ટકા વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ, ઓછી આવક ધરાવનારા દેશોમાં વસવાટ કરે છે. વિકલાંગતા ધરાવનારા અડધો અબજ કરતાં પણ વધુ લોકો વારંવાર સંઘર્ષો તથા કુદરતી હોનારતોનો ભોગ બનનારા દેશોમાં વસે છે. કુદરતી અને માનવસર્જિત હોનારત, સમગ્ર રાષ્ટ્ર કે પ્રદેશને પ્રભાવિત કરી શકે છે, ત્યારે મહિલાઓ, બાળકો, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ, વયોવૃદ્ધ વ્યક્તિઓ તથા વંચિત લોકોને સૌથી વધારે નુકસાન પહોંચે છે. મર્યાદિત ડેટા ઉપલબ્ધ હોવા છતાં, પુરાવાઓ સૂચવે છે કે તાકીદની દરમિયાનગીરીઓ અને પુનર્વસવાટના કાર્યક્રમોમાંથી બાકાત રહી જનારા વર્ગમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ મોખરે છે. પુરાવાઓના આધારે એ માલૂમ પડે છે કે હોનારત, કટોકટી કે સંઘર્ષની સ્થિતિમાં તાકીદના સ્થળાંતર દરમિયાન વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પાછળ રાખવામાં આવે અથવા તો છોડી દેવામાં આવે તેવી શક્યતા સૌથી વધુ હોય છે. વળી, હોનારતો અને સંઘર્ષો ઘણી વખત ઈજા અને કાયમી ખામીમાં પરિણમે છે. જેના કારણે પુનર્વસવાટની વિભિન્ન જરૂરિયાતો સાથેની વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની નવી પેઢી જન્મે છે.

ઉદાહરણ તરીકે, ૧૯૯૩માં મહારાષ્ટ્રના લાતુર ખાતે આવેલા ભૂકંપ તથા ૨૦૦૧માં ગુજરાતમાં આવેલા ભૂકંપને કારણે માનસિક આઘાત પહોંચ્યાના, શરીરનું કોઈ અંગ કાપી નાંખવાના તેમ જ પગ અને નીચેના અવયવો લકવાગ્રસ્ત થઈ જવાના ઘણા બનાવો બન્યા હતા. સક્ષમ હોય તેવી વિકલાંગ વ્યક્તિઓ ઘટનાસ્થળેથી ભાગી છૂટવામાં સફળ રહી હતી, પરંતુ વ્હિલચેર અને અન્ય સહાયક ઉપકરણો ઘટના સ્થળે જ છૂટી જવાથી તેઓ વધુ પરાવલંબી બન્યા હતા. હોનારતના સમયે વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ પર પરિવારના સભ્યોથી વિખૂટા પડી જવાનું જોખમ તોળાતું હોય છે. તેના પરિણામે, સામાન્ય વ્યક્તિઓની તુલનામાં વિકલાંગ વ્યક્તિઓમાં રોગિષ્ઠ મનોવૃત્તિ અને મૃત્યુનો દર ઊંચો હોય છે. તેમ છતાં, વિકલાંગતાના પ્રશ્નો તરફ દુર્લક્ષ સેવવામાં આવે છે. ઉપરાંત, આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રે સંશોધન, કામગીરી અને નીતિઓને લગતા કાર્યનો અમલ કરતી વખતે તેના તરફ ખાસ ધ્યાન આપવામાં આવતું નથી.

'રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબિલિટિઝ' (યુએનસીઆરપીડી) અંગે સંયુક્ત રાષ્ટ્રોના, ભારત દ્વારા ૨૦૦૭માં મંજૂર કરવામાં આવેલા ઘોષણાપત્ર મુજબ, સીઆરપીડીમાં પ્રસ્થાપિત કરવામાં આવેલા અધિકાર આધારિત અભિગમ સાથે સુસંગત હોય તે પ્રમાણે તમામ નીતિઓ અને કાયદા સુધારવા જરૂરી છે. 'સિચ્યુએશન્સ ઑફ રિસ્ક એન્ડ હ્યુમનિટેરિયન ઈમર્જન્સિઝ' પર સીઆરપીડીની કલમ-૧૧ છે. તે સશસ્ત્ર સંઘર્ષ, કટોકટી તથા કુદરતી આફતો જેવી જોખમી પરિસ્થિતિમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિના રક્ષણ તથા સલામતી સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં હાથ ધરવાની રાજ્યના જવાબદાર હિતધારકોની ફરજ પર ભાર મૂકે છે (યુએન ઈનેબલ, ૨૦૧૨). ભારત તેના નવા 'રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબિલિટિઝ બિલ' ને સીઆરપીડી સાથે સુસંગત કરવા માટે સજ્જ થઈ રહ્યું છે ત્યારે, આપત્તિ વ્યવસ્થાપનની નીતિઓ અને કામગીરીઓ, વિકલાંગતાના પ્રશ્નો માટે કેટલી સમાવેશક છે તેનું મૂલ્યાંકન કરવા માટે આ અનુકૂળ સમય છે.

કટોકટીની સ્થિતિમાં કેનેડા, ભારત અને અમેરિકામાં વિકલાંગતા પર કેવી રીતે ધ્યાન આપવામાં આવ્યું છે કે તેના તરફ કેવી રીતે દુર્લક્ષ સેવવામાં આવ્યું છે તે સમજવું જરૂરી છે. આ ત્રણેય દેશોનાં સરકારી અને બિનસરકારી સંગઠનોનાં વર્તમાન સંશોધન, નીતિઓ અને કામગીરીના દસ્તાવેજોની સમીક્ષા કરતા વ્યાપક અભ્યાસ પરથી આ પેપર લેવામાં આવ્યું છે. ભારત પર ભાર મૂકતાં, આ પેપર પ્રથમ, દેશમાં આપત્તિ વ્યવસ્થાપનની વ્યવસ્થાનું માપન કરીને સંક્ષિપ્ત પૂર્વભૂમિકા પૂરી પાડે છે. ત્યાર પછીના ભાગમાં સંશોધનના નીચેના પ્રશ્નોને લગતાં તારણો રજૂ કરવામાં આવ્યાં છે:

- શું આપત્તિ વ્યવસ્થાપનની નીતિ અને શાસન વ્યવસ્થામાં વિકલાંગતાનો સમાવેશ કરવામાં આવ્યો છે? કેવી રીતે?

- આગોતરી ચેતવણી, રાહત અને પ્રતિક્રિયા, પ્રબંધ, પુનર્વસવાટ, સજ્જતા અને જોખમમાં ઘટાડો વગેરે જેવા આપત્તિ વ્યવસ્થાપનના વિવિધ તબક્કાઓમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની જરૂરિયાતો પર કેવી રીતે અને ક્યા સ્તરે ધ્યાન આપવામાં આવ્યું છે?
- શું આપત્તિ વ્યવસ્થાપન અંગેની તાલીમ અને શિક્ષણમાં વિકલાંગતાના મુદ્દાને સમાવવામાં આવ્યો છે?
- આપત્તિ વ્યવસ્થાપન વિકલાંગતા-સમાવેશક છે, એ સુનિશ્ચિત કરવા માટે કઈ ત્રુટિઓ પર ધ્યાન આપવું જરૂરી છે?

સરકારી દસ્તાવેજો, સંશોધન-અહેવાલો, માર્ગદર્શિકાઓ, તાલીમી-સાહિત્ય, સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સંગઠનોના અહેવાલો તથા પ્રકાશનો, પ્રતિષ્ઠિત સંસ્થાઓના આપત્તિ વ્યવસ્થાપન પરના અભ્યાસક્રમોની સમીક્ષા કરવામાં આવી. વળી, વર્ષ ૨૦૦૦ અને ૨૦૧૦ દરમિયાન દેશની મહત્ત્વની માનવીય કટોકટીઓ અંગેના માધ્યમોના અહેવાલો તથા સંશોધન-સાહિત્ય સહિતના ગૌણ ડેટાની સમીક્ષાની પદ્ધતિ અપનાવવામાં આવી છે. યથાવત્ રહેલી ત્રુટિઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે અને 'વંચિતતા', માનવીય કટોકટી સાથે સંબધિત હોવાથી તેની વિભાવના પર પુનર્વિચાર કરવા તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે.

## ભારતમાં આપત્તિ વ્યવસ્થાપનઃ સંક્ષિપ્ત પૂર્વભૂમિકા

ભારતમાં આપત્તિ વ્યવસ્થાપન પરની નીતિનું માળખું રાહત-કેન્દ્રિત અને પ્રતિક્રિયાશીલ વ્યૂહરચનાવાળું હતું. તે બદલાઈને હવે આફતને રોકવા, જોખમ ઘટાડવા અને હોનારતની અસરને ઘટાડવા માટેની સજ્જતાનાં પાસાંને સમાષ્ટિ કરતું થયું છે. ઉપરાંત, તે બહુ-પરિમાણીય અભિગમ તરફ સ્થિર થયું છે (ભારત સરકાર, ૨૦૧૧). આ નવો અભિગમ દૃઢપણે માને છે કે, કુદરતી હોનારતો પ્રત્યેની દેશની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખતાં, જો હોનારતની અસરના ઘટાડાને તથા પ્રતિક્રિયાને મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં ન આવે અને વિકાસની પ્રક્રિયા સાથે સાંકળવામાં ન આવે, તો વિકાસ બિનસાતત્યપૂર્ણ રહે છે. તેથી, આપત્તિ વ્યવસ્થાપન એ દેશની નીતિના માળખા માટે મહત્ત્વનું બન્યું છે. આપત્તિ વ્યવસ્થાપન માટેના ભંડોળમાં વધારો થવાથી, શાળા-સલામતીનું આયોજન કરવાનું અને શાળાના અભ્યાસક્રમમાં આપત્તિ વ્યવસ્થાપનના મુદ્દાનો સમાવેશ કરવાનું કામ થઈ શક્યું છે. તેમ જ આપત્તિ વ્યવસ્થાપન અંગે જાગૃતિ તથા વ્યવસાયિક કૌશલ્યો વધારવા માટેના વિવિધ ટૂંકા ગાળાના અભ્યાસક્રમો અને ડિગ્રી કાર્યક્રમોનો અમલ પણ કરવામાં આવ્યો છે. (ex. NIDM, 2013a; Thiruppugazh, 2003; UNCRD & SEEDS, India 2008).

જોકે, આપત્તિ અભ્યાસોની વિભાવનાઓ, સિદ્ધાન્તો તથા કામગીરીઓ મુખ્યત્વે છેલ્લાં ૩૦ વર્ષ દરમિયાન વ્યાપકપણે હાથ ધરાયેલાં સંશોધનો પર આધારિત છે, અને હજી પણ તે વિકાસ અને એકત્રીકરણના પ્રાથમિક તબક્કામાં છે. ભારતમાં આપત્તિ અંગેના અભ્યાસો માટે ગણ્યાંગાંઠ્યા શૈક્ષણિક કાર્યક્રમો છે. તેના કારણે આપત્તિ અને સંઘર્ષના સંશોધકોનું વ્યવસાયિક સંગઠન હજી સુધી રચાયું નથી. વિવિધ તબક્કે જુદા-જુદા અંતરાયોનો સામનો કરવા માટે સજ્જ હોય તેવા તાલીમબદ્ધ વ્યવસાયિકોની ઊણપ પ્રવર્તે છે. વળી, ભારતમાં આપત્તિ પ્રતિક્રિયામાં ગેરવ્યવસ્થાપન, બેવડી પ્રક્રિયા અને અસરગ્રસ્ત સમુદાયોનો બહિષ્કાર થતો જોવા મળે છે. અગાઉના અનુભવોમાંથી સંસ્થાકીય શિક્ષણની હજી ઘણી તકો રહેલી છે. (ex. Ozerden & Jacoby, 2006; Ray, 2005)

## ભારતમાં વિકલાંગતા અને આપત્તિ વ્યવસ્થાપન

આપત્તિ વ્યવસ્થાપનના આ ઊભરી રહેલા ક્ષેત્રમાં, વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની કાળજી લેવાના વિષયનું અસ્તિત્વ જ નથી, અથવા તો તેને ગૌણ મહત્ત્વ આપવામાં આવે છે. ભારતમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની સંખ્યા બાબતે પણ અનિશ્ચિતતા પ્રવર્તે છે. (ડબ્લ્યુએચઓ, ૨૦૧૧). ઉદાહરણ તરીકે, એનએસએસઓ (૨૦૦૩)એ ભારતમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની કુલ સંખ્યા ૧.૮૫ કરોડ હોવાનું નોંધ્યું હતું, જ્યારે ૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ આ પ્રમાણ ૨.૧૯ કરોડ નોંધાયું છે. (રજિસ્ટ્રાર જનરલ ઑફ ઈન્ડિયા, ૨૦૦૧). ભારતીય ગરીબ વસતિમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓનું પ્રમાણ નોંધપાત્ર છે. શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને સમાજ તથા સમુદાયમાં સહભાગિતા માટેની તકોના ક્ષેત્રે વિકલાંગ વ્યક્તિઓએ આજે પણ અસમાનતાનો સામનો કરવો પડે છે. (જુઓ હિરાનંદાણી અને સોનપાલ, ૨૦૧૦, નેશનલ ડિસેબિલિટી નેટવર્ક, ૨૦૧૨). કુદરતી હોનારતો અને સંઘર્ષોની અસર વિકલાંગ વ્યક્તિઓ તથા તેમનાં સંબંધીઓને વધુ તીવ્રતા સાથે વર્તાતી હોવા છતાં, માનવીય કટોકટીમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિએ રોજિંદી પરિસ્થિતિ કરતાં પણ વધુ બહિષ્કાર વેઠવો પડે છે.

ભારતે ૨૦૦૭માં સીઆરપીડીનું સમર્થન કર્યું હોવા છતાં, 'નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઍક્ટ'માં કે રાજ્ય અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપનનાં આયોજનોમાં વિકલાંગતાને સામેલ કરવા માટે કોઈ સુધારા કરવામાં આવ્યાં નથી. લાંબા ગાળાના વળતર ચૂકવણીના

ગાળામાં અને તાકીદની પ્રતિક્રિયામાં સંસાધનની અછત વર્તાતી હોય, ત્યારે વિકલાંગતાના આધારે ભેદભાવ થતો હોવાનું નોંધાયું છે (જીપીડીડી એન્ડ ડબ્લ્યુબી, ૨૦૦૯). આગોતરી ચેતવણી, સ્થળાંતર, રાહત અને સહાય, રક્ષણ અને પુનર્વસવાટનાં બહુમતિ વસતિ માટે તૈયાર કરવામાં આવેલાં માપદંડો, વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની વિશિષ્ટ જરૂરિયાતો ભાગ્યે જ સંતોષતાં હોય છે. જરૂરી ચીજવસ્તુઓના વિતરણના સમય અને સ્થળ અંગેની માહિતી, ઘણી વખત દ્રષ્ટિની અને સાંભળવાની ખામી ધરાવનારા વ્યક્તિઓને પ્રાપ્ય થઈ શકતી નથી. તેથી તેઓ તે મેળવવામાંથી બાકાત રહી જાય છે.

સુનામી બાદ હાથ ધરાયેલી રાહત કામગીરી દરમિયાન, લાઈનમાં પહેલા હોય તેમને ભોજનનું વિતરણ કરવામાં આવ્યું હતું. પરિણામે, વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓએ ખોરાક અને પાણી મેળવવા માટે બિન-વિકલાંગ વ્યક્તિઓ સાથે હરીફાઈ કરવી પડતી હતી અને ખોરાક-પાણી મેળવવામાં તેમને ઘણી મુશ્કેલી પડતી હતી. તે જ રીતે તમિલનાડુ રાજ્યની રાહત છાવણીઓમાં શૌચાલયો, આશ્રયસ્થાનોથી ઘણે દૂર આવેલાં હતાં, જેના કારણે પણ વિકલાંગ વ્યક્તિઓને મુશ્કેલી પડતી હતી (આઈડીઆરએમ, ૨૦૦૫). ઘણી વખત બિન-અનુભવી ડૉક્ટરો દ્વારા અવિચારીપણે કરવામાં આવતા અંગવિચ્છેદનને કારણે પ્રૉસ્થેટિક લિમ્બ્ઝનું ફિટિંગ મુશ્કેલીપૂર્ણ બનતું હતું, જેના કારણે પુનર્વસવાટમાં સમસ્યા ઊભી થતી હતી (રાજેન્દ્ર અને મિત્રા, ૨૦૦૮). આ સમસ્યાઓ ફક્ત સુનામી પૂરતી જ મર્યાદિત નથી હોતી, અન્ય મોટા પાયાની કુદરતી અને માનવ સર્જિત હોનારતોમાં પણ તે પડકારજનક બની રહે છે. સારવારની યોગ્ય પ્રક્રિયાઓના અભાવ, નબળી સેવાઓ અને મર્યાદિત પહોંચને કારણે, વિકલાંગતા ધરાવનારા સેંકડો લોકો, મળવાપાત્ર માનવીય સહાયથી વંચિત રહી જાય છે. મહારાષ્ટ્રના લાતુરમાં ૧૯૯૩માં આવેલા ધરતીકંપ બાદના વિલંબિત પુનર્વસવાટને કારણે માનસિક આઘાત અને હતાશાનું મોજું ફરી વળ્યું હતું: પગ અને નીચેનાં અંગો લકવાગ્રસ્ત થઈ ગયા હોય તેવી ઘણી વ્યક્તિઓએ વર્ષો સુધી માનવીય પ્રતિક્રિયાની રાહ જોવી પડી હતી. ૨૦૦૧માં ગુજરાતમાં આવેલા વિનાશક ભૂકંપને કારણે હજ્જારો લોકો અંગવિચ્છેદન, પગ અને નીચેના અવયવોના લકવા અને અન્ય ખોડ-ખાંપણનો ભોગ બન્યા હતા. તેમના ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના પુનર્વસવાટ માટેનાં કોઈ યોગ્ય આયોજનો કરવામાં આવ્યાં નહોતાં (આઈડીઆરએમ, ૨૦૦૫).

જોકે, ૨૦૦૪માં આવેલી સુનામી બાદ, ભારત સરકારે ઘણાં પગલાં હાથ ધર્યાં છે. તેમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ માટે આફત સામેની સજ્જતાની તાલીમનો પણ સમાવેશ થાય છે. તેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કુદરતી હોનારતો દરમિયાન મદદ કરવા માટે ગ્રામીણ વિસ્તારોમાં 'ડિઝાસ્ટર ટાસ્ક ફોર્સ' (તાલીમબદ્ધ ટુકડીઓ)ને તાલીમ આપવામાં આવે છે. ઉપરાંત, રાહત કામગીરીમાં જોડાયેલા બ્રેઈલ લિપિ, સ્પેશ્યલ કૉમ્પ્યુટર સૉફ્ટવેર, ઑડિયો વર્ઝન (શ્રાવ્ય આવૃત્તિઓ), મોટી પ્રિન્ટ, સાંકેતિક ભાષાના જાણકારનો ઉપયોગ કરવો અને પ્રત્યાયનનાં ટૂલ્સનો ઉપયોગ કરવો, વગેરે જેવી સાનુકૂળ બાબતો અંગે તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે (ભારત સરકાર, ૨૦૧૨). વળી, રાહત છાવણીઓમાં સુવિધાઓ પ્રાપ્ય બને તે સુનિશ્ચિત કરવા માટે સરકારે સ્થાનિક બિલ્ડર તથા સ્થપતિઓને સર્વસામાન્ય ડિઝાઈનની તાલીમ આપવાની યોજના ઘડી છે (ભારત સરકાર અને યુએનડીપી ભારત, ૨૦૦૮). કેન્દ્ર સરકારે વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની જરૂરિયાતો અંગેની સમજને વેગ આપવા માટેની ટૂલકિટ તૈયાર કરવા માટે યુએનડીપી સાથે તાજેતરમાં જોડાણ કર્યું છે. (ભારત સરકાર અને યુએનડીપી ભારત, ૨૦૦૮). જોકે, વિવિધ હિતધારકો દ્વારા ટૂલકિટના ઉપયોગ અને અમલીકરણનું આજ સુધી કોઈ મૂલ્યાંકન કરવામાં આવ્યું નથી.

સજ્જતા માટેના આયોજનની પ્રક્રિયામાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની કાળજી લેવાય તે માટે ૧૭ રાજ્યોને આવરી લેતો 'ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટ' પ્રૉગ્રામ વિકસાવવામાં આવ્યો છે (જીપીડીડી એન્ડ ડબ્લ્યુબી, ૨૦૦૯). તેમાં બચાવ, શોધ અને રાહત માટે વિગતવાર માહિતી ઉપલબ્ધ હોય તેમ જ અસરકારક પ્રતિભાવ માટે પ્રાથમિક સારવારની ટીમ ઉપલબ્ધ હોય તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે. હોનારત માટેની સજ્જતાના આ આયોજનમાં કુદરતી આફતોનું જોખમ રહેલું હોય તેવાં ગામડાં તથા કસ્બાઓમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ અંગેની માહિતી એકત્રિત કરવાનો સમાવેશ થાય છે. (ભારત સરકાર, ૨૦૧૨). તેમ છતાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની વસતિ ગણતરીની માફક માહિતી એકત્રીકરણના પ્રયાસને પણ શંકાની નજરે જોવામાં આવે છે. નોંધણીની પ્રક્રિયાને કારણે ગુપ્તતાનો ભંગ થશે અને સરકાર દ્વારા અન્ય હેતુઓ માટે તેનો ઉપયોગ કરવામાં આવશે એ ભયે વિકલાંગતા ધરાવતા સમુદાય તરફથી મિશ્ર પ્રત્યાઘાતો મળે છે (જીપીડીડી એન્ડ ડબ્લ્યુબી, ૨૦૦૯). ભારતમાં આપત્તિ વ્યવસ્થાપનને મજબૂત કરવા માટે રાજ્ય કક્ષાના કાર્યક્રમો (ભારત સરકાર, ૨૦૧૧), રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન માર્ગદર્શિકાઓ - રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન યોજના તૈયાર કરવી (ભારત સરકાર, ૨૦૧૭) અને કુદરતી હોનારતોનો સામનો કરવા માટેની આદર્શ કાર્યશીલ પ્રક્રિયા (ભારત સરકાર, ૨૦૧૦) જેવા આપત્તિ વ્યવસ્થાપનના

અધિકૃત દસ્તાવેજોમાં વિકલાંગતાના મુદ્દાને નજરઅંદાજ કરવામાં આવ્યો છે. બાળકો, નાનાં બાળકો સાથેની મહિલાઓ તેમ જ ગર્ભવતી મહિલાઓને આદર્શ કાર્યશીલ પ્રક્રિયામાં સામેલ કરવામાં આવી છે, જ્યારે વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને તેમાં સામેલ કરવામાં નથી આવી. તે જ રીતે, સુનામી, ન્યૂક્લિયર અને રેડિયોલૉજિકલ કટોકટી, દુકાળ, વાવાઝોડાં, તોફાન, પૂર; જૈવિક - રાસાયણિક અને ઔદ્યોગિક હોનારતો, ધરતીકંપ (એનઆઈડીએમ, ૨૦૧૩બી) વગેરે જેવી આફતોના વ્યવસ્થાપન અંગેની સરકારી માર્ગદર્શિકાઓમાં વિકલાંગતા પ્રત્યેની સંવેદનશીલતાનો સદંતર અભાવ વર્તાય છે. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ માટે આગોતરી ચેતવણી અને પ્રત્યાયનની વ્યવસ્થાની પ્રાપ્યતા અત્યંત મહત્ત્વપૂર્ણ હોવા છતાં, આપત્તિ વ્યવસ્થાપનની માહિતી અને પ્રત્યાયન વ્યવસ્થા અંગેની રાષ્ટ્રીય માર્ગદર્શિકાઓ હજી પણ વિકલાંગ સમુદાયની કાળજીને ધ્યાનમાં લેવામાં નિષ્ફળ જાય છે.

તાજેતરમાં નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઑથોરિટી (એનડીએમએ) દ્વારા વિવિધ હિતધારકો સાથે સલાહ-મસલતના આધારે તાજેતરમાં વિકસાવવામાં આવેલી, રાહતના લઘુતમ માપદંડો પરની રાષ્ટ્રીય માર્ગદર્શિકાઓમાં, વિકલાંગ વ્યક્તિઓને મહિલાઓ, બાળકો, વિધવાઓ, અનાથ, વયોવૃદ્ધ અને એચઆઈવી અને એઈડ્ઝગ્રસ્ત વ્યક્તિઓની હરોળમાં 'વંચિત જૂથ' તરીકે ઉલ્લેખવામાં આવ્યા છે (ભારત સરકાર, ૨૦૧૨). લઘુતમ માપદંડોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો ત્યારથી વિકલાંગતાનો 'મુખ્યપ્રવાહ'માં સમાવેશ કરવામાં આવ્યો એમ કહી શકાય. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની 'વિશિષ્ટ જરૂરિયાતો' (જેમ કે, સરળ પ્રાપ્યતા માટે ખોરાક વિતરણનાં અલાયદાં કેન્દ્રો, સુવિધાજનક શૌચાલયોનું બાંધકામ) રાહતના કેટલાક લઘુતમ માપદંડોની માર્ગદર્શિકાઓમાં નક્કી કરવામાં આવી છે, ત્યારે વિકલાંગતાને હજી પણ સમાવેશક તરીકે નહીં, પણ અલગ રીતે જોવામાં આવે છે.

આપત્તિ વ્યવસ્થાપન તરફ સરકારનું ધ્યાન દોરાયું છે અને તે માટે ભંડોળની પણ ફાળવણી કરવામાં આવતી હોવા છતાં, ખાસ કરીને નીતિ અને આયોજન કક્ષાએ 'સમાવેશક આપત્તિ સજ્જતા'માં વ્યવસાયિકોની ગેરહાજરી એ બીજો પડકાર છે. આપત્તિ શિક્ષણ ક્ષેત્રે ભારતમાં વેગ જોવા મળે છે, ત્યારે, આપત્તિ વ્યવસ્થામાં વિકલાંગતાને મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં આવ્યાના સરકારના દાવાથી વિપરીત, આ અભ્યાસક્રમમાં વિકલાંગતાના દ્રષ્ટિકોણની ગેરહાજરી પ્રવર્તે છે. વિકલાંગતા અને સમાવેશક આપત્તિ વ્યવસ્થાપનનો ઉલ્લેખ ફક્ત - આપત્તિ-પ્રત્યાઘાતલક્ષી બિન-સરકારી સંગઠન 'એસઈઈડીએસ' દ્વારા તૈયાર કરવામાં આવેલા પુસ્તક 'લેટ્સ મેક સ્કૂલ્સ સેફર'માં જ જોવા મળે છે (એસઈઈડીએસ ભારત, ૨૦૧૧). જોકે, સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓના તાલીમ કાર્યક્રમોમાં આ પુસ્તકનો કેટલો ઉપયોગ થયો છે તે તપાસનો વિષય છે.

'નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ', તેની વેબસાઈટમાં જણાવે છે કે, 'આપત્તિ એ વિકાસને લગતો ચાવીરૂપ પ્રશ્ન છે અને વિશ્વના તમામ આપત્તિ વ્યવસ્થાપન અને વિકલાંગતા વ્યવસ્થાપન હિતધારકો દ્વારા આપત્તિ જોખમના ઘટાડાના માળખાની હિમાયત કરવામાં આવે છે' (એનઆઈડીએમ, ૨૦૧૧, પરિચ્છેદ-૭). જોકે, દેશભરમાં આપત્તિ વ્યવસ્થાપન સ્ટાફને તાલીમ આપવા માટે એનઆઈડીએમ દ્વારા તૈયાર કરવામાં આવેલા મૉડ્યૂલ્સમાં વિકલાંગતાના મુદ્દાની સદંતર ઉપેક્ષા કરવામાં આવી છે. દા.ત. શાળાની સલામતી, શહેરી જોખમ ઘટાડવું, પૂરનું જોખમ ઘટાડવું અને વ્યવસ્થાપન વગેરે વિષયના મૉડ્યૂલ્સમાં કે 'જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન આયોજન' (વિવિધ મૉડ્યૂલ્સ માટે જુઓ એનઆઈડીએમ, ૨૦૧૩એ)માં વિકલાંગતાનો ઉલ્લેખ જોવા મળતો નથી. આપત્તિ વ્યવસ્થાપનમાં મનોસામાજિક કાળજી વિશેના તાલીમ મૉડ્યૂલ્સમાં વિકલાંગતાના મુદ્દાને 'વર્કિંગ વિથ મોર વલ્નરેબલ ગ્રુપ્સ'ની વ્યાપક કેટેગરીમાં 'વર્કિંગ વિથ પિપલ વિથ ડિસેબિલિટિઝ' શીર્ષક ધરાવતાં બે પાનાંના યુનિટમાં ઉપરછલ્લી રીતે સમાવી લેવાયો છે (એનઆઈડીએમ, ૨૦૦૯). આમ, વિકલાંગતાના મુદ્દાને મુખ્યપ્રવાહમાં સામેલ કર્યાના દાવાઓ છતાં, આ રાષ્ટ્રીય તાલીમ સંસ્થાના અભ્યાસક્રમમાં વિકલાંગતાના મુદ્દાને સ્થાન આપવામાં આવ્યું નથી, કે તો પછી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને હજી પણ 'વિશિષ્ટ સેવાઓ'ની જરૂરિયાત ધરાવનારું 'વંચિત જૂથ' ગણવામાં આવે છે. આમ, વિકલાંગતાને મુખ્યપ્રવાહમાં સામેલ કરવાને બદલે, સરકારના જ તાલીમ મૉડ્યૂલ્સ, વિકલાંગતા પર આધારિત ભેદભાવને મજબૂત કરે છે.

## ઉપેક્ષિત ક્ષેત્રો અને ભાવિ દિશાઓ

માહિતીનો અભાવ એ ઘણી માનવીય પ્રતિક્રિયાઓમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના બહિષ્કાર પાછળનું એક મહત્ત્વનું કારણ છે. અગાઉ જણાવ્યું તેમ, વિકલાંગતા ધરાવનારી પુખ્ત વ્યક્તિઓ તેમ જ બાળકોની ઘણી વખત પરિવાર અને સમુદાય દ્વારા જ ઉપેક્ષા કરવામાં આવતી હોય છે. શૈક્ષણિક કે રાજકીય સ્તરે તેમનું પ્રતિનિધિત્વ નહિવત્ હોવાને કારણે માનવીય દરમિયાનગીરીઓમાંથી તેમને બાકાત રાખવામાં આવે છે. જેમ કે, ૨૦૦૪માં આંધ્ર પ્રદેશના પ્રકાશમ જિલ્લામાં સુનામી આવ્યા બાદ વિકલાંગતા ધરાવનારા લોકો પાસે

મૂળભૂત દસ્તાવેજો (ઓળખ કાર્ડ અને વિકલાંગતા પ્રમાણપત્ર) પણ નહોતા. વળી, સમાવેશકતાની સુવિધા પૂરી પાડતાં પ્રૉસ્થેટિક કે હિયરિંગ એઈડ જેવાં ઉપકરણો અને સહાયો કે સહાયક સેવાઓ પૂરી પાડવાની કોઈ સુવિધા, જિલ્લા પાસે ઉપલબ્ધ નહોતી. તમિલનાડુની રાજધાની ચેન્નઈમાં, સ્થાનિક સરકારી સંસ્થાઓમાં નોંધણી ધરાવનારી વિકલાંગ વ્યક્તિઓને સુનામી બાદ મુખ્યત્વે ખોરાક, વસ્ત્રો અને દાક્તરી સહાય જેવી રાહત મળી હતી. પરંતુ, નોંધણી ન ધરાવનારા અને નિયત સરનામું ન ધરાવનારા (જેમ કે સ્થળાંતરિત કામદારો)ને રાજ્ય તરફથી કોઈ સહાય મળી ન હતી (આઈએફઆરસી, ૨૦૦૭). ઑક્સફામ, હૅન્ડિકેપ ઈન્ટરનેશનલ અને અન્ય ઘણાં સંગઠનોએ સુનામી દરમિયાન વિકલાંગ વ્યક્તિઓના નોંધણી પત્રકોનું સંકલન કર્યું છે. જોકે, વિકલાંગતાની વ્યાખ્યાઓની માફક, નોંધણીનો મુદ્દો પણ સમસ્યારૂપ છે. વિકલાંગનું લેબલ લાગી જવાની અને હાંસિયામાં ધકેલી દેવામાં આવશે તેવી બીકના કારણે વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ વિકલાંગ તરીકે પોતાની ઓળખ આપવા નથી માંગતી. તેથી, ફક્ત દ્રષ્ટિગોચર થતી ખામીઓ પર આધારિત આંકડાઓ અચોક્કસ હોઈ શકે છે અને તેના કારણે, વિકલાંગ વ્યક્તિઓની સંખ્યા ગણીગાંઠી જ છે. પરિણામે, પ્રાપ્યતાના પ્રશ્નો બિનમહત્ત્વના છે તેવા અભિગમને વેગ મળે છે (કેટ્ટ, સ્ટબ્સ અને યિઓ, ૨૦૦૫).

વિવિધ સામાજિક જૂથો અને દેશો માટે કુદરતી સંકટોના પ્રભાવ જુદા-જુદા હોય છે તે ધ્યાનમાં રાખતાં સામાજિક અને આર્થિક વંચિતતા તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તેથી, આફતોની કારણદર્શક અસરોની સમજ કુદરતી સંકટથી હટીને, વંચિતતાની વિવિધ કક્ષાઓનું નિમિત્ત બનતી વિકાસ પ્રક્રિયાઓ તરફ સ્થિર થઈ છે (આએસડીઆર, ૨૦૦૪). જોકે, વિકલાંગ વ્યક્તિઓની દયનીય પરંતુ ટાળી ન શકાય તેવી શારીરિક, ઇન્દ્રિય સંબંધિત કે જ્ઞાનાત્મક મર્યાદાઓને કારણે તેમની સ્થિતિ દયનીય બને છે તે પરંપરાગત માન્યતાના આધારે વિકલાંગ વ્યક્તિઓની ગણના આજે પણ ખાસ પ્રકારના 'વંચિત જૂથ'માં કરવામાં આવે છે (હેમિંગ્વે એન પ્રિસ્ટલી, ૨૦૦૬). ભારતનું નવું 'રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબિલિટિઝ' (આરપીડી) બિલ (જે હાલમાં ડ્રાફ્ટના તબક્કામાં છે) પણ ઘણું મર્યાદિત છે, કારણ કે તેમાં, રાહત, પુનર્વસવાટ અને વળતરની ચૂકવણીમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની જરૂરિયાતોને ધ્યાનમાં લેવી જોઈએ તેવું જણાવવામાં આવ્યું હોવા છતાં આગોતરી ચેતવણી વ્યવસ્થામાં પ્રાપ્યતા અંગે કોઈ ચોક્કસ ઉલ્લેખ તેમાં જોવા મળતો નથી. આપત્તિ અંગેની સજ્જતા વિશે પણ તે ઉપરછલ્લું ધ્યાન દોરે છે. આરપીડી બિલનો મુખ્ય વિચાર એ છે કે આપત્તિની સ્થિતિમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ એવો 'વિશિષ્ટ' અને 'વંચિત સમુદાય' બની રહે છે, જેમની સલામતી અને રક્ષણ સુનિશ્ચિત કરવાં જરૂરી છે. વિકલાંગતાના અભ્યાસના ક્ષેત્ર અને વિકલાંગતાના સામાજિક મૉડલે એ સ્પષ્ટ કર્યું છે કે વિકલાંગતા એ ખોડ-ખાંપણનું ફક્ત કુદરતી પરિણામ નથી. શારીરિક, ઈન્દ્રિયલક્ષી કે જ્ઞાનાત્મક ખામીઓમાંથી ઉદ્‌ભવતી મર્યાદાઓ સામાજિક રીતે સર્જવામાં આવેલા બહિષ્કારનું પણ પરિણામ હોય છે. સુનામી અને ગુજરાતના ધરતીકંપના અહેવાલો અનુસાર, વિકલાંગ વ્યક્તિઓની મર્યાદાને કારણે જ નહીં, પરંતુ સામાજિક કારણોસર પણ વિકલાંગ વ્યક્તિઓના જીવન પર જોખમ તોળાતું હતું. તેમાં અવરોધયુક્ત ઈમારતો, બચાવના આયોજનનો અભાવ, પાડોશીનું વલણ વગેરે કારણો પણ હતાં. (હેમિંગ્વે અને પ્રિસ્લી, ૨૦૦૬, આઈએફઆરસી, ૨૦૦૭). ઘણા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દસ્તાવેજોમાં 'સમાવેશક આપત્તિ વ્યવસ્થાપન'ના સંદર્ભ છતાં, આપત્તિ-શામક આયોજનોમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની જરૂરિયાતોને નજરઅંદાજ કરવામાં આવે છે. આપત્તિ-જોખમો ઘટાડવાના આયોજનમાં પણ વિકલાંગ સમુદાયને ભાગ્યે જ સામેલ કરવામાં આવે છે.

માળખાકીય અને સમાજિક-આર્થિક પરિણામો થકી થતી વંચિતતાને તપાસતાં માલૂમ પડે છે કે સામાજિક ગેરલાભ, ગરીબી, માળખાકીય બહિષ્કાર અને અસમાનતાને કારણે વિકલાંગતાનો સામનો કરવો પડે છે. હોનારતના સમયે, વિકલાંગ વ્યક્તિઓની ઘણી જરૂરિયાતો હોનારતોનો સામનો કરી રહેલા અન્ય સામાન્ય લોકોની જરૂરિયાતો સાથે મેળ ખાતી હોય છે (જેમ કે, પાણી, સ્વચ્છતા, આશ્રય, ખોરાક વગેરે). તેમ છતાં, આ સેવાઓ કેવી રીતે પૂરી પાડવામાં આવે છે અને સામગ્રીનું વિતરણ કેવી રીતે કરવામાં આવે છે તે ઘણું મહત્ત્વપૂર્ણ બની રહે છે. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની અમુક ચોક્કસ જરૂરિયાતો રહેતી હોય છે, પરંતુ તેમને 'લોકોનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કરવા ઈચ્છુક'માં ખપાવી દેવા એ તેમને નિરુત્સાહી કરવા સમાન છે. સરકારી અને મુખ્ય પ્રવાહની વિકાસ સંસ્થાઓના પ્રયાસોની સરખામણીમાં 'ડિસેબલ્ડ પિપલ્સ ઑર્ગેનાઈઝેશન' (ડીપીઓએસ) અને સમુદાય-આધારિત હિમાયતી સંગઠનોમાં આપત્તિના પ્રત્યાઘાત માટે વધુ સજ્જતા અને ક્ષમતા જોવા મળે છે. સહાય અને પ્રત્યાયનના અનૌપચારિક નેટવર્કમાં તથા મુખ્ય પ્રવાહની આપત્તિ પ્રત્યાઘાત વ્યવસ્થાઓમાં સહજતાથી પ્રાપ્ય ન હોય તેવાં, વિકલાંગતા ક્ષેત્રે તજજ્ઞતાનાં નિશ્ચિત સ્વરૂપોમાં તે પ્રતિબિંબિત થાય છે. હેમિંગ્વે અને પ્રિસ્લી (૨૦૦૬) જણાવે છે તેમ, સહાય માટે વિનંતીઓ દ્વારા અને મર્યાદિત સંસાધનોને ગતિશીલ (કામે લગાડીને) કરીને વિકલાંગોની સમસ્યાઓ નિવારવા

પ્રયત્નશીલ સંગઠનો વધુ ઝડપથી કામ કરે છે. ઉદાહરણ તરીકે, ૨૦૦૪માં સુનામીએ સર્જેલા વિનાશના ગણતરીના કલાકોમાં જ, વિકલાંગતા નિવારણ ક્ષેત્રે કાર્યરત કાર્યકરો અને તેમના સહયોગીઓએ વેબસાઈટ અને ઈ-મેઈલ નેટવર્ક થકી વૈશ્વિક સહાય પ્રાપ્ય બનાવી હતી. મુખ્ય પ્રવાહના રાહત પ્રયાસોથી આ પહેલ એ રીતે જુદી પડતી હતી કે તેમાં સમાવેશક, અધિકારો-આધારિત અભિગમ અપનાવાયો હતો તેમ જ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ સામે આવતા માળખાકીય અને સામાજિક અવરોધો પર ધ્યાન આપવામાં આવ્યું હતું.

આમ, સુનામીના અનુભવો સૂચવે છે કે, ડીપીઓએસ તથા અનૌપચારિક નેટવર્ક્સ, સંકટની પરિસ્થિતિનો સામનો કરવાની ક્ષમતા અને નિપુણતા ધરાવે છે, અને આ ક્ષમતાને મજબૂત કરવી જરૂરી છે તથા આયોજન, નિવારણ અને આપત્તિનું જોખમ ઘટાડવાના તમામ સ્તરોએ તેને સામેલ કરવી જોઈએ. વિકલાંગ વ્યક્તિઓના પુનર્વસવાટ માટે અને તેમની સમાવેશકતા આડેના વર્તમાન અંતરાયોને દૂર કરવા માટે વિકલાંગ વ્યક્તિઓ જાણકારીનો શ્રેષ્ઠ સ્રોત બની શકે છે. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ સાથે ચર્ચા કરીને કટોકટીના સમયનાં આશ્રયસ્થાનોની વ્યવસ્થા અને સુવિધાઓમાં સુધારો કરી શકાય છે.

વિકલાંગતા ધરાવતો સમુદાય, આપત્તિ વ્યવસ્થાપનનું કામ કરતાં સંગઠનોમાં આયોજન અને સજ્જતા અંગે સ્ટાફને તાલીમ પૂરી પાડી શકે છે. જેમ કે, ટર્કીમાં ૧૯૯૯માં ભૂકંપ આવ્યો, ત્યાર બાદ બધિર વ્યક્તિઓને સહાય કરવા માટેનો એક કાર્યક્રમ એક સ્વૈચ્છિક સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. બધિર વ્યક્તિઓના એક મુખ્ય જૂથને હોનારત અંગે જાગૃતિ ફેલાવનારા ઇન્સ્ટ્રક્ટર તરીકેની તાલીમ આપવામાં આવી હતી, તે જૂથને ત્યાર બાદ અન્ય લોકોને તાલીમ આપવા માટે દેશના અન્ય ભાગોમાં મોકલવામાં આવ્યું હતું (આઈએફઆરસી, ૨૦૦૭). ૧૯૮૯માં કૅલિફોર્નિયા ખાતે ધરતીકંપ આવ્યો ત્યાર બાદ આઈએફઆરસીએ એક સંશોધન પણ રજૂ કર્યું હતું. તેમાં માલૂમ પડ્યું હતું કે વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ મનોવૈજ્ઞાનિક રીતે સજ્જતા ધરાવતી હતી, જેના કારણે ભૂકંપ દરમિયાન અને ત્યાર બાદ તેમના ભયભીત થવાની કે ઈજાગ્રસ્ત થવાની શક્યતા ઘણી ઓછી હતી, કારણ કે મુશ્કેલ શારીરિક અને પરિસ્થિતિજન્ય અંતરાયો સાથે તેઓ રોજિંદા ધોરણે કામ પાર પાડે છે. અંતરાયોનો સતત સામનો કરવાનો તેમનો અનુભવ, જ્ઞાનનો અગાધ સ્રોત છે, જે આપત્તિ વ્યવસ્થાપનને વધુ સમાવેશક બનાવવામાં મદદરૂપ નીવડી શકે છે. ટૂંકમાં, વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ, તેમનાં સહાયક સંગઠનો અને નેટવર્ક સાથેની ભાગીદારીના આધારે આપત્તિનું જોખમ ઘટાડવા માટેના કાર્યક્રમો વિકસાવવા જોઈએ.

## ઉપસંહાર

ભારતમાં માનવતાવાદી પરિસ્થિતિમાં વિકલાંગતા પરના પદ્ધતિસરનાં સંશોધનોનો અભાવ વર્તાય છે. ઉપલબ્ધ દસ્તાવેજો વિકલાંગ વ્યક્તિઓની બહોળા પાયે થતી ઉપેક્ષા, ઉપલબ્ધ સ્થળાંતર, રાહત અને પ્રતિભાવ વ્યવસ્થાઓનો અભાવ, અને ગૌરવપ્રદ જીવન જીવવાના અધિકારની ઉપેક્ષા સૂચવે છે. સરકારી દસ્તાવેજોમાં વિકલાંગતાનો જ્યાં પણ ઉલ્લેખ કરવામાં આવે છે, ત્યાં તેને વ્યક્તિગત મૉડલના પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવે છે. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને 'વંચિત જૂથ' કે 'વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા વિશિષ્ટ સમુદાય' તરીકે જોવામાં આવે છે. ભારતના ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઍક્ટ, ૨૦૦૫માં વિકલાંગતાનો કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી, ત્યારે ભારતે ૨૦૦૭માં સીઆરપીડીનું સમર્થન કર્યું છે. તાજેતરનાં વર્ષોમાં, ભારતમાં તથા અન્યત્ર કાર્યરત કેટલાંક આંતરરાષ્ટ્રિય બિન-સરકારી સંગઠનોએ માનવતાવાદી કાર્યોમાં વિકલાંગતાના પ્રશ્ન તરફ ધ્યાન દોર્યું છે અને તેને લગતી જાણકારીઓ માહિતી-પુસ્તિકા અને તાલીમ-સામગ્રી સ્વરૂપે રજૂ કરી છે. આપત્તિ વ્યવસ્થાપન અને સજ્જતાને લગતા મહત્ત્વના શૈક્ષણિક અભ્યાસક્રમો અને સરકારી તાલીમ કાર્યક્રમોમાં વિકલાંગતાના મુદ્દાને પૂરતા પ્રમાણમાં સામેલ કરવામાં આવ્યો નથી.

વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ માટે, તેમની સામે આવતા સામાજિક, સંસ્થાકીય અને પરિસ્થિતિજન્ય અંતરાયો તેમની ખામીઓ કરતાં પણ વધુ સમસ્યારૂપ હોય છે. જો સામાજિક-આર્થિક બહિષ્કાર અને માળખાકીય અસમાનતાઓ પર ધ્યાન આપવામાં ન આવે, તો જોખમની અને કટોકટીની સ્થિતિમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓએ વેઠવી પડતી મુશ્કેલીઓ યથાવત રહેશે. આપત્તિ વ્યવસ્થાપન સંશોધન, નીતિ અને કામગીરી, હવે હોનારતોને પરિસ્થિતિજન્ય કે પર્યાવરણીય અવરોધોના પરિણામ તરીકે નહીં, પણ માનવ પ્રવૃત્તિના પરિણામ તરીકે જુએ છે. ત્યારે જોખમની સ્થિતિમાં જીવતા ગરીબ સમુદાયોના વિકલાંગ વ્યક્તિઓના જીવનને પ્રભાવિત કરતા આ મહત્ત્વના ક્ષેત્રમાં, સામાજિક મૉડલના સંદર્ભમાં વિકલાંગતાની વિભાવનાને હજી સુધી દાખલ કરવામાં નથી આવી. આમ, આપત્તિ પ્રતિભાવ, પુનર્વસવાટ અને વળતરના તમામ તબક્કે વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની સલામતી અને સમાનતા સુનિશ્ચિત કરવા માટે વિકલાંગતાના અભ્યાસો અને આપત્તિ વ્યવસ્થાપન વચ્ચે વિગતોની આપ-લે થાય તે જરૂરી છે. વિકલાંગતા ધરાવનારી

**જુઓ પૃષ્ઠ 52**

# વિકલાંગ વ્યક્તિઓના અધિકારોઃ એક એવો મુદ્દો, જે અંગે કોઈ વાટાઘાટ થઈ શકે તેમ નથી

આ લેખ **શ્રી અંબા સાલેલકર** દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. તેઓ ચેન્નાઈ સ્થિત 'ઈન્ક્લુઝિવ પ્લૅનેટ સેન્ટર ફોર ડિસેબિલિટી લૉ એન્ડ પૉલિસી' સાથે સંકળાયેલાં વકીલ છે. ગત સંસદ સત્રમાં રજૂ કરવામાં આવેલા અને વધુ તપાસ માટે સંસદીય સમિતિને સુપરત કરવામાં આવેલા 'રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબિલિટિઝ બિલ-૨૦૧૪' અંગે તાજેતરમાં હાથ ધરાયેલી ચર્ચા પર પ્રકાશ પાડવાનો આ લેખનો હેતુ છે.

વિકલાંગ વ્યક્તિઓના હક્કો માટે અવાજ ઉઠાવી રહેલા કાર્યકર્તાઓ માટે છેલ્લાં ત્રણ મહિના ઘણી બધી રીતે ઉચાટભર્યા રહ્યા - પ્રથમ તો, કેબિનેટે મંજૂર કરેલા અને ભારતીય સંસદગૃહ સમક્ષ રજૂ કરવામાં આવેલા 'રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબિલિટિઝ બિલ-૨૦૧૪'માં સમાવવામાં આવેલા મુદ્દાઓ વિશે જાણકારી મેળવવા માટે રાહ જોવી પડી હતી. શ્રી સંતોષ કુમાર રૂંગટા ('નેશનલ ફેડરેશન ઑફ ધ બ્લાઈન્ડ'ના પ્રમુખ અને સુપ્રિમ કૉર્ટના વકીલ કે જેઓ પ્રજ્ઞાચક્ષુ છે)ના પ્રયાસોના આધારે આ બિલ જાહેર કરવામાં આવ્યું હતું. ૧૨ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ કેબિનેટ દ્વારા પસાર કરવામાં આવેલા આ બિલ અને ૨૦૧૨ની આવૃત્તિમાં તેમાં કરવામાં આવેલા ફેરફારો સામે ઘણા કાર્યકર્તાઓએ વાંધો ઉઠાવ્યો હતો. કોઈ પણ વિરોધ વિના આ બિલ પસાર ન થઈ જાય એવા ભય સાથે અમે રાજ્ય સભા ટીવીનું જીવંત પ્રસારણ જોયું હતું. આખરે, જ્યારે અમે વિચાર્યું કે આ મામલો પાર્લામેન્ટરી સ્ટૅન્ડિંગ કમિટીને સોંપવામાં આવ્યો છે અને નવી સરકાર રચાય, ત્યાર બાદ અમે સ્ટૅન્ડિંગ કમિટીને ભલામણો પૂરી પાડવા પર ધ્યાન આપી શકીશું, ત્યારે જ ઑર્ડિનન્સ દ્વારા બિલને કાયદો બનાવવાની વાતો વહેતી થઈ. જ્યારે હજ્જારો દેખાવકારો વિરોધ નોંધાવવા માટે દિલ્લીની સડકો પર ઊતરી આવ્યા અને પોલીસની ક્રૂરતા સહન કરી, ત્યારે રાષ્ટ્રપ્રતિ ઑર્ડિનન્સના સ્વરૂપમાં બિલ પસાર કરવાનો ઈનકાર કર્યો.

૨૦૧૦માં 'સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે' નવું ડિસેબિલિટિઝ બિલ ઘડવા માટે 'યુનાઈટેડ નૅશન્સ કન્વૅન્શન ઓન ધ રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબિલિટિઝ' (યુએનસીઆરપીડી)ની સંમતિ સાથે સમિતિની રચના કરી હતી. કાયદો ઘડનારી આ નવી સમિતિનાં ચેરમેનપદે ડૉ. સુધા કૌલ (વાઈસ ચેરપર્સન, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ સેરેબ્રલ પાલ્સી, કોલકતા) હતાં અને તેમાં વિવિધ વિકલાંગતા ધરાવતા લોકો અને સંગઠનોના પ્રતિનિધિ-સભ્યોનો સમાવેશ થતો હતો. સમિતિના બે સભ્યોએ એ કારણના આધારે અધવચ્ચેથી રાજીનામું આપ્યું કે સમિતિ દ્વારા તમામ વિકલાંગ વ્યક્તિઓના પૂર્ણ કાયદાકીય ક્ષમતાના (અન્ય લોકો સાથે સમાન ધોરણે નિર્ણય લેવા માટે સમાન અધિકારો) અધિકારોની ગંભીરપણે વિચારણા કરવામાં આવી ન હતી. મુખ્ય સંગઠનોનાં ઘણાં જૂથોએ આ અધિકાર સામે વિકલાંગ વ્યક્તિઓ માટે પૂરતી સહાય સાથે અનામતનો મુદ્દો ઊઠાવ્યો હતો. 'સેન્ટર ફોર ડિસેબિલિટી સ્ટડીઝ, નાલસર યુનિવર્સિટી ઑફ લૉ, હૈદરાબાદ' દ્વારા સંકલિત કરવામાં આવેલો આ ડ્રાફ્ટ, સમિતિએ જૂન, ૨૦૧૧માં સુપરત કર્યો હતો.

આ કાયદા પર વિચારણા બાદ મંત્રાલયે સપ્ટેમ્બર, ૨૦૧૨ના રોજ સુધારા સાથેના ડ્રાફ્ટ કાનૂન સાથે પ્રતિભાવ આપ્યો હતો. મંત્રાલયે સત્તાવાર ધોરણે સૂચનો ન મંગાવ્યાં હોવા છતાં ઘણાં જૂથોએ કેટલીક જોગવાઈ વિરૂદ્ધ તેમના વિચારો પ્રગટ કર્યા હતા અને ત્યાર બાદ આ ડ્રાફ્ટને હાલનું સ્વરૂપ આપતાં અગાઉ, એપ્રિલ, ૨૦૧૩માં દેશનાં રાજ્યોમાં અને ઑગસ્ટ, ૨૦૧૩માં અન્ય મંત્રાલયોમાં મોકલવામાં આવ્યો હતો. બિલનો વિરોધ કરી રહેલા કાર્યકરો બિલના વિરોધને વેગ આપવાનો પૂરેપૂરો હક ધરાવતા હતા. 'પર્સન્સ વિથ ડિસેબિલિટિઝ ઍક્ટ, ૧૯૯૫'માં વિકલાંગ વ્યક્તિઓને ઘણા મર્યાદિત અધિકારો આપવામાં આવ્યા છે.

કૉર્ટે 'પર્સન્સ વિથ ડિસેબિલિટિઝ ઍક્ટ-૧૯૯૫' અને ભારતીય બંધારણનો આધાર લઈને કેટલાક સીમાચિહ્નરૂપ ચુકાદાઓ આપ્યા છે. જેમ કે, બૌદ્ધિક વિકલાંગતા ધરાવતી મહિલાઓના પ્રજોત્પત્તિ અધિકારો વિશે (સુચિતા શ્રીવાસ્તવ વિ. ચંદીગઢ એડમિનિસ્ટ્રેશન, ૨૦૦૯), સરકારી ક્ષેત્રોમાં ત્રણ ટકા અનામતના નિયમનું અર્થઘટન (યુનિયન ઑફ ઈન્ડિયા વિ. નેશનલ ફેડરેશન ફોર ધ બ્લાઈન્ડ, ૨૦૧૩) અને રાજકીય સહભાગિતા (ડિસેબલ્ડ રાઈટ્સ ગ્રુપ વિ. મુખ્ય ચૂંટણી કમિશનર, ૨૦૦૭) જેવા ચુકાદાઓ સુપ્રિમ કૉર્ટ કક્ષાએ દ્રષ્ટાંતરૂપ છે. આ સીમાચિહ્નરૂપ ચુકાદાઓને કારણે, સૂચિત બિલ વિકલાંગ વ્યક્તિઓના અધિકારો ક્ષેત્રે થયેલી પ્રગતિને સ્વીકારે છે. ૨૦૦૯માં, બૌદ્ધિક વિકલાંગતા ધરાવનારી એક યુવતી ચંદીગઢ ખાતે

નારી નિકેતનમાં આશ્રય હેઠળ હતી, તે દરમિયાન તેના પર બળાત્કાર ગુજારાયો અને તે ગર્ભવતી થઈ. સુપ્રિમ કૉર્ટે તેની ગર્ભાવસ્થા યથાવત્ રાખવાની છૂટ આપી, જેના કારણે 'મેડિકલ ટર્મિનેશન ઑફ પ્રેગ્નન્સી ઍક્ટ, ૧૯૭૧' હેઠળ 'મેન્ટલ રિટાર્ડેશન' અને 'મેન્ટલ ઇલનેસ' વચ્ચેનો ભેદ સ્પષ્ટ થયો. પર્સન્સ વિથ ડિસેબિલિટી ઍક્ટ, ૧૯૯૫ અધિનિયમ 'માનસિક બિમાર' (મેન્ટલી ઇલ) સ્ત્રીના કિસ્સામાં તે સ્ત્રીની સંમતિ લીધા વિના તેનો ગર્ભપાત કરાવવાની છૂટ આપે છે, જે અનુસાર યુએનસીઆરપીડી ભેદભાવયુક્ત છે. કૉર્ટે ઠરાવ્યું કે તે યુવતી 'મેન્ટલી ઈલ' નહોતી, તે 'મેન્ટલી રિટાર્ડેડ' હતી. તેથી ગર્ભાવસ્થા અંગેનો નિર્ણય કરવાની પોતાની કાયદાકીય ક્ષમતાનો તે અમલ કરી શકતી હતી. પંજાબ અને હરિયાણા હાઈ કૉર્ટે અગાઉ ચૂકાદો આપ્યો હતો કે તે યુવતીના ગાર્ડિયને ગર્ભપાત કરાવવાનો નિર્ણય તે યુવતી વતી લીધો હોવાથી ગર્ભાવસ્થા યથાવત્ રાખવી અસંબદ્ધ હતું.

આ પ્રગતિશીલ ચુકાદાથી વિરુદ્ધ, નવા બિલની કલમ-૧૦૬ (એફ), જો સ્ત્રી 'ગંભીરપણે' વિકલાંગ હોય, તો તે યુવતીના ગાર્ડિયનની સંમતિ અને રજિસ્ટર્ડ મેડિકલ પ્રૅક્ટિશનર પાસેથી સર્ટિફિકેટ મેળવ્યા બાદ, તે યુવતીની સંમતિ લીધા વિના ગર્ભપાત કરાવવાની છૂટ આપે છે. આ નવા બિલમાં 'ગંભીરપણે' વિકલાંગના અર્થની સ્પષ્ટતા કરવામાં આવી નથી. જો નવું બિલ તેના વર્તમાન સ્વરૂપે પસાર થાય, તો વિકલાંગતા ધરાવનારી તમામ મહિલાઓની પ્રજનનની ઈચ્છા સામે જોખમ ઊભું થશે.

નવું બિલ યુએનસીઆરપીડીની જોગવાઈઓને અમલી બનાવવાનો દાવો કરે છે, પરંતુ તે તેનાં મહત્ત્વનાં મૂલ્યોને સમજવામાં નિષ્ફળ નિવડ્યું છે. વિકલાંગતાની સમજ વિકલાંગતાના મેડિકલ મૉડલથી હટીને શરીર અને મનની ખામી પર સ્થિર થઈ છે, અને તેથી તેને 'સુધારવા' માટે સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય, આર્થિક અને શારીરિક અવરોધો દૂર કરવા જરૂરી છે. ભારતમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ પ્રત્યે બે પ્રકારના અભિગમ અપનાવવામાં આવતા હતા - કાં તો તેમને સંસ્થાગત કરવામાં આવતા (જે આજે પણ અસ્તિત્વ ધરાવે છે) અથવા તો વિકલાંગ વ્યક્તિઓને રૉયલ્ટી દ્વારા નિયમિતપણે ગ્રાન્ટ અને દાન આપવામાં આવતાં.

નવા બિલમાં 'નોંધપાત્ર વિકલાંગતા ધરાવનારી મહિલાઓને યોગ્ય પ્રાથમિકતા આપવા સાથે તમામ સંબંધિત યોજનાઓ અને વિકાસ કાર્યક્રમોમાં ખેતીની જમીન તથા આવાસોની ફાળવણીમાં પાંચ ટકા અનામત' એ અધિકાર વિરુદ્ધ સશક્તિકરણનું ઉદાહરણ છે. દાનના દ્રષ્ટિકોણથી આ ઘણી જ લાભદાયી જોગવાઈ છે, પરંતુ સશક્તિકરણના દ્રષ્ટિકોણથી જોતાંજ તે નિરુત્સાહ કરનારી જોગવાઈ છે. જેમને કાનૂની ક્ષમતા ન આપવામાં આવી હોય તેવી વિકલાંગ વ્યક્તિઓ સશક્તિકરણ માટેની વ્યવસ્થા વિના, માલિકીને લગતાં કાર્યો કરી શકતાં નથી. બીજું ઉદાહરણ, વિકલાંગતા ધરાવનારી મહિલાઓનું છે, જેમણે બેવડો ભેદભાવ સહન કરવો પડે છે - જાતિને લગતો અને વિકલાંગતાને લગતો. નવું બિલ વિકલાંગ મહિલાઓએ વેઠવા પડતા ભેદભાવના સ્રોતોને સ્વીકારતું નથી અને નવા બિલ હેઠળ આ ભેદભાવને નાથવા માટેની કે મહિલાઓને સશક્ત કરવા માટેની જોગવાઈઓ નથી.

ત્રીજું ઉદાહરણ, રોજગારની જોગવાઈ સાથે સંકળાયેલું છે. આ બિલ અનુસાર, નિશ્ચિત વિકલાંગતા ધરાવનારી વ્યક્તિ ક્યું કામ કરી શકે તેમ છે તેનો નિર્ણય સરકાર કરશે અને અનામત ક્વૉટા હેઠળ નિયુક્ત કરવામાં આવેલી વ્યક્તિઓને તે નોકરી આપવામાં આવશે. આ રીતે, તેમની વિકલાંગતા સાથે અનુકૂળ ન હોય તેવી નોકરી કરવા સામે સરકાર તેમને રક્ષણ પૂરું પાડશે. યુએનસીઆરપીડીનો સિદ્ધાંત વધારે પડતો બોજ ન લાદીને જરૂરી અને યોગ્ય સુધારાનું સૂચન કરે છે. રોજગારને લગતી જોગવાઈઓમાં 'નોંધપાત્ર સગવડ'ને વેગ આપવાની જરૂરિયાતને નજર અંદાજ કરવામાં આવી છે. આ પાછળની લાગણી એ છે કે આ ક્વૉટા હેઠળ આવનારી કેટલીક વિકલાંગ વ્યક્તિઓને કેટલીક રોજગારી પૂરી પાડીને સરકાર પોતાની ફરજ બજાવી રહી છે અને આ ઉપરાંતની વ્યવસ્થા કરવી બિનજરૂરી છે. વાસ્તવમાં, લાયકાતના આધારે પોતાની ઈચ્છા મુજબના હોદ્દા પર કામ કરવા માટે સક્ષમ બનવાનો અધિકાર એ સશક્તિકરણ છે.

બિલ હેઠળ, નિશ્ચિત આવક સ્તરો માટે નજીકના વિસ્તારોમાં આરોગ્યની નિઃશુલ્ક સેવા મેળવવાનો, વિના અવરોધે આરોગ્યની માળખાકીય સુવિધાનો લાભ મેળવવાનો તથા સારવારમાં પ્રાથમિકતાનો અધિકાર છે. આ બિલ ઘણું જ યોગ્ય અને આકર્ષક લાગે છે, પરંતુ યુએનસીઆરપીડીની જોગવાઈઓ સાથે તેની સરખામણી કરતાં માલૂમ પડે છે કે વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓના અધિકારોમાં હજી ઘણો ઉમેરો કરી શકાયો હોત. હાલમાં, કાનૂની પ્રક્રિયા પહેલાં, દર્દી પાસેથી મેળવવાની રહેતી સંમતિ તેના ગાર્ડિયન પાસેથી માંગવામાં આવે છે. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને તેઓ સમજી શકે તે સ્વરૂપે માહિતી આપવાનું મેડિકલ વ્યવસાયિકો માટે જરૂરી બનાવવું જોઈએ અને વિકલાંગ વ્યક્તિઓ જાતે નિર્ણય લેવા માટે તે માહિતીનો ઉપયોગ કરી શકે તે લક્ષ્ય હોવું જોઈએ. આરોગ્ય અને જીવન વીમાની

જોગવાઈમાં, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સાથે થતા ભેદભાવ માટેની કોઈ જોગવાઈ નથી. આ પ્રકારની જોગવાઈ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને વધુ પડતા નાણાકીય ખર્ચની ચિંતા કર્યા વિના પોતાનો વિકલ્પ પસંદ કરવા સક્ષમ બનાવશે.

યુએનસીઆરપીડીનો એક સિદ્ધાન્ત સમાવેશક નિર્ણય લેવા અંગેનો છે - 'અમારા વિશેની વાતમાં, અમારી સામેલગીરી'. બિલ જાહેર કરવા અને સંસદ સત્ર વચ્ચેનો સમયગાળો બિલ વિશે વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓના અભિપ્રાયો એકત્રિત કરવા માટે પૂરતો ન હોવાથી ફક્ત ગણ્યાગાંઠ્યા કાર્યકર્તાઓ મર્યાદિત સુધારાઓની માગણી કરી શક્યા હતા. જોકે, 'સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય' દ્વારા જાહેર કરવામાં આવેલા સુધારાઓ, બિલ બચાવવા માટે પૂરતા નહોતા. ઉદાહરણ તરીકે, બાળકોનાં શિક્ષણના સંદર્ભમાં, બિલ અનુસાર, ફક્ત સરકારી ભંડોળથી ચાલતી શૈક્ષણિક સંસ્થાઓ જ સમાવેશક શિક્ષણ પૂરું પાડવા માટે બંધાયેલી છે. આમાં અન્ય શાળાઓને પણ સામેલ કરવી જોઈએ. કલમ-૩૦માં 'નોંધપાત્ર વિકલાંગતા'ની કેટેગરીમાં આવતાં અને ૪૦ ટકાથી વધુ વિકલાંગતા ધરાવનારાં બાળકો માટે આ જોગવાઈ ઉપયોગી નિવડતી નથી. આ પૈકીની એક કલમ 'રાઈટ ટુ ઍજ્યુકેશન ઍક્ટ, ૨૦૦૯'ની જોગવાઈને બાકાત રાખે છે અને સૂચિત કરે છે કે સરકારને (માતા-પિતાને નહીં કે બાળકને પણ નહીં) યોગ્ય જણાય, તો બાળકોને સમાવેશક શિક્ષણનો ઈન્કાર કરવામાં આવી શકે છે અને ખાસ શાળામાં મોકલી શકાય છે, જે યુએનસીઆરપીડી અને યુનિવર્સલ ડિક્લેરેશન ઑફ હ્યુમન રાઇટ્સનો ભંગ છે.

કાર્યકરોએ આ ઉપરાંત પણ અન્ય ઘણી જોગવાઈઓ સામે વાંધો ઉઠાવ્યો - જેમ કે, આદેશાત્મક ઉપલબ્ધતાની જોગવાઈ ફક્ત 'સરકારી સંસ્થાઓ' પર જ લાગુ પડે, ખાનગી સંસ્થાઓને નહીં. નવું બિલ પરિવહનની ઉપલબ્ધતા સામે પણ મર્યાદાઓ ઊભી કરે છે - બિલમાં, તકનિકી રીત શક્ય હોય અને વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ માટે સલામત હોય, આર્થિક દ્રષ્ટિએ વ્યવહારુ હોય અને ડિઝાઈનના માળખામાં મહત્ત્વના ફેરફારો ન કરવા પડે તેમ હોય, ફક્ત તેવા જ ઉપલબ્ધ પરિવહનની હિમાયત કરવામાં આવી છે. પરિવહનને પ્રાપ્ય બનાવવા માટે ખર્ચ કરવો અને ડિઝાઈનમાં માળખાગત ફેરફાર કરવો જરૂરી છે, અને તેથી આ જોગવાઈને કારણે ઉદ્દેશ્ય સિદ્ધ થતો નથી. બિલની કલમ-૧૦૦ અનુસાર, અન્ય કોઈ કાયદો જે-તે સમયગાળા માટે અમલી હશે તે દરમિયાન સૂચિત અધિનિયમ તેને ઉમેરારૂપ રહેશે, આમ અન્ય ઘણા કાયદાઓ 'સ્ટૅચ્યૂટ બુક્સ'માં યથાવત્ રહેશે, જેમાં ભારતમાં રક્તપિત્તનો શિકાર બનેલા લોકો સામેના ભેદભાવને લગતા ૧૭ રાષ્ટ્રીય અને ૪૦ રાજ્યના કાયદાઓનો પણ સમાવેશ થાય છે.

જોકે, બિલમાં સૌથી વધુ દોષપૂર્ણ બાબત સામાન્ય વસતિમાં 'વિકલાંગતા અટકાવવા' પર ધ્યાન આપવા અંગેની છે. યુએનસીઆરપીડી અગાઉથી વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓમાં રહેલી ગૌણ વિકલાંગતા અટકાવવા વિશે વાત કરે છે. ભારતમાં કુપોષણ અને બીમારીઓને લીધે થતી ઘણી વિકલાંગતાઓને અટકાવી શકાય તેમ છે - પરંતુ રોકવાના પાસાંનો વિશેષ અધિકાર સશક્તિકરણ સાથે સંબંધિત મંત્રાલયનો નહીં, પણ આરોગ્ય મંત્રાલયનો છે. વિકલાંગતા અટકાવવાના લક્ષ્ય સાથે કામ કરતા ઘણા લોકોનો એવો મત છે કે 'વિકલાંગતા અટકાવવા'નું લક્ષ્ય આ કાયદા હેઠળ આરોગ્ય માટેનાં તમામ સંસાધનોની ફાળવણીને 'જન્મ અગાઉના પરીક્ષણ' તરફ વાળી દેશે, કારણ કે વિશ્વને વિકલાંગતા માટે અનુકૂળ બનાવવા કરતાં વિકલાંગતાને દૂર કરવી વધુ સરળ છે. ગત સંસદ સત્ર વખતે દેખાવો ચાલુ હતા તે દરમિયાન એક દલીલ એવી કરવામાં આવી હતી કે બિલ તેના વર્તમાન સ્વરૂપમાં પસાર થવું જોઈએ, અને સ્વતંત્ર પ્રશ્નોને પછીથી સુધારા દ્વારા હલ કરી શકાય છે. પરંતુ, 'પીડબ્લ્યુડી અધિનિયમ, ૧૯૯૫'નો અનુભવ ખાસ પ્રોત્સાહક નથી રહ્યો. ૧૯૯૬માં સુધારાઓની વિચારણાના એક માત્ર ઉદ્દેશ્યથી જ સમિતિ રચવામાં આવી હોવા છતાં, તે અધિનિયમમાં કશો સુધારો કરવામાં આવ્યો નહીં. ખામીઓની અનુસૂચિ અને વિસ્તૃત વ્યાખ્યા (જેમાં કુલ ૧૮ વિકલાંગતાઓને સમાવવામાં આવી છે, જ્યારે પીડબ્લ્યુડી ઍક્ટ, ૧૯૯૫માં ફક્ત ૭ ખામીઓ સામેલ કરવામાં આવી છે), વિકલાંગતા ધરાવનારી અન્ય વ્યક્તિઓને કાયદા હેઠળ આવરી લેશે અને તેમને તેમના હક્કો મેળવવાની પાત્રતા આપશે એ આધાર પર કાર્યકર્તાઓએ બિલ ઘડવાની કામગીરીને ટેકો પણ આપ્યો હતો. આ ખામીઓ તથા આ સહિતની અન્ય ઘણી ખામીઓને માન્યતા મળવી જરૂરી છે, પરંતુ પરિસ્થિતિ રાતોરાત બદલાય તે શક્ય નથી. નવા બિલમાં ઑટિઝમ, સ્પેક્ટ્રમ ડિસોર્ડર, સેરેબ્રલ પાલ્સી, ક્રોનિક ન્યૂરૉલોજિકલ કન્ડિશન, અંધત્વ, બહેરાશ, મલ્ટિપલ સ્કલેરોસિસ, હિમોફિલિયા, બૌદ્ધિક વિકલાંગતા, મસ્ક્યુલર ડાઈસ્ટ્રૉફી, શીખવાને લગતી નિશ્ચિત વિકલાંગતા, બોલવાની તથા ભાષાની વિકલાંગતા, થૅલેસેમિયા, સિકલ સેલ ડિસિઝ તથા નિશ્ચિત વિકલાંગતા તરીકે એકથી વધુ વિકલાંગતાઓનો સમાવેશ થાય છે.

'નિશ્ચિત વિકલાંગતા'ના લેબલની સાથે-સાથે વિકલાંગતાની ટકાવારી પણ મહત્ત્વની છે - રોજગાર અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અનામતની

જુઓ પૃષ્ઠ 51

## આપણી વાત

# સર્વસમાવેશી અને વિકલાંગતા-કેન્દ્રી આપત્તિના જોખમનો ઘટાડો: વ્યૂહાત્મક વિચારો અને દરમ્યાનગીરી આધારિત બાબતો

'ઉન્નતિ'નાં **સુશ્રી દીપા સોનપાલ** અને ડેન્માર્કની મેટ્રોપોલિટન યુનિવર્સિટી ખાતેનાં વૈશ્વિક પોષણ અને આરોગ્ય વિષયનાં સહાયક પ્રાધ્યાપક **ડૉ. સુશ્રી વનમાલા હીરાનંદાની** દ્વારા લખાયેલા આ લેખમાં આપત્તિ જોખમ ઘટાડામાં વિકલાંગતાના મુદ્દાનો સમાવેશ કરવા માટેની પૂર્વભૂમિકા આપવામાં આવી છે. ઉપરાંત, વૈશ્વિક પ્રયાસો અને ધોરણોના સંદર્ભમાં તે માટેના માર્ગો સૂચવવામાં આવ્યા છે. સૌને માટે સર્વત્ર અવરોધમુક્ત વાતાવરણ સર્જવાના પ્રયાસો કેવી રીતે સૌની સહભાગિતા સાથે કરવા જોઈએ એ અંગે આ લેખમાં રજૂઆત કરવામાં આવી છે.

### પ્રસ્તાવના

વિકાસની પ્રક્રિયામાં બાકાત રહી ગયેલાં અસહાય અને છેવાડાનાં જૂથોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ, ખાસ કરીને, આપત્તિની પરિસ્થિતિમાં સૌથી વધુ અલગ પડી ગયેલી રહે છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને આપત્તિની વધારે અસર થાય છે અને વિકલાંગતાને પરિણામે સીધી કે આડકતરી રીતે વિકલાંગ લોકોની સંખ્યામાં વધારો થાય છે. આ અંગે બહુ જ મર્યાદિત માહિતી પ્રાપ્ત થાય છે, પરંતુ પુરાવા એમ દર્શાવે છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ રાહતની વ્યવસ્થાના ટૂંકા ગાળામાં અને પુનર્વસનના લાંબા ગાળાના કાર્યક્રમમાં, એમ બંનેમાં, સૌથી વધુ બાકાત રહી જાય છે અને છેવાડે રહી જાય છે. આ લેખમાં આપત્તિ જોખમ ઘટાડામાં વિકલાંગતાના મુદ્દાનો સમાવેશ કરવા માટે હિમાયત કરવામાં આવી છે. તેમાં હિતધારકોની ભાગીદારી દ્વારા સમાવેશ માટેના પ્રયાસો મજબૂત બને તે માટે વ્યૂહાત્મક દરમ્યાનગીરીઓમાંથી નવા વિચારો જન્મે તેવો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે.

### ૧. સંસાધનોની પ્રાપ્તિમાં ભેદભાવ

આપત્તિમાં અને કટોકટીની પરિસ્થિતિમાં માનવ સંસાધનો અને નાણાકીય સંસાધનોનો અભાવ હોય છે અને સંચાર વ્યવસ્થા ખોરંભે પડી ગઈ હોય છે. તેમાં વિકલાંગ લોકો પ્રત્યે સૌથી છેલ્લે ધ્યાન આપવામાં આવે છે, અને તેમને છેલ્લે માહિતી આપવામાં આવે છે. રાહત પૂરી પાડતાં સંગઠનો અન્ય અસ્તિત્વલક્ષી જરૂરિયાતો પર વધારે ધ્યાન આપે છે અને વિકલાંગ લોકોની જરૂરિયાતોને મોટે ભાગે અવગણવામાં આવે છે. વિકલાંગ લોકોનો આમેય કોઈ અવાજ હોતો નથી અને તેથી તેમને અવગણવામાં આવે અને તેમની સાથે ભેદભાવપૂર્ણ વ્યવહાર કરવામાં આવે એવી સંભાવના રહે છે. મહિલાઓ, છોકરીઓ, અનેક પ્રકારની વિકલાંગતા ધરાવતા લોકો અને માનસિક બીમારી ધરાવતા લોકોને સંપૂર્ણપણે અવગણવામાં આવે એવી સંભાવના રહે છે. તેમને આરોગ્ય અને શિક્ષણ જેવી સેવાઓ મળતી નથી તથા અન્ન, પાણી, સફાઈ જેવી પાયાની સવલતો પણ મળતી નથી. આ બધું તેમની શારીરિક ખામી, અવરોધો અને માહિતીના અભાવને કારણે બને છે.

### ૨. સંવેદનશીલતાનો અભાવ અને અદૃશ્યતા

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સામાજિક કલંકની માન્યતા, સાંસ્કૃતિક માનસ અને માન્યતાઓને લીધે ભારે બાદબાકી અને અવહેલનાનો અનુભવ કરવો પડે છે. ભારત જેવા દેશોમાં તો તે કર્મના સિદ્ધાંત ઉપર આધારિત છે. આપત્તિની પરિસ્થિતિમાં આ વલણ વધારે જોવા મળે છે, કારણ કે સંસાધનોની અછત હોય છે અને મોટી લડાઈમાં જે ઓછા શક્તિશાળી લોકો હોય છે તેઓ હારી જાય છે. તેથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અદૃશ્ય બને છે. જેઓ વિકલાંગ છે જ અને જેઓ આપત્તિને લીધે વિકલાંગ બને છે એ બધી જ વિકલાંગ વ્યક્તિઓ આપત્તિ પછીની કામગીરીમાં ક્યાંય દેખાતી જ નથી. કટોકટીની સ્થિતિમાં પરિવારો અને સમુદાયો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ત્યજી દે છે. તેમને સ્થળાંતર, પ્રતિભાવ અને પુનર્સ્થાપનની પ્રક્રિયામાં સાથે રાખવામાં આવતી નથી. રાહત અને પુનર્વસનનું કાર્ય કરનારાં સંગઠનો પણ સાધનોની અછત હોવાને લીધે તેમના પર ધ્યાન આપતાં નથી અને એ સંજોગોમાં શું કરવું જોઈએ તેના વિશે તેમનું જ્ઞાન પણ મર્યાદિત હોય છે.

### ૩. વર્તમાન નીતિઓનો ખરાબ અમલ

અનેક અભ્યાસોએ એમ સાબિત કર્યું છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમના રોજિંદા જીવનમાં અન્યાય અને ભેદભાવનો અનુભવ કરે છે, કારણ કે તેમના માટેના કાયદા અને નીતિઓનો ખરાબ અમલ થાય છે. કટોકટીની સ્થિતિમાં તો તે ચરમ સીમાએ પહોંચે છે, કારણ કે કાયદો અને વ્યવસ્થા જળવતાં નથી અને સૌએ અસ્તિત્વની લડાઈ લડવાની હોય છે. તેવા સમયે વિકલાંગ વ્યક્તિઓ સામાન્ય રીતે બાકાત રહી જાય છે. સામાન્ય રીતે, વિકલાંગ વ્યક્તિઓ માટે

બજેટમાં જે નાણાં ફાળવાયાં હોય છે તેમનો પૂરતો ઉપયોગ થતો નથી તેનાથી પણ આ બાબત સાબિત થાય છે. વિકલાંગ વ્યક્તિઓ સાથે સંબંધિત કાયદાઓમાં જે તંત્રની વ્યવસ્થા કરવામાં આવી હોય છે તેમના અમલ માટે કોઈ દેખરેખની વ્યવસ્થા હોતી નથી અને તેથી અમલ થતો નથી.

## વ્યૂહાત્મક દરમ્યાનગીરીઓ

વ્યવહારમાં જે દરમ્યાનગીરીઓ કરવામાં આવી છે તેના અનુભવોને આધારે અને આપત્તિઓમાં વિકલાંગ લોકોની જે સ્થિતિ થાય છે તેને આધારે અમે નીચે મુજબની વ્યૂહાત્મક દરમ્યાનગીરીઓ સૂચવીએ છીએઃ

**૧. સૌને માટે અવરોધ–મુક્ત પર્યાવરણ સર્જવું**

આદર્શ બાબત એ છે કે તમામ જાહેર સ્થળો સૌને માટે પહોંચક્ષમ હોવાં જોઈએ, પણ ઘણી વાર એવું હોતું નથી. તેથી સરકાર દ્વારા બંધાયેલાં તમામ મકાનો અને ખાનગી ડેવલપરો દ્વારા બંધાતાં તમામ મકાનો વૃદ્ધો, સગર્ભા સ્ત્રીઓ, બાળકો અને વિકલાંગો એમ સૌને માટે પહોંચક્ષમ બનાવવાં જોઈએ અને તેમાં પુન-ર્બાંધકામની જરૂર હોય તો તે પણ થવું જોઈએ. તેમાં સાર્વત્રિક ડિઝાઈનના સિદ્ધાંતોને ધ્યાનમાં લેવા જોઈએ. આ કાર્યમાં સ્થપતિઓ, ડિઝાઈનરો, સરકાર, ઈજનેરો, આયોજકો, બિલ્ડરો, ડેવલપર્સ, કંપનીઓ વગેરેને સામેલ કરવાં પડે તેમ છે. તેમની સાથે વિકલાંગોને અને તેમનાં સંગઠનોને નિર્ણય પ્રક્રિયાના તમામ તબક્કે સામેલ કરવાં જોઈએ. વિકલાંગોનાં જૂથો સહિતનાં તમામ જૂથોની જરૂરિયાતો પરિપૂર્ણ થાય તે જરૂરી છે. એટલે ઢાળ ઊભો કરવાથી જ પહોંચનું કામ શરૂ થાય અને પૂરું થાય એવું ના બને. તેમાં લિફ્ટ, સંકેતો, કેડીઓ, અરીસાઓ, બારીઓ, રમત-ગમત અને મનોરંજન માટેના વિસ્તારો, વટેમાર્ગ અને ક્રોસિંગ, પરિવહનની વ્યવસ્થા વગેરેનો સમાવેશ થવો જોઈએ.

**૨. નિર્ણય પ્રક્રિયાના તમામ સ્તરે વિકલાંગો અને તેમનાં સંગઠનોની સહભાગિતા**

આપત્તિનું જોખમ ઘટાડવાના વિવિધ તબક્કા એટલે કે રાહત, પુનર્વસન, નિવારણ અને આપત્તિના સામનાની તૈયારીમાં વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની જરૂરિયાતો વિવિધ પ્રકારની હોય છે. દરેક તબક્કે, દરેક પ્રકારની વિકલાંગ વ્યક્તિઓ અને તેમનાં સંગઠનોને સામેલ કરવાં જોઈએ. તેમની સામેલગીરી, આયોજન, દેખરેખ અને નીતિ નિર્ધારણમાં હોવી જોઈએ કે જેથી તેમની જરૂરિયાતો પરિપૂર્ણ થઈ શકે. આ તમામ વિકલાંગોમાં દૃષ્ટિની ક્ષતિ ધરાવતા લોકો, સંપૂર્ણપણે અંધ વ્યક્તિઓ, બહેરાશ ધરાવતી વ્યક્તિઓ, બોલવાની અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ, સેરિબ્રલ પાલ્સી અને વ્યક્તિઓ વગેરે સૌનો સમાવેશ થાય. તેમને સૌને નિર્ણય પ્રક્રિયામાં સામેલ કરવા જોઈએ.

**૩. તમામ વંચિત જૂથોને માહિતી મળે તે માટેનાં સાધનો વિકસાવવાં**

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ શિક્ષણથી વંચિત રહે છે અને સંચાર માટે તેમને જુદાં સાધનોની પણ ઘણી વાર જરૂર પડે છે. આપત્તિની આગોતરી જાણકારી વિકલાંગો સુધી પહોંચે તે માટે સંશોધન કરવાની જરૂર છે અને એ જાણકારી એવી રીતે અપાવી જોઈએ કે જેથી તે તમામ પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સુધી પહોંચે. બ્રેઈલ લિપિમાં, ટૅક્ટાઈલ નકશાઓમાં, દૃશ્ય-શ્રાવ્ય સાધનો અને સંકેતોમાં, સાંકેતિક ભાષામાં, મોટા અક્ષરોમાં આ માહિતી પહોંચાડવી જરૂરી બને છે કે જેથી એ આસાનીથી વાંચી શકાય અને સમજી શકાય. આમાંની ઘણી બધી સામગ્રી વિકલાંગ લોકોનાં સંગઠનો સાથે વિચાર-વિમર્શ કરીને વિકસાવવી જોઈએ, કે જેથી આપત્તિ દરમ્યાન એનો ઉપયોગ પણ આસાનીથી થઈ શકે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને તેમના પરિવારોને આગોતરી ચેતવણીની વ્યવસ્થાનો તો લાભ મળવો જ જોઈએ, પણ સાથે સાથે તેમને રાહત સેવાઓ અને તબીબી સહાય પણ ઉપલબ્ધ થવી જોઈએ. ઉપરાંત, તેમને માનસિક-સામાજિક સલાહ અને સંભાળ તથા તે માટે જરૂરી સાધનો પણ મળવાં જોઈએ. ઘણી વાર આપત્તિ દરમ્યાન એ સાધનો તૂટી જાય અથવા નાશ પામે એવું બને છે અને તેથી તે તેમને ફરીથી ઉપલબ્ધ થવાં જોઈએ. તેમને વળતરનાં પૅકેજ, રાહત શિબિરો, હંગામી આશ્રયસ્થાનો અને કાયમી નિવાસો વગેરે વિશેની માહિતી પણ મળવી જોઈએ. સમુદાયમાં રાબેતા મુજબની પ્રવૃત્તિઓમાં તેઓ સામેલ થવા જોઈએ. તેમને ઔપચારિક તથા અનૌપચારિક શિક્ષણ મળવું જોઈએ અને જીવનનિર્વાહની તકો મળવી જોઈએ. આ બધું પણ ત્યારે જ શક્ય બને કે જ્યારે તેમને સમયસર એ બધા વિશે માહિતી મળે. જો આ માહિતી અને સેવાઓ ના મળે તો વિકલાંગ લોકો ફરી એક વાર વધુ ગરીબીમાં ધકેલાઈ જાય છે અને પછી તેમના પુનર્વસન માટે વધુ પ્રયાસોની જરૂર પડે છે.

**૪. વર્તમાન આપત્તિ જોખમ ઘટાડાની યોજનાઓ અને દરમ્યાનગીરીઓમાં વિકલાંગતાના મુદ્દાનો સમાવેશ**

હજુ સુધી વિકલાંગતાના મુદ્દાને તબીબી અભિગમથી જ જોવામાં આવે છે કે જેમાં માત્ર શારીરિક ખામી દૂર કરવાનો કે સુધારવાનો જ સમાવેશ થાય છે. પરિણામે, આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતો અને

ચિકિત્સકોનું જ તેમાં વર્ચસ્વ રહે છે. વિકલાંગ લોકોની જરૂરિયાતો, તેમનાં હિતો અને તેમની આકાંક્ષાઓ માનવીય હોય છે અને અન્ય મનુષ્યો જેવી જ હોય છે. રાહત, પુનર્વસન, આપત્તિના સામનાની તૈયારી અને લાંબા ગાળાની આપત્તિ જોખમ ઘટાડાની યોજનાઓ અને તમામ કાર્યક્રમોમાં વિકલાંગ લોકોનો તથા મહિલાઓનો સમાવેશ થવો જોઈએ. ત્યારપછી વિકલાંગ લોકોનો અને મહિલાઓનો સમાવેશ કરવા માટે કોઈ વિશેષ પ્રયાસોની જરૂર નહિ પડે, તે તો સતત સમાવેશ પામતા જ રહેશે.

**૫. અસહાયતામાં ઘટાડા માટે હિતધારકોનું ક્ષમતાવર્ધન અને તેમાં મહિલાઓ તથા વિકલાંગો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું**

વિકલાંગતાના સામાજિક મૉડેલમાં એમ સ્વીકારવામાં આવ્યું છે કે સમાજમાં જે અનેક અવરોધો છે તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના વિકાસની પ્રક્રિયાને મર્યાદિત બનાવે છે. તેથી વિકલાંગતા એ એક વિકાસલક્ષી મુદ્દો છે અને ગરીબી ઘટાડવા માટે વિકલાંગ લોકોના ફાળાનો સમાવેશ કરવો જરૂરી છે એ બાબતો વિવિધ હિતધારકોને એ બાબતે અભિમુખ અને સંવેદનશીલ બનાવવા જરૂરી છે. અનુભવો એમ સૂચવે છે કે ઘણી વાર નાગરિક સમાજ અને સરકાર વિકલાંગતાના સમાવેશ માટે શું કરવું અને કેવી રીતે કરવું કે તે જાણતા હોતા નથી. વિકલાંગો, તેમનાં સંગઠનો અને પુનર્વસનની સંસ્થાઓનું સંકલન, સરકાર, ચિકિત્સકો, આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતો, સ્થપતિઓ, ડિઝાઈનરો, સેવાઓના પુરવઠાકારો અને શિક્ષણ ક્ષેત્રના તજ્જ્ઞો સાથે થાય એ આવશ્યક છે કે જેથી વિકલાંગતાનાં ટેકનિકલ પાસાં વિશેની સમજ ઊભી થાય તેમ જ વિકલાંગતા, મહિલાઓ તથા આપત્તિ જોખમ ઘટાડા વિશે સંશોધન હાથ ધરાય.

**૬. ગામથી આંતરરાષ્ટ્રીય સ્તર સુધી આપત્તિ જોખમ ઘટાડામાં વિકલાંગોના સમાવેશ માટે લોબિંગ અને હિમાયત**

મોટા ભાગનાં વિકાસલક્ષી સંગઠનોની કાર્યસૂચિમાં હજુ પણ વિકલાંગતાનો સમાવેશ કરવામાં આવ્યો નથી. જોકે, સામાજિક મૉડેલના આગમનથી વ્યક્તિ-કેન્દ્રી, આરોગ્ય અને કલ્યાણલક્ષી અભિગમ હવે દૂર થયો છે ખરો. આપત્તિની પરિસ્થિતિમાં વિકલાંગતાને મુખ્ય પ્રવાહનો મુદ્દો બનાવવાનાં મોટા ભાગનાં ઉદાહરણો પ્રતિક્રિયાત્મક છે, ક્રિયાત્મક નથી. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેમાં આપત્તિ અગાઉ, આપત્તિ દરમ્યાન અને આપત્તિ પછી સામેલ કરવાની આવશ્યકતા છે. હ્યુગો ફ્રેમવર્ક ફોર ઍક્શન (૨૦૦૫-૧૫), આપત્તિ ઘટાડા અંગેની વૈશ્વિક પરિષદમાં સ્વીકારાયું છે તેમાં પણ કુદરતી આપત્તિઓ સામે જગતને વધુ સલામત બનાવવાની વાત છે પણ તેમાં પણ વિકલાંગતાનો સમાવેશ કરાયો નથી.

જોકે, કેટલાંક આંતરરાષ્ટ્રીય બિન-સરકારી સંગઠનો દ્વારા જે સ્ફિયર ધોરણો સ્વીકારવામાં આવ્યાં છે તે માનવતાવાદી સહાય માટે છે. તેમાં આપત્તિગ્રસ્ત લોકો માટે ગુણવત્તાયુક્ત સહાયની વ્યવસ્થા ઊભી કરવા અનેક બાબતોનો સમાવેશ કરાયો છે. તેમાં રાજ્યોનું ઉત્તરદાયિત્વ ઊભું થાય તે માટે પ્રયાસો કરવા પડશે. સ્ફિયર ધોરણોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સાથેસાથે બાળકો, વૃદ્ધો, મહિલાઓ અને એઈડ્સગ્રસ્ત લોકોનો પણ સમાવેશ કરાયો છે. તેમાં આકલન, પ્રતિભાવ, લક્ષ્યાંકન, દેખરેખ અને મૂલ્યાંકનમાં તમામ જૂથોનાં પ્રતિનિધિત્વ અને સહભાગિતા સંબંધી બાબતોનાં નિશ્ચિત ધોરણો છે. આ ધોરણોમાં સહાય પહોંચાડનારા કાર્યકરોની ક્ષમતા અને જવાબદારીઓ, સંચાલન, ટેકારૂપ સ્ટાફ વગેરે જેવી બાબતોનો પણ સમાવેશ થાય છે. ૨૦૦૭માં બિવાકો મિલેનિયમ ફ્રેમવર્કની મધ્યસત્રીય સમીક્ષા સમયે આપત્તિ જોખમ ઘટાડામાં વિકલાંગતાનો સમાવેશ કરવા માટે સ્પષ્ટ વ્યૂહરચના ઘડવામાં આવી હતી. તેમાં હ્યુગો ફ્રેમવર્ક ફોર ઍક્શનનો પણ સમાવેશ થયો હતો. આપત્તિના સામનાની તૈયારી અને આપત્તિ પછી પુનર્બાંધકામની પ્રવૃત્તિઓમાં માળખાગત સવલતોના વિકાસમાં સાર્વત્રિક ડિઝાઈનનો સમાવેશ કરવાના ખ્યાલનો તેમાં સમાવેશ થયો છે. સીઆરપીડીની કલમ-૧૧ જોખમ અને માનવતાવાદી કટોકટીની સ્થિતિ વિશે છે. તેમાં જોખમની સ્થિતિમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને આવરી લેવામાં આવી છે. આ જોખમો સશસ્ત્ર સંઘર્ષો, માનવતાવાદી કટોકટીઓ અને કુદરતી આપત્તિઓને લીધે ઊભાં થઈ શકે છે. આ બધી બાબતો છતાં અનેક ખામીઓ હજુ પ્રવર્તે છે. અને આપત્તિ જોખમ ઘટાડામાં વિકલાંગતાના મુદ્દાનો સમાવેશ થાય તે માટે નીચે જણાવેલાં પગલાં લેવાવાં જોઈએઃ

૧. આપત્તિ જોખમ ઘટાડામાં વિકલાંગતાનો સમાવેશ કરવાનું મહત્ત્વ તમામ હિતધારકોને સમજાવવું જોઈએ. વળી, વિકલાંગતાને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે નીતિઓ, પેટા કાયદાઓ, માહિતીની વ્યવસ્થાઓ, માળખાગત સવલતો વગેરેનું નિર્માણ થાય અને સમાજનાં વલણો તે માટે સતત સુદૃઢ થાય તેવું પર્યાવરણ ઊભું કરવાની જરૂર છે.
૨. ભૂકંપ, પૂર અને વાવાઝોડા જેવી આપત્તિઓ વેળા વિકલાંગો અને ઈજાગ્રસ્તોને સલામત સ્થળે ખસેડવા માટે સમુદાયનાં માળખાંને ટેકો આપવો અને સલામતીનાં પગલાં લેવાં.
૩. આયોજન, દેખરેખ અને મૂલ્યાંકન માટેની યોગ્ય વ્યવસ્થા ગોઠવવી કે જેથી વિકલાંગતાને અસરકારક રીતે મુખ્ય પ્રવાહમાં લાવી શકાય.

**જુઓ પૃષ્ઠ 52**

# ધ વીમેન વીથ ડિસેબિલિટિઝ ઇન્ડિયા નેટવર્ક (ડબ્લ્યુડબ્લ્યુડીઆઈએન)

વિકલાંગતા ધરાવતી મહિલાઓએ સંગઠિત થઈને 'ધ વિમેન વીથ ડિસેબિલિટિઝ ઇન્ડિયા નેટવર્ક' નામના સ્વતંત્ર મંચની રચના કરી છે. આ જૂથની શરૂઆત 'શાંતા મેમોરિયલ રિહેબિલિટેશન સેન્ટર' (એસએમઆરસી) દ્વારા કરવામાં આવી હતી. સંગઠનના સભ્યો, ભારત તથા આંતરરાષ્ટ્રીય સ્તરે વિકલાંગતા ધરાવતી મહિલાઓએ વેઠવી પડતી મુશ્કેલીઓના ઉકેલ માટે ૨૦-૨૫ વર્ષથી કાર્યરત છે. હાલના તબક્કે દેશભરમાં આ સંગઠનના આશરે ૫૦૦ સભ્યો છે અને તે વિકલાંગતા ક્ષેત્રમાં આગેવાની લઈ રહ્યા છે. અહિંસક, ન્યાયપૂર્ણ અને સમાન વિશ્વ રચવાના ઉદ્દેશ્ય સાથે સંગઠિત થઈને, જાતિગત પ્રશ્નો પર કામ કરવું એ આ નેટવર્કનું ધ્યેય છે.

આ નેટવર્કની પ્રથમ બેઠક નવી દિલ્લી ખાતે પહેલી ઑક્ટોબર, ૨૦૧૨ના રોજ યોજાઈ હતી. તે બે સ્તરે કામ કરી રહ્યું છે:

- વર્ચ્યુઅલ પ્લૅટફોર્મ તરીકે, જ્યાં મહિલાઓ તેમના વિચારોનું આદાન-પ્રદાન કરે છે અને પગલાં ભરવાં જરૂરી હોય તેવા કિસ્સામાં ઝડપી કામગીરી કરે છે.
- ખાસ કરીને ઇન્ટરનેટની સુવિધા ન ધરાવતી હોય તેવી મહિલાઓ પણ તેમના વિચારો રજૂ કરી શકે અને જરૂરી પગલાં ભરી શકાય તે જરૂરી છે. તે સંબંધિત પ્રશ્નો પરની વિગતો એકઠી કરવા માટે એક વર્ષ કરતાં વધુ સમયથી દેશભરમાં બેઠકો યોજવામાં આવે છે.

**સભ્યો:**
આ ક્રોસ ડિસેબિલિટિ (બધી જ પ્રકારની વિકલાંગતા ધરાવતી મહિલાઓ) નેટવર્ક છે. તે વિકલાંગતા ધરાવતી મહિલાઓ (ડબ્લ્યુડબ્લ્યુડી) સાથે અને તેમના દ્વારા સંચાલિત છે. અન્ય મહિલાઓ સહયોગી-સભ્યો તરીકે કામ કરે છે, તેઓ નિર્ણય લેવાની કે મતદાન કરવાની સત્તા ધરાવતાં નથી. જાતિ, વર્ગ, જ્ઞાતિ, શહેર કે ગામ, પ્રાંત કે વિકલાંગતાનો ભેદભાવ રાખ્યા વગર તેઓ ડબ્લ્યુડબ્લ્યુડી સાથે કામ કરે છે.

નેટવર્કની કામગીરીની ચર્ચા કરવાની સાથે-સાથે જૂથે નીચેની બાબતમાં વિગતો પૂરી પાડી છે:
'નેશનલ ઍલાયન્સ ઑફ વીમેન્સ ઑર્ગેનાઇઝેશન્સ'ની આગેવાની હેઠળ ભારતમાં મહિલાઓ દ્વારા 'સીઈડીએડબ્લ્યુ ઇન્ડિયા ઑલ્ટરનેટિવ રિપોર્ટ' તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં ભારતમાંથી ભાગ લેનારી મહિલાઓનાં નામ આ મુજબ છે: માલિની છીબ, ભાર્ગવી દાવર, મેરી બરુઆ, અનિતા ઘાઈ, શાંતિ, અલુખા, અંજલી અગ્રવાલ, રત્નબલિ રાય, રાધિકા એન. અલ્કાઝી, જીજા ઘોષ, મીનાક્ષી બી., ઇન્દુમતી રાવ, મધુ સિંઘલ, શિબાની ગુપ્તા, સંધ્યા લિમાયે, મંજુલતા પાન્ડા, વી. જાનકી, ઉષા મહાજન, રીના મોહન્તિ, સીમા બૅંકર, સાગરિકા સાહૂ, સુનિતા દેવી, સુઝેટ જે. ટિટ્સ, સુદીપ્તા મિશ્રા, દીપા સોનપાલ, કિન્નરી દેસાઈ, રીના જૈન, રજની ખંડેલવાલ, કેતના મહેતા, નીતા પંચાલ.

- હાલના ફોજદારી કાયદાને બદલવા માટે દિલ્લીમાં યુવાન મહિલા પર બળાત્કારની ઘટના બાદ સ્થપાયેલા વર્મા પંચના અહેવાલમાં સૂચનો પૂરાં પાડવામાં આવ્યાં.
- જ્યારે વિશ્વ બૅન્કે ભારતમાં કાયદા અનુસારના પહોંચના સિદ્ધાન્તોનું અનુસરણ ન કર્યું ત્યારે પગલાં ભર્યાં.
- તેનાં સભ્યો સુશ્રી રશિદા મંજૂ એસઆરવીએડબ્લ્યુએ (યુએન સોશ્યલ રિપોર્ટિયર ઓન વાયોલૅન્સ અગેઈન્સ્ટ વીમેન) ભારતમાં યોજેલી છ બેઠકો પૈકીની દિલ્લી, મુંબઈ, ચેન્નઇ અને ઇમ્ફાલ ખાતેની (ચાર) બેઠકોમાં તેમને મળ્યાં.
- રાષ્ટ્રીય ને આંતરરાષ્ટ્રીય સ્તરે બીજાં નેટવર્ક સાથે વાર્તાલાપ કર્યો.
- ડિસેબિલિટી ડ્રાફ્ટ બિલ ૨૦૧૪ની હિમાયતની કામગીરી દિલ્લીમાં સંસદગૃહ સાથે ચાલી રહી છે.

## સીઈડીએડબ્લ્યુ માટેનો અહેવાલ

વિકલાંગતાગ્રસ્ત મહિલા (ડબ્લ્યુડબ્લ્યુડી)ને લગતા મુદ્દાઓનો સમાવેશ કરવાની તાકીદની જરૂરિયાત પર ભાર મૂકવાના ઉદ્દેશ્યથી અમે આ અહેવાલ તૈયાર કર્યો છે. ભારત સરકારે ૧૯૯૩માં સીઈડીએડબ્લ્યુને અને ૨૦૦૭માં યુએનસીઆરપીડીને મંજૂરી આપી છે. બંને સંમેલનો વિકલાંગતાગ્રસ્ત છોકરીઓ તથા મહિલાઓના હક્કો અંગે પરસ્પરને મજબૂત કરે છે. તેથી આ અહેવાલમાં સીઆરપીડી અને સીઈડીએડબ્લ્યુ હેઠળ દાખવવામાં આવેલી પ્રતિબદ્ધતાઓ પર સીઈડીએડબ્લ્યુ સમિતિ પાસેથી માહિતીની અપેક્ષાઓને સામેલ કરવામાં આવશે.

**કાનૂની માળખું: પ્રગતિ અને અમલીકરણ**

ભારતના બંધારણનો અનુચ્છેદ-૪૧, જે રાજ્યની નીતિના માર્ગદર્શક સિદ્ધાન્તોનો એક ભાગ છે, તે 'વિકલાંગતા'નો એવી સ્થિતિ તરીકે સ્પષ્ટપણે ઉલ્લેખ કરે છે, જે માટે રાજ્યએ શિક્ષણ, કાર્ય વગેરે સહિતની નિશ્ચિત બાબતોમાં સહાય પૂરી પાડવા માટેનો પ્રયત્ન કરવાનો રહે છે.

જોકે, ભારતીય બંધારણના મૂળભૂત હક્કો પરના અનુચ્છેદ-૧૫ હેઠળ વિકલાંગતાનો ઉલ્લેખ અસમાનતાના પ્રતિબંધિત ધોરણ તરીકે ન કરવામાં આવ્યો હોવા છતાં સુપ્રિમ કૉર્ટે વિકલાંગતા (ક્ષતિગ્રસ્તતા) ધરાવનારી વ્યક્તિઓ (પીબ્લ્યુડી)ને એવા વંચિત જૂથ તરીકે ઓળખાવી છે, જેમને સમાનતાના સિદ્ધાન્તો સમાન રીતે લાગુ પડે છે. પરંતુ, પ્રવર્તમાન કાનૂની તંત્રમાં ભારતમાં ડબ્લ્યુડબ્લ્યુડીને હાંસિયામાં ધકેલી દેવાયાં છે. કાયદાની જોગવાઈઓની અંદર નિશ્ચિત ઉલ્લેખ વિના, અને કાયદાના અમલીકરણ અને અર્થઘટન એ બંનેમાં ડબ્લ્યુડબ્લ્યુડીની ઉપેક્ષા કરવામાં આવે છે.

**વિગતોનો અભાવ**

**(સીઈડીએડબ્લ્યુ જીઆર ૯, સેશન ૮, ૧૯૮૯ અને સીઆરપીડી ૩)**

સરકારી અને બિન-સરકારી એ બંને સ્રોતો પાસેથી મળતી માહિતીમાં વિકલાંગતા અને જાતિ એ બંને અંગેની નહિવત્ વિગતો મળે છે. સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ, રાષ્ટ્રીય પરિવાર આરોગ્ય સર્વે જેવા રાજ્યના રૂટિન વિશાળ માહિતી એકત્રીકરણના પ્રયાસોમાં વિકલાંગતાને સમાવિષ્ટ કરવામાં આવતી નથી. ૨૦૦૧ની વસતિ ગણતરી અને નેશનલ સેમ્પલ સર્વે ૨૦૦૨માં વિકલાંગતા અંગેની પ્રાપ્ય વિગતો, વિકલાંગતાની સમસ્યા અને તેના જાતિગત પ્રભાવો અંગે મર્યાદિત સમજ પૂરી પાડે છે. ડબ્લ્યુડબ્લ્યુડી વિરુદ્ધ હિંસાનું ઊંચું પ્રમાણ હોવા છતાં સરકાર દ્વારા મેળવવામાં આવતા એનસીઆરબી ડેટામાં તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. શાળામાં બાળકોને દાખલ કરાવવા અંગેના આંકડાઓમાં ક્ષતિગ્રસ્ત (વિકલાંગ) બાળકો અંગેની વિગતો અને ડેટાના જાતિગત વર્ગીકરણનો સદંતર અભાવ જોવા મળે છે. 'માનવ સંસાધન વિકાસ મંત્રાલય' દ્વારા હાથ ધરવામાં આવતા દેશભરના અને જિલ્લાઓના સર્વેમાં પણ વિકલાંગતા ધરાવનારા વિદ્યાર્થીઓને સમાવિષ્ટ કરતી નોંધ જોવા મળતી નથી.

**ભેદભાવ:**

**અનુચ્છેદ-૨ (સીઈડીએડબ્લ્યુ), અનુચ્છેદ-૩ અને ૬ (સીઆરપીડી)**

નીતિના સ્તરે, વિકલાંગતા કેન્દ્રિત અને જાતિ કેન્દ્રિત કાર્યક્રમો અને નીતિઓમાં ડબ્લ્યુડબ્લ્યુડીની ઉપેક્ષા કરવામાં આવે છે.

**નીચેનાં ક્ષેત્રોમાં નિશ્ચિત જોગવાઈ નથી:**

- શિક્ષણ અને રોજગારીમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે ૩ ટકાની જોગવાઈ.
- ધ પર્સન્સ વિથ ડિસેબિલિટિઝ (પીડબ્લ્યુડી) અધિનિયમ, ૧૯૯૫ અનુસાર ગરીબી નાબૂદીના તમામ કાર્યક્રમોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ૩ ટકાની ફાળવણી ફરજિયાત છે.
- રાઈટ ટુ ઍજ્યુકેશન (આરટીઈ) અને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના (એમજીનરેગા) જેવા ફ્લૅગશિપ કાર્યક્રમો.
- આયોજનની પ્રક્રિયા કે જાતિગત અંદાજપત્રની નીતિમાં ડબ્લ્યુડબ્લ્યુડીનો કોઈ અલગ વિભાગ નથી.

**કાયદા સમક્ષ સમાનતા**

**અનુચ્છેદ ૧૫ (સીઈડીએડબ્લ્યુ) અને અનુચ્છેદ ૧૨ (સીઆરપીડી)**

ડબ્લ્યુડબ્લ્યુડીને હજી સુધી વાસ્તવિક ધોરણે અને અધિકાર પ્રમાણેની સમાનતા પ્રાપ્ત થઈ નથી. વિકલાંગતાનું કાયદાકીય માળખું કાનૂની ક્ષમતા પર એક પણ અધિકાર ધરાવતું નથી. કૌટુંબિક કાયદાઓ (ફેમિલી લૉ)નો મોટો ભાગ અસ્થિર મગજની વ્યક્તિઓ વિશે, વારસાને લગતો, લગ્નજીવનને લગતો હોય છે. રિપ્રેઝન્ટેશન ઑફ પિપલ્સ ઍક્ટ, ૧૯૫૦માં, મનો-સામાજિક વિકલાંગતા ધરાવનારી વ્યક્તિને મતદાનનો મૂળભૂત અધિકાર આપવામાં આવ્યો નથી. આ પૈકીના કેટલાક કાયદાઓ સરમુખત્યારશાહી ગાર્ડિયનશિપ જોગવાઈઓ ધરાવે છે. વસિયતનામું બનાવવું એ મહિલાઓ માટે, અને તેમાંયે ડબ્લ્યુડબ્લ્યુડી માટે સમસ્યારૂપ છે, કારણ કે વસિયતનામું બનાવવા માટે તેમની સામે કેટલીક શરતો મૂકવામાં આવે છે: ૧. મૂક અને બધિર કે અંધ હોય તેવી વ્યક્તિ ત્યારે જ વસિયત બનાવી શકે, જ્યારે તે પોતે જાણતી હોય કે તે શું કરી રહી છે. ૨. પાગલ વ્યક્તિ વસિયત બનાવી શકે નહીં.

**રાજકીય અધિકારો**

**અનુચ્છેદ ૭ અને સીઆરપીડી અનુચ્છેદ ૨૯**

બંધારણમાં 'અસ્વસ્થ મગજ' અંગેની કોલમમાં મનોવૈજ્ઞાનિક-સામાજિક, બૌદ્ધિક અને સ્વલીનતા (ઑટિઝમ) જેવી નિશ્ચિત વિકલાંગતા ધરાવનારા પુરુષો અને મહિલાઓને મતદાનના અધિકારની મનાઈ ફરમાવવામાં આવી છે. રિપ્રેઝન્ટેશન ઑફ પિપલ્સ ઍક્ટ, ૧૯૫૦ આવી વ્યક્તિઓને મતાધિકાર માટે અને ચૂંટણીમાં ઊભા રહેવા માટે ગેરલાયક ઠરાવે છે. અધિનિયમ, ૧૯૫૦ હેઠળ આ અસમાનતાને દૂર

કરવા માટે કોઈ પ્રયાસ કરવામાં આવ્યો નથી. સ્થાનિક સરકારમાં ભાગ્યે જ એવા ડબ્લ્યુડબ્લ્યુડી છે, જે મહિલાઓ માટે ૫૦ ટકા બેઠકો સુનિશ્ચિત કરતા હોય.

૨૦૦૧ની વસતિ ગણતરીમાં, વિકલાંગતા ધરાવનારી મોટાભાગની વ્યક્તિઓ નિરક્ષર હોવાનું માલૂમ પડ્યું હતું. ફક્ત એક તૃત્યાંશ કરતાં થોડાં જ વધુ ડબ્લ્યુડબ્લ્યુડી (૩૭ ટકા) સાક્ષર હતાં. સૌ માટે શિક્ષણ પરના ભારતના મુખ્ય કાર્યક્રમ 'સર્વ શિક્ષા અભિયાન'માં શાળાએ ન જનારી ૩૦ ટકા છોકરીઓ વિકલાંગતા ધરાવતી હતી. શિક્ષણના અધિકાર હેઠળ ક્ષતિગ્રસ્તતા ધરાવનારી છોકરીઓની પ્રગતિ સાધવામાં આવી હોય એવા કોઈ નક્કર પુરાવા નથી.

એક કરતાં વધુ ક્ષતિ ધરાવનારી, બૌદ્ધિક વિકલાંગતા ધરાવનારી, બોલવાની અને સાંભળવાની વિકલાંગતા ધરાવનારી છોકરીઓને શાળામાં દાખલ કરવાનું અને તેમને શિક્ષણ પૂરું પાડવાનું પ્રમાણ સૌથી નીચું હોવાનું માલૂમ પડ્યું છે. મુખ્યત્વે પ્રત્યાયનમાં અડચણો અને શિક્ષણ માટે સાનુકૂળ વાતાવરણનો અભાવ જેવાં કારણો જવાબદાર છે. ડબ્લ્યુડબ્લ્યુડીને પણ તેમનાં અન્ય ભાઈ-બહેનોની માફક સમાન ધોરણે શિક્ષણ આપવું જરૂરી છે તેવી જાગૃતિનો પણ પરિવારોમાં અભાવ જોવા મળે છે. સલામત પરિવહનના વિકલ્પોના અભાવે વિકલાંગ છોકરીઓ ભાગ્યે જ શાળા સુધી પહોંચી શકે છે. ઉપરાંત, શાળામાં શૌચાલયો તથા અન્ય જરૂરી સુવિધાઓનો અભાવ પણ વિકલાંગ છોકરીઓના શિક્ષણ આડે મોટો અવરોધ ઊભો કરે છે. વળી, ગામડાંઓમાં શૌચાલયોનો અભાવ વિકલાંગ છોકરીઓની જાતીય સતામણીમાં પરિણમે છે. સબળા જેવી યોજનાઓ વિક્લાંગ છોકરીઓ માટે ખાસ જોગવાઈ ધરાવતી નથી.

**કાર્ય અને રોજગારી**

**અનુચ્છેદ ૧૧ (સીઈડીએડબ્લ્યુ) અને અનુચ્છેદ ૨૭ (સીઆરપીડી)**

ડબ્લ્યુડબ્લ્યુડીને વાસ્તવિક અર્થમાં સક્ષમ અને સશક્ત બનાવવા માટે તેમને આર્થિક સ્વતંત્રતા મળે તે જરૂરી છે. જોકે, તેમને ઉત્પાદન કાર્ય કરવા માટે અસક્ષમ અને સમાજ માટે બોજારૂપ ગણીને મુખ્ય પ્રવાહની કાર્યશક્તિમાંથી તેમને બાકાત રાખવામાં આવે છે. ઘણાં લોકો ડબ્લ્યુડબ્લ્યુડીને ગૃહિણી તરીકેની પરંપરાગત ભૂમિકા માટે અયોગ્ય તેમ જ મજૂરી કામ કરનાર કામદારની નવી ભૂમિકા માટે અયોગ્ય સમજે છે (સીઈડીએડબ્લ્યુ અનુચ્છેદ - ૫નું ઉલ્લંઘન). વધુમાં તેમનામાં બુદ્ધિમત્તાનો અભાવ હોવાની માનસિકતા, કાર્ય બજારમાં તેમના વિકાસ અને તકોને રૂંધે છે.

૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ, ૧૫ અને ૫૯ વર્ષની વચ્ચેના વયજૂથના વિકલાંગતા ધરાવનારા એક તૃત્યાંશ કરતાં વધુ (૩૬ ટકા) પુરુષો અને આશરે બે તૃત્યાંશ (૬૮ ટકા) ડબ્લ્યુડબ્લ્યુડી, બિન-કામદાર (નોન વર્કર્સ) હોવાનું માલૂમ પડ્યું હતું. તેની સામે સામાન્ય વસતિમાંથી ફક્ત ૧૯ ટકા પુરુષો અને ૬૦ ટકા મહિલાઓ બિન-કામદારો હોવાનું જાણવા મળ્યું હતું. વિકલાંગતા ન ધરાવનારાં સ્ત્રી-પુરુષોની તુલનામાં વિકલાંગતા ધરાવતાં પુરુષો અને સ્ત્રીઓનો રોજગારી દર નીચો છે. વ્યવસાયિક તાલીમના સંદર્ભમાં મહિલાઓનું પ્રમાણ ગંભીર સ્તરે નીચું છે. (વર્લ્ડ બૅન્ક, ૨૦૦૯: ૧૦૪).

વર્તમાન 'વિકલાંગતા કાનૂની માળખું' ડબ્લ્યુડબ્લ્યુડીની કામ કરવાની ક્ષમતાઓને ઓળખ અપાવવામાં પણ નિષ્ફળ રહ્યું છે. ફરિયાદોની તપાસ કરનારા અધિકારી (વિકલાંગતા માટેના રાષ્ટ્રીય અને રાજ્ય કમિશનર)ને કરવામાં આવતી મોટાભાગની ફરિયાદો વિકલાંગો માટેના ક્વૉટા માટેની વિશેષ જોગવાઈઓ પૂર્ણ ન થવા સંબંધિત, પ્રમોશન સંબંધિત, ઍપોઈન્ટમેન્ટ વગેરેને લગતી હોય છે (ઑફિસ ઑફ ધ ચીફ કમિશનર ફૉર પર્સન્સ વીથ ડિસેબિલિટિઝ, વૉલ્યુમ ૧-૩).

**આરોગ્ય**

**અનુચ્છેદ-૧૨ (સીઈડીએડબ્લ્યુ) અને અનુચ્છેદ ૨૫ (સીઆરપીડી)**

સીઆરપીડીનો અનુચ્છેદ ૨૫ ભેદભાવ રહિત આરોગ્ય સંભાળ, પ્રજોત્પાદન અધિકારો, આરોગ્ય વીમો, આરોગ્ય સંબંધિત સુધારણા અને જાહેર આરોગ્ય કાર્યક્રમો મેળવવાની સમાન પહોંચની સુવિધા પૂરી પાડે છે. ભારતમાં વિકલાંગતા સ્વયં પીડબ્લ્યુડી માટે આરોગ્યને લગતો ચિંતાનો મુખ્ય વિષય છે.

સરકાર ધીમે-ધીમે આરોગ્ય ક્ષેત્ર પરની પકડ ઢીલી કરી રહી છે. પરિવારની અંદર જ સંસાધનોની અન્યાયપૂર્ણ વહેંચણી, આરોગ્યની મૂળભૂત સુવિધાઓ સુધીની પહોંચનો અભાવ વગેરેના કારણે ડબ્લ્યુડબ્લ્યુડીની સ્થિતિ વધુ કથળે છે. ડબ્લ્યુડબ્લ્યુડીની આર્થિક સ્થિતિ અત્યંત કંગાળ હોય છે, કારણ કે વિકલાંગતા ન ધરાવતી હોય તેવી મહિલાઓની તુલનામાં વિકલાંગતા ધરાવતી મહિલાઓનું વિધવા થવાનું પ્રમાણ ચાર ગણું વધારે જોવા મળે છે. તેના પરથી આરોગ્યની સંભાળના અભાવનો ખ્યાલ આવે છે. એટલું જ નહીં, વિકલાંગતા ક્ષેત્રમાં પણ, આરોગ્ય સંબંધિત સેવાઓની પહોંચ અને ઉપયોગના સંદર્ભમાં જાતિગત તફાવત સ્પષ્ટ નજરે ચઢે છે. સારવારની સેવાઓ અને મદદ તથા સાધનોની વહેંચણીની પહોંચ અંગેની વિગતો પરથી એ સાબિત પણ થયું છે.

**૧. બળજબરીપૂર્વક અટકાયત અને સારવાર**
મનોવૈજ્ઞાનિક-સામાજિક અને બૌદ્ધિક (માનસિક) વિકલાંગતા ધરાવનારી મહિલાઓ સૌથી વધુ વંચિત હોવાથી મહિલાઓના અધિકારો એ મુખ્ય સમસ્યા છે. 'મેન્ટલ હૅલ્થ ઍક્ટ ૧૯૮૭' પ્રમાણે મનોવૈજ્ઞાનિક-સામાજિક વિકલાંગતા ધરાવનારી મહિલાઓની સારવારમાં, સારવારની સંમતિના મામલે રાજ્ય હજી પણ 'અસક્ષમ' રહ્યું છે. પુરુષોને પ્રારંભિક તબક્કામાં સારવાર માટે હૉસ્પિટલ કે આશ્રય સ્થાનમાં દાખલ કરવામાં આવે છે, જ્યારે મહિલાઓની માંદગી વધારે તીવ્ર બને, ત્યાર બાદ જ તેમને દાખલ કરવામાં આવે છે. સારવાર પછી મહિલાઓને ભાગ્યે જ ઘરે પરત લાવવામાં આવે છે. છેતરપિંડી કરીને બંધનમાં રાખવા ઉપરાંત, ઇલેક્ટ્રો-કન્વલ્સિવ થેરેપી (ઇસીટી) દ્વારા શૉક ટ્રિટમેન્ટની વિપરીત અસરો થતી હોવા છતાં તેનો દુરુપયોગ કરવામાં આવે છે.

**૨. બળજબરીપૂર્વક કુટુંબ નિયોજન (સ્ટરિલાઇઝેશન), ગર્ભપાત અને યુથનેસિયા (અસાધ્ય રોગમાં સહજ મરણ નીપજાવવું)**
સંસ્થાઓમાં અને પરિવાર દ્વારા બળજબરીપૂર્વક સ્ટરિલાઈઝેશન એ માનવ હક્કના મામલે ચિંતાનો વિષય છે (ફડકે, ૧૯૯૪). સીઈડીએડબ્લ્યુ જીઆર નં. ૨૪(૧૯૯૯) હોવા છતાં સંમતિ વગરના કુટુંબ નિયોજન (સ્ટરિલાઈઝેશન) પર પ્રતિબંધ ફરમાવતી કોઈ કાનૂની જોગવાઈ નથી.

ગર્ભાવસ્થા અને પ્રસૂતિ બાદની સંભાળ સંબંધિત કુટુંબ નિયોજનની સેવાઓમાં ડબ્લ્યુડબ્લ્યુડીને ભાગ્યે જ સામેલ કરવામાં આવે છે. ગર્ભનિરોધક સુધીની તેમની પહોંચ તેમની પસંદગી અનુસાર પ્રાપ્ય નથી હોતી. આ ગર્ભનિરોધકોનો બિન-સંમતિજન્ય ઉપયોગ કરવાથી તેમના શરીર પરના તેમના અધિકારનો ભંગ થાય છે.

પીસીપીએનડીટી અધિનિયમ (૧૯૯૪, ૨૦૦૩) સેક્સ સિલેક્શન પર પ્રતિબંધ મૂકે છે, ત્યારે વિકલાંગતાના આધારે તે પસંદગીની છૂટ આપે છે, જે સામાજિક ધોરણે અસ્વીકૃત છે, કારણ કે તે યુથેનેસિયા પર આધારિત છે, તેથી આ કાયદામાં બદલાવ જરૂરી છે.

**હિંસા અને પજવણી-સીઈડીએડબ્લ્યુ (અનુચ્છેદ ૧૫) અને સીઆરપીડી (અનુચ્છેદ ૧૫ અને ૧૬)**
તમામ સ્તરની હિંસા એ ડબ્લ્યુડબ્લ્યુડી માટે વ્યક્તિગત અનુભવ તરીકે અને માળખાકીય વાસ્તવિકતા તરીકે ચિંતાનો ગંભીર મુદ્દો છે, જે તેમને જીવનના તમામ તબક્કે અન્યાયી પુરવાર થાય છે. હિંસાના પ્રશ્ને ગંભીર પ્રશ્નો સંસ્થા અને ઘર એમ બંને ક્ષેત્રોએ જોવા મળે છે:

**૧. સંસ્થાની અંદર હિંસા**
વિકલાંગતા ધરાવતી છોકરીઓ અને મહિલાઓના માટે સંસ્થાઓમાં માનસિક આરોગ્ય સુવિધા કેન્દ્રો, કેર હોમ, રહેવાની સગવડ ધરાવતી હૉસ્ટેલ, હાફવે હોમ, નિરાશ્રિતો માટેનાં રહેઠાણો, વિશિષ્ટ જરૂરિયાતો ધરાવનારાં બાળકો માટેનાં જુવેનાઇલ હોમ, વ્યવસાયિક તાલીમ સંસ્થાઓ અને ધાર્મિક સ્થળોનો સમાવેશ થાય છે. આ સ્થળોની અંદર થતી હિંસામાં બંધન, ગંદકી, સાર્વજનિક બાથરૂમ, ખાસ કરીને માસિક ધર્મ દરમિયાન કપડાંની સગવડ ન હોવી, શારીરિક પજવણી અને જાતીય હિંસાનો સમાવેશ થતો હોય છે તથા તેનું પુનરાવર્તન પણ થતું રહેતું હોય છે.

વધુમાં, દેખરેખની જોગવાઈનો લગભગ અમલ થતો જ નથી. આમ, ખાનગી એકમો દ્વારા સંચાલિત સંસ્થાઓમાં સ્ટાફનું ઉત્તરદાયિત્વ અને રાજ્યની જવાબદારી ઘટી જતી હોય છે. જ્યાં માનસિક-સામાજિક વિકલાંગતા ધરાવનારી સ્ત્રીઓને પ્રાર્થના અને મેલી વિદ્યા દ્વારા સારવાર માટે લઈ જવાતી હોય તેવાં ધર્મસ્થળોએ રાજ્યની જવાબદારી અને ઉત્તરદાયિત્વનો સદંતર અભાવ હોય છે.

મૅન્ટલ હૉસ્પિટલમાં આચરવામાં આવતી જાતીય હિંસાની નોંધ લેવાતી નથી. ત્યાં સારવાર હેઠળ રખાયેલી મહિલાઓ સાથે આચરવામાં આવતી અન્ય માનસિક અને શારીરિક હિંસાની પણ નોંધ લેવામાં આવતી નથી. વધુમાં, હિંસા પ્રત્યે અધિકારીઓ, સ્ટાફ અને કાળજી લેનારાઓની અસંવેદનશીલતા સમસ્યાને વધુ ગંભીર બનાવે છે.

**૨. ઘરની અંદર હિંસા**
તમામ મહિલાઓ વિરુદ્ધ ઘરમાં આચરવામાં આવતી હિંસાના પ્રશ્ન પર ધ્યાન આપવા માટે ઘરેલૂ હિંસા અધિનિયમ, ૨૦૦૫ અમલી બન્યો હોવા છતાં, ડબ્લ્યુડબ્લ્યુડીએ સંબંધીઓ દ્વારા ગંભીર પ્રકારની પજવણીનો સામનો કરવો પડે છે (મલયાલમ મનોરમા, ૨૦૧૧). તેમાં તેમને બાંધી રાખવા, મૂળભૂત ચીજવસ્તુઓ કે સુવિધાઓ ન આપવી, એકાંતમાં રાખવા, માનસિક પજવણી, તરછોડવું વગેરેનો સમાવેશ થાય છે. વિકલાંગતાના દ્રષ્ટિકોણથી, ઘરમાં હિંસા અને સતામણીની સમસ્યાને દૂર કરવા આડેના બે અવરોધો છે, કાનૂન ફક્ત એવી જ સ્થિતિમાં કાર્યવાહી કરે છે, જ્યાં લાંબાગાળાનો સંબંધ ધરાવતા પુરુષ સભ્ય હોય જેની સાથે મહિલા પારિવારિક સંબંધમાં રહેતી હોય. તેમાં લાંબાગાળાનો સંબંધ ધરાવતી અને સંભાળ લેનાર વ્યક્તિઓને આવરી લેવાતી નથી. તેમ છતાં પરિવારના પીડબ્લ્યુડી સભ્યના લાભ અને કાળજી માટે મૂકવામાં આવેલી મિલકત (સ્થાયી

અને જંગમ) પર નિયંત્રણ મેળવવા માટે પરિવારની અંદર સતામણી અને હિંસા આચરવામાં આવતી હોય તે સામાન્ય બાબત છે.

**૩. સંઘર્ષપૂર્ણ પ્રદેશોમાં હિંસા**

સંઘર્ષપૂર્ણ વિસ્તારોમાં રહેનારી ડબ્લ્યુડબ્લ્યુડી માટે હિંસાનાં પરિબળો સંઘર્ષયુક્ત વાતાવરણમાં વધુ ઉત્તેજનાસભર બને છે, અને તેઓ સહેલાઈથી સતામણી અને હિંસાના શિકાર બને છે. ગોળીબાર અને સુરંગના ખોદકામને કારણે વિકલાંગતા ઉપરાંત, ડબ્લ્યુડબ્લ્યુડીમાં પોસ્ટ ટ્રોમેટિક સ્ટ્રેસ ડિસઓર્ડરનું પણ ઊંચું પ્રમાણ જોવા મળ્યું છે. અન્ય કોઈ પણ પરિસ્થિતિ કરતાં આ પરિસ્થિતિ ડબ્લ્યુડબ્લ્યુડી મહિલા માટે વધુ સમસ્યારૂપ હોય છે.

**કુટુંબ જીવન અને માતૃત્વ-સીઈડીએડબ્લ્યુ (અનુચ્છેદ ૫, ૧૨, ૧૬), સીઆરપીડી અનુચ્છેદ ૨૨: ગુપ્તતાનો આદર**

ખાસ કરીને બૌદ્ધિક વિકલાંગતા ધરાવનારાં ઘણાં ડબ્લ્યુડબ્લ્યુડીને કુટુંબ જીવન અને માતૃત્વથી વંચિત રાખવામાં આવે છે. એટલું જ નહીં, તેમના દત્તક લેવાના અધિકાર અને સિંગલ મધરહૂડ (એકલા હાથે બાળકનો ઉછેર)ના અધિકારનો પણ ઇન્કાર કરવામાં આવે છે. ડબ્લ્યુડબ્લ્યુડી વિશેના પરંપરાગત વિચારોને કારણે તેમને કુટુંબ જીવનથી અળગાં રાખવામાં આવે છે. ઘણી ડબ્લ્યુડબ્લ્યુડીનાં બીજી પત્ની તરીકે લગ્ન કરવામાં આવે છે, જેના કારણે લગ્નને લગતા કોઈ લાભ કે રક્ષણ માટે આવી મહિલાઓ કાનૂની રીતે દાવો કરી શકતી નથી. તેથી, લગ્ન બાદ તેમનું શોષણ થાય છે, તેમની પજવણી થાય છે અને તેમની સાથે હિંસા આચરવામાં આવે છે, જે અંગે તપાસની કોઈ વ્યવસ્થા નથી. બાળકો ધરાવનારી ડબ્લ્યુડબ્લ્યુડી મહિલાઓ પાસેથી બળજબરીપૂર્વક તેમનાં બાળકોને છિનવી લઈને બાળકોની સંભાળ અન્યને સોંપવામાં આવે છે. ઘણાં લગ્નો દહેજનાં કારણોસર થયાં હોવાથી છૂટાછેડાનું પ્રમાણ ઘણું ઊંચું છે. આ પરિસ્થિતિ ખાળવા માટે પુનર્વસવાટ અને અન્ય સુવિધાઓ પૂરી પાડવાને બદલે ઘણાં રાજ્યોએ લગ્નમાં જબરદસ્તીની શરૂઆત કરી છે.

ડબ્લ્યુડબ્લ્યુડીની લગ્નની તકો વધારવાના નામે ડબ્લ્યુડબ્લ્યુડી પર થતી હિંસામાં વધારો કરતી અનૈતિક યોજના આંચકાજનક રીતે ચાલી રહી છે. મહારાષ્ટ્ર, છત્તિસગઢ, હિમાચલ પ્રદેશ વગેરે જેવાં રાજ્યોમાં ચાલી રહેલી યોજનાઓમાં જો વિકલાંગતા ન ધરાવનારી વ્યક્તિ પીડબ્લ્યુડી સાથે લગ્ન કરે, તો વિકલાંગતા ન ધરાવતી વ્યક્તિને ૫,૦૦૦થી લઈને ૫૦,૦૦૦ રૂપિયા સુધીના નાણાકીય લાભો ચૂકવવામાં આવે છે. તેથી, આ નાણાકીય લાભ મેળવવા માટે ડબ્લ્યુડબ્લ્યુડીનો એક સાધન તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

**ગ્રામીણ મહિલાઓ (સીઈડીએડબ્લ્યુ અનુચ્છેદ ૧૪ અને સીઆરપીડી અનુચ્છેદ ૯, ૨૫, ૨૬)**

વિકલાંગતા ધરાવનારી ૭૫.૦૩ ટકા જેટલી મહિલાઓ ગ્રામીણ વિસ્તારોમાં રહે છે અને તે પૈકીની મોટા ભાગની મહિલાઓ આરોગ્યની સંભાળથી વંચિત છે અને તેમનો સાક્ષરતા દર પણ ઘણો જ નીચો છે. મોટાભાગની મહિલાઓ કૃષિ સંબંધિત પ્રવૃત્તિઓમાં કામ કરે છે, પરંતુ આ પ્રવૃત્તિઓ માટે ઑર્થોટિક્સ અને પ્રૉસ્થેટિક્સ બનાવવામાં આવતાં નથી. ગ્રામીણ વિકાસ અંગે ભારતમાં ઘણી યોજનાઓ છે, પરંતુ વિકલાંગતાના ક્ષેત્ર પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું નથી. સ્વસહાય જૂથોમાં ત્રણ ટકા અનામતની જોગવાઈ છે, પરંતુ મહિલાઓ તેનો ઉપયોગ કરે છે કે કેમ તે વિશે કોઈ માહિતી પ્રાપ્ય નથી. ગ્રામીણ વિસ્તારોમાં શૌચાલયનો અભાવ એ મુખ્ય સમસ્યા છે, જેના કારણે મહિલાઓ પર બળાત્કારનું પ્રમાણ ઘણું વધી જાય છે. જમ્મુ અને કશ્મીર, મણિપુર વગેરે જેવા પર્વતીય વિસ્તારોમાં પ્રત્યાયન મુશ્કેલ હોવાથી ત્યાં મહિલાઓ દાક્તરી સારવાર મેળવી શકતી નથી.

**પહોંચ (સીઆરપીડી અનુચ્છેદ ૯)**

સીઆરપીડી 'ઇન્ડિયન નેશનલ ડિસેબિલિટી ઍક્ટ, ૧૯૯૫' પહોંચ (પ્રાપ્યતા)ને મૂળભૂત હક ગણાવે છે. જોકે, પ્રક્રિયામાં ડબ્લ્યુડબ્લ્યુડીનો સમાવેશ ન થતો હોવાથી ન્યાય વ્યવસ્થા (ફૅમિલી કૉર્ટ સહિતની અદાલતો) સુધીની પહોંચનો અભાવ પ્રવર્તે છે અને પોલીસ સ્ટેશનો પણ પહોંચની બહાર રહી જાય છે. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકારની ધ એઇડ ઍન્ડ ઍપ્લાયન્સિઝ (એડીઆઈપી) યોજનામાં ડબ્લ્યુડબ્લ્યુડી માટે પૂરતું પરિમાણ, માપદંડો અને નિશ્ચિત વિકલ્પો નથી. દિલ્લીમાં તાજેતરમાં બનેલી બળાત્કારની ઘટનાઓ માટે અયોગ્ય આયોજન, પગપાળા જનારા મુસાફરો માટેની માળખાકીય સુવિધામાં પૂરતા પ્રકાશનો અભાવ, અંધકારભર્યાં સ્થળો અને ઇમારતોની ઊંચી દીવાલો પણ જવાબદાર છે.

સરકારી યોજનાઓ સુધીની પહોંચ મેળવવા આડે પણ ઘણી અડચણો રહેલી છે. મહિલાઓ એવી ફરિયાદ કરે છે કે યોજનાનો લાભ મેળવવા માટેના જરૂરી આધાર કાર્ડ તેમને ફાળવવામાં આવતાં નથી, કારણ કે તેમાં હાથ કે આંખ દ્વારા ઓળખ જરૂરી હોય છે.

**એજન્સી**

વિકલાંગતા ધરાવનારી મહિલાઓ પીડિત હોય છે, પરંતુ સાથે-સાથે

તેઓ પરિવર્તનનો ચીલો પણ ચાતરે છે. આ અહેવાલમાં પ્રદાન આપનારી ચારસો મહિલાઓ પોતપોતાનાં ક્ષેત્રોમાં નેતૃત્વ સંભાળી રહી છે. શિક્ષણના ક્ષેત્રથી લઈને ગ્રામીણ સ્વ-સહાય જૂથના આગેવાન તેમ જ સ્વૈચ્છિક સંસ્થાનું વડપણ તેઓ સંભાળે છે.

## સૂચિત પ્રશ્નો

**સીઈડીએડબ્લ્યુ - અનુચ્છેદ ૧, ૨, ૩, ૪ અને ૫ (સીઆરપીડી અનુચ્છેદ ૩, ૬ અને ૯)**

**પ્રશ્ન:** સમાનતાનું વાતાવરણ સર્જવા માટે ક્યા કાયદા અપનાવવામાં આવ્યા છે? શું તેનો પ્રસાર અને અમલ કરવામાં આવ્યો છે?

**માહિતી:** વિકલાંગતા તથા જાતિ, વય, સામાજિક-આર્થિક દરજ્જો, જ્ઞાતિ, વંશ વગેરે જેવાં પરિબળોના આધારે વિકલાંગતા ધરાવતી છોકરીઓ અને મહિલાઓ સાથે રાખવામાં આવતા ભેદભાવ સામે તેમને સલામતી પૂરી પાડવા માટે ક્યાં કાયદાકીય પગલાં ભરવામાં આવ્યાં છે?

**પ્રશ્ન:** સરકારની તાલીમ અને સંવેદનશીલતા માટે ક્યા કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે?

**માહિતી:** વિકલાંગતા ધરાવનારી મહિલાઓ તથા છોકરીઓના અધિકારો તેમ જ લાભોની સંપૂર્ણ અને અસરકારક જાણકારી મેળવવા સામે અડચણરૂપ બનતા અભિગમના અવરોધો પર ધ્યાન આપવા માટે આવી તાલીમની અસરકારકતા પરનો અહેવાલ.

**પ્રશ્ન:** ૧. ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૫ હેઠળ મહિલાઓ માટેની વિશિષ્ટ જોગવાઈ હેઠળ વિકલાંગતા ધરાવતી છોકરીઓ અને મહિલાઓએ વેઠવા પડતા ભેદભાવ અને અસમાનતાના નિશ્ચિત પ્રશ્ન પર ધ્યાન આપવા માટે ક્યાં વિશિષ્ટ કામચલાઉ પગલાં ભરવામાં આવ્યાં છે?

૨. માધ્યમો તથા સામાજિક અને સાંસ્કૃતિક વ્યવસ્થામાં ડબ્લ્યુડબ્લ્યુડીની બિનપરંપરાગત છબિને પ્રોત્સાહિત કરવા માટે ક્યાં પગલાં ભરવામાં આવ્યાં છે?

**માહિતી:** આ સંબંધે વિકલાંગતા ધરાવતી છોકરીઓ અને સ્ત્રીઓની વિગતો (વિકલાંગતા અને ઉંમર અંગેની) એકત્રિત કરવા માટે ક્યાં પગલાં ભરવામાં આવ્યાં છે?

**રાજકીય અધિકારો-અનુચ્છેદ-૭ અને સીઆરપીડી અનુચ્છેદ ૨૯**

**પ્રશ્ન:** શું રિપ્રેઝન્ટેશન ઑફ પિપલ્સ ઍક્ટ, ૧૯૫૦ હેઠળ ભેદભાવને દૂર કરવા માટે કોઈ પ્રયાસ કરવામાં આવ્યો છે કે કેમ?

**માહિતી:** ડબ્લ્યુડબ્લ્યડી તેમને મળનારા તમામ નાગરિક અને રાજકીય અધિકારો ભોગવે અને તેમના તે અધિકારો છિનવાય નહીં તે સુનિશ્ચિત કરવા માટે ક્યાં પગલાં ભરવામાં આવ્યાં છે?

**કાનૂની ક્ષમતા-સીઈડીએડબ્લ્યુ અનુચ્છેદ ૧૫ અને સીઆરપીડી અનુચ્છેદ ૧૨**

**પ્રશ્ન:** શું વિકલાંગતા ધરાવનારી મહિલાઓ, અન્ય લોકોની સાથે સમાન ધોરણે કાનૂની ક્ષમતાનો ઉપયોગ કરવા માટે સક્ષમ છે?

**માહિતી:** વિકલાંગતા ધરાવનારી તમામ મહિલાઓને બધા 'નાગરિક અને ફોજદારી કાનૂન' હેઠળ પૂર્ણ કાનૂની ક્ષમતાની જોગવાઈ સુનિશ્ચિત કરવા માટે ક્યાં પગલાં ભરવામાં આવ્યાં છે?

**પ્રશ્ન:** ડબ્લ્યુડબ્લ્યુડી ન્યાય સુધીની પહોંચ ધરાવી શકે તે માટે ક્યાં પગલાં ભરવામાં આવ્યાં છે?

**માહિતી:** શું ડબ્લ્યુડબ્લ્યુડી માટે કોઈ નિ:શુલ્ક કાયદાકીય સેવાઓ ઉપલબ્ધ છે અને શું પોલીસ સ્ટેશન તથા અદાલતો સુધી તેઓ પહોંચ ધરાવે છે? શું ડબ્લ્યુડબ્લ્યુડીના સમાવેશ સાથે માપદંડ અને માર્ગદર્શિકાઓના વિકાસમાં સાર્વત્રિક રૂપરેખા (યુનિવર્સલ ડિઝાઇન)ના ઉપયોગનો પ્રસાર કરવામાં આવ્યો છે? શું બળાત્કાર અને અન્ય પ્રકારની સાર્વત્રિક જાતીય સતામણીના પીડિતોને ન્યાય મળી રહે તે માટે કોઈ પગલાં ભરવામાં આવ્યાં છે? શું આ બનાવો અંગેની વિગતો ઉપલબ્ધ છે?

**શિક્ષણ: સીઈડીએડબ્લ્યુ અનુચ્છેદ ૧૦ અને સીઆરપીડી અનુચ્છેદ ૨૪**

**પ્રશ્ન:** શું ડબ્લ્યુડબ્લ્યુડીની શૈક્ષણિક સહભાગિતામાં રહેલી અસમાનતાને ઘટાડવા માટે સરકારે કોઈ પગલાં ભર્યાં છે?

**માહિતી:** શાળાપ્રવેશ અને શાળા છોડી દેવાના સંદર્ભમાં 'સર્વ શિક્ષા અભિયાન' હેઠળ વિકલાંગતા ધરાવનારી છોકરીઓ અંગેની વય અને વિકલાંગતા સંબંધિત વિગતો એકત્રિત કરવા માટે ક્યાં પગલાં ભરવામાં આવ્યાં છે? વિકલાંગતા ધરાવનારી છોકરીઓની શૈક્ષણિક સંસ્થાઓમાં, દરમિયાનગીરી, તાલીમ, નીતિ અને કાર્યક્રમોના માધ્યમથી શાળાપ્રવેશ અને શાળામાં ટકાવી રાખવા બાબતે ક્યાં પગલાં ભરવામાં આવ્યાં છે?

**કાર્ય: સીઈડીએડબ્લ્યુ અનુચ્છેદ ૧૧ અને સીઆરપીડી અનુચ્છેદ ૨૭**

**પ્રશ્ન:** વિવિધ શ્રમ કાયદાઓ અને સરકારની રોજગાર અંગેની જોગવાઈઓ હેઠળ વિકલાંગતા ધરાવનારી મહિલાઓ માટેની તકોની અસમાનતા ઘટાડવા માટે ક્યું કાયદાકીય માળખું વિકસાવવામાં આવ્યું છે?

**માહિતી:** પર્સન્સ વીથ ડિસેબિલિટિઝ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ સહભાગિતા) અધિનિયમ, ૧૯૯૫ હેઠળની રોજગાર જોગવાઈઓ અંતર્ગત વિકલાંગ પુરુષોની સરખામણીમાં રોજગાર મેળવનારી વિકલાંગ મહિલાઓની વર્તમાન ટકાવારી કેટલી છે? નોકરીઓ અને યોજનાઓમાં મહિલાઓ માટે ૩ ટકા અનામત હેઠળ (વિકલાંગતા, વય અને સામાજિક-આર્થિક દરજ્જાના સંદર્ભમાં) વિગતો એકઠી કરવા માટે ક્યાં પગલાં ભરવામાં આવ્યાં છે?

**આરોગ્ય-સીઈડીએડબ્લ્યુ અનુચ્છેદ ૧૨ અને સીઆરપીડી અનુચ્છેદ ૨૫**

**પ્રશ્ન:** વિકલાંગતા ધરાવનારી છોકરીઓ અને મહિલાઓને સરકારી અને ખાનગી હૉસ્પિટલોમાં બળજબરીપૂર્વક સ્ટરિલાઈઝેશન (વંધ્ય બનાવવા)થી બચાવવા માટે ક્યાં કાનૂની પગલાં ભરવામાં આવ્યાં છે?

**માહિતી:** આ મામલે કાયદાઓ અને સૂચનાઓ.

**પ્રશ્ન:** વિકલાંગતા ધરાવનારી મહિલાઓ અને છોકરીઓની કાળજી, રક્ષણ અને સારવાર માટે માનસિક આરોગ્ય સુવિધા પૂરી પાડતી સંસ્થાઓમાં થતી નિરંકુશ હિંસા અને પજવણીની સમસ્યા પર ધ્યાન આપવા માટે ક્યાં પગલાં ભરવામાં આવ્યાં છે?

**માહિતી**: ધાર્મિક સ્થળોએ તેમ જ જ્યાં વિકલાંગતા ધરાવતી સ્ત્રીઓ અને છોકરીઓને બળજબરીપૂર્વક અને હિંસક સ્થિતિમાં સારવાર માટે લઈ જવાતી હોય તેવાં સ્થળોએ પૂરી પાડવામાં આવતી સારવાર માટે ઉત્તરદાયિત્વ સર્જવા માટે ક્યાં પગલાં ભરવામાં આવ્યાં છે?

**પ્રશ્ન:** શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં વિકલાંગતા ધરાવનારી મહિલાઓ તથા છોકરીઓની વિકલાંગતા સંબંધિત આરોગ્ય સંભાળ, પ્રજનનલક્ષી આરોગ્યની જરૂરિયાતો અને આરોગ્યની સામાન્ય સંભાળ માટે જાહેર તેમ જ ખાનગી આરોગ્ય સંભાળ કેન્દ્રોમાં આરોગ્યની સુવિધાઓ મેળવવા આડેના અવરોધો દૂર કરવા માટે ક્યાં પગલાં ભરવામાં આવ્યાં છે?

**પ્રશ્ન:** વિકલાંગતાના સંદર્ભમાં યુથેનેસિયાનાં પગલાં પૂરા પાડતા પીસીપીએનડીટી અધિનિયમમાં સુધારો કરવા માટે શું સરકારે કોઈ પગલાં ભર્યાં છે?

**હિંસા: સીઈડીએડબ્લ્યુ અનુચ્છેદ ૧૫ તથા સીઆરપીડી અનુચ્છેદ ૧૫ અને ૧૬**

**પ્રશ્ન:** વિકલાંગતા ધરાવતી મહિલાઓ અને છોકરીઓને હિંસા, સતામણી, શોષણ અને ત્રાસ સામે રક્ષણ પૂરું પાડવા માટે ક્યાં કાયદાકીય અને જાગૃતિનાં પગલાં ભરવામાં આવ્યાં છે?

**માહિતી:** હિંસા, સતામણી અને ત્રાસના કિસ્સામાં (વિકલાંગતા અને વય સંબંધિત) વિગતો એકત્રિત કરવા માટે ક્યાં પગલાં ભરવામાં આવ્યાં છે?

**કુટુંબ જીવન અને માતૃત્વ: સીઈડીએડબ્લ્યુ અનુચ્છેદ ૧૬ (૧૨ અને ૧૫) તથા સીઆરપીડી અનુચ્છેદ ૨૨ અને ૨૩**

**પ્રશ્ન:** શું મહિલાઓ તેમની ગુપ્તતા સાથે ગેરકાયદેસર હસ્તક્ષેપ વિના સ્વતંત્રતાનો અનુભવ કરે છે?

**માહિતી:** વિકલાંગતા ધરાવતી સ્ત્રીઓનાં લગ્ન, પરિવાર દ્વારા સરકારી યોજના હેઠળનો નાણાકીય લાભ મેળવવાના હેતુસર બળજબરીપૂર્વક બાંધવામાં આવતા લગ્ન સંબંધમાં ન પરિણમે તે સુનિશ્ચિત કરવા માટે ક્યાં પગલાં ભરવામાં આવ્યાં છે?

**માહિતી એકત્રિકરણ: સીઈડીએડબ્લ્યુ જીઆર ૧૯૮૯નું સેશન-૮ અને સીઆરપીડી અનુચ્છેદ ૩૧: આંકડાકીય વિગતો અને માહિતી એકત્રિકરણ**

**પ્રશ્ન:** વિભાજિત વિકલાંગતા માહિતી વ્યવસ્થા શરૂ કરવા અને તેનો અમલ કરવા માટે ક્યાં પગલાં ભરવામાં આવ્યાં છે?

**માહિતી:** એકત્રિત કરવામાં આવેલી વિગતોના આધારે શિક્ષણ, આરોગ્ય, કામ (સંગઠિત અને અસંગઠિત) તથા રાજકીય ક્ષેત્રમાં વિકલાંગ મહિલાઓની સહભાગિતાની સ્થિતિનાં શું તારણો છે?

**ડબલ્યુડબલ્યુડી ઇન્ડિયા નેટવર્કની બેઠકોમાં સહભાગીઓ દ્વારા પૂરા પાડવામાં આવનારાં સૂચિત કેસ, ભલામણો અને પ્રશ્નો:**

**બળજબરીપૂર્વક અટકાયત અને સારવાર:** એક યુવાન સ્ત્રી માલિની છીબને શાંતિપૂર્વક સાંભળી રહી હતી. માલિની છીબ મહિલા ચળવળ ક્ષેત્રે સક્રિય છે. પૂણે ખાતે એક બેઠકમાં તેઓ લૈંગિકતા પર બોલી રહ્યાં હતાં. આખરે તે સ્ત્રીએ ચૂપકિદી તોડી અને પોતાની આપવિતી જણાવી. તેનો પતિ બળજબરીપૂર્વક તેને કેદ કરતો હતો અને માનસિક આશ્રયગૃહમાં તેની સારવાર કરાવવામાં આવતી હતી. તેને તેનાં બાળકોથી દૂર રાખવામાં આવતી હતી. ડૉક્ટરે તેને કહ્યું હતું કે તે ગુસ્સે થઈ જતી હોવાથી અને શંકાશીલ હોવાથી તેની સારવાર કરવામાં આવતી હતી. તેની મંજૂરી વિના તેને ભારે દવાઓ અને ઇસીટી આપવામાં આવતાં હતાં. આખરે તેણે દવાઓ બંધ કરી દીધી અને દવાઓ વિના તેને સારું લાગતું હતું. ૨૦૦૭માં તેના પતિએ છૂટાછેડા માટે અરજી કરી. તેના પતિએ તેમનાં બાળકો અને ફ્લૅટના કબજા માટે પણ અરજી કરી. તેનો કેસ ફેમિલી કૉર્ટમાં ચાલી રહ્યો છે. તેનો પતિ વચગાળાના મેઇન્ટેઈનન્સ તરીકે રૂ. ૭,૦૦૦ ચૂકવે છે, જ્યારે તેની કમાણી મહિને રૂ. ૧,૫૦,૦૦૦ છે અને તેણે તેની પત્ની

પાસેથી બાળકોને લઈ લીધાં છે (પૂણે, ડબ્લ્યુડબ્લ્યુડી મિટિંગ).

**સંઘર્ષપૂર્ણ ઝોનમાં ડબ્લ્યુડબ્લ્યુડી**

તે અંધ છે. તેનો પતિ ડ્રાઈવર હતો અને પોલીસ દ્વારા નકલી એન્કાઉન્ટરમાં તે માર્યો ગયો. પોલીસ તેનાં સાસરિયાઓને પણ નિશાન બનાવી શકે તેમ હોઈને તેણે તેમનાથી અલગ થવું પડયું. તેના બે પુત્રો અને તેનું ગુજરાન રૂ. ૨,૦૦૦થી ચાલે છે, જે દર મહિને તેને એક સ્વૈચ્છિક સંસ્થા દ્વારા આપવામાં આવે છે. કેટલીક વખત ચોખા લેવા માટે તે પોતાના સાસરે જાય છે. તેનાં સાસરિયાં ખેતરોમાં ડાંગર વાવે છે. આ ખેતરો તેની પતિની માલિકીનાં હતાં (ઇમ્ફાલ, મણિપુર મિટિંગ, ૧૮મી ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ).

જમ્મુ અને કશ્મિરની જમીન-સુરંગમાં શૂટિંગ અને આત્મઘાતી હુમલા સામાન્ય છે. ચાર બાળકોની માતા શ્રીનગરમાં દાલ સરોવર નજીક આવા જ એક સુસાઈડ બૉમ્બર (આત્મઘાતી બૉમ્બર)ના હુમલાથી ઈજાગ્રસ્ત થઈ હતી. હુમલામાં તેણે તેનો પતિ ગુમાવ્યો. તેણે પોતાની દ્રષ્ટિ ગુમાવી દીધી, જેના કારણે તે કામ નથી કરી શકતી. તેનો ૧૪ વર્ષનો પુત્ર તેની સંભાળ લે છે (૧૧મી મે, ૨૦૧૩ના રોજ શ્રીનગરમાં મિટિંગ ખાતે સહભાગી દ્વારા પૂરો પાડવામાં આવેલો કેસ).

**સ્ટરિલાઈઝેશન (કુટુંબ નિયોજન)**

ડિપ્રો-૫ (ડીઈપીઆરઓ-૫) જેવી ગર્ભનિરોધક ગોળીઓનો ઉપયોગ કરીને કુટુંબ નિયોજન (સંસ્થાકીય સ્ટરિલાઈઝેશન) કરવા પર સરકાર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, પરંતુ બૅંગ્લુરુમાં ગોળીનો વપરાશ સામાન્ય છે. (બૅંગ્લુરુ મિટિંગમાં સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકર, ૪ ફેબ્રુઆરી, ૨૦૧૩). આંધ્ર પ્રદેશમાં બૌદ્ધિક વિકલાંગતા ધરાવનારી છોકરીઓ પર ગર્ભાશય કાઢી નાખવાનું ઑપરેશન કરવાનું પ્રચલન હોવાનું મહેબૂબનગર તાલુકાની ગ્રામીણ મહિલાઓએ જણાવ્યું. આવા આશરે ૨૦ કેસોનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું હતું.

**શિક્ષણ**

ગ્રામીણ શાળાઓમાં કાં તો શૌચાલયો નથી હોતાં, અને જો હોય, તો તે સુવિધાજનક નથી હોતાં, તેથી છોકરીઓને પેશાબનો ચેપ લાગે છે અને માસિકધર્મમાં હોય ત્યારે કપડું બદલી નથી શકતી (હૈદરાબાદ, ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૩).

સરકાર પાસે રાષ્ટ્રીય કક્ષાએ ફક્ત એક જ પ્રતિષ્ઠિત 'સંકેત - ભાષા સંસ્થા' હોવાથી સંકેત ભાષાના શિક્ષકો (સાઇન લૅંગ્વેજ ટીચર્સ)નો અભાવ નિરક્ષરતામાં પરિણમ્યો છે. તેના કારણે સંકેત - ભાષાના શિક્ષકો પરનું ભારણ પણ વધે છે (ચેન્નઈ, ૬ ફેબ્રુઆરી, ૨૦૧૩ અને હૈદરાબાદ ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૩).

**કાર્ય**

શ્રીનગરમાં એક પરિવારના એક ભાઈ અને તેની બે બહેનો સાંભળવાની વિકલાંગતા ધરાવે છે. બંને છોકરીઓ શિક્ષિત છે, પરંતુ તેઓ જ્યાં પણ અરજી કરે, ત્યાં તેમને નોકરી આપવાનો ઈન્કાર કરવામાં આવે છે. છોકરો નોકરી ધરાવે છે (શ્રીનગર, ૧૧ મે, ૨૦૧૩).

ખાનગી સંગઠનમાં કે મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓમાં જ્યાં ડબ્લ્યુડબ્લ્યુડીને રોજગારી આપવામાં આવે, ત્યાં તેમની જાતીય સતામણી કરવામાં આવતી હોય છે. સ્ત્રી-પુરુષ માટે સમાન શૌચાલયો હોય છે, જેથી જ્યારે વ્હિલચેર પર બેઠેલી મહિલા અંદર જાય, ત્યારે તે બારણું બંધ નથી કરી શકતી, તેથી તેણે તેની મિત્રને બહાર ઊભા રહેવા જણાવવું પડે છે, જેથી તેની મિત્ર અન્ય કોઈને અંદર જતાં અટકાવે.

વિકલાંગતા ધરાવનારી દલિત સ્ત્રીએ હાંસિયામાં ધકેલાઈ જવાનો અને જાતીય સતામણીનો સામનો કરવો પડે છે. દિલ્લીની બહારના એક વિસ્તારમાં ત્રણ બાળકોની માતા ૩૫ વર્ષની દલિત મહિલા ઘરકામ કરતી હતી અને પાંચ વ્યક્તિઓ દ્વારા તેના પર સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો.

**લગ્ન અને છૂટાછેડા**

તે સ્ત્રી ૩૦ વર્ષની છે. તેને કરોડરજજૂમાં ઈજા થઈ, ત્યાર બાદ તેના પતિએ તેની બહેન સાથે લગ્ન કર્યાં (ભુવનેશ્વર, ૮ જાન્યુઆરી, ૨૦૧૨). બે વર્ષ બાદ તેને તરછોડી દેવાઈ.

તમિલનાડુમાં મદુરાઈ નજીક એક વિકલાંગતા ધરાવતી સ્ત્રીનાં બીજી પત્ની તરીકે લગ્ન કરાવવામાં આવ્યાં, પરંતુ લગ્નના ૪૦ દિવસ બાદ સરકારી લાભો મેળવી લેવાયા પછી તેને ત્રાસ આપવામાં આવ્યો. તે ગ્રામીણ વિસ્તારમાં રહેતી હોવાથી ત્યાં કાનૂની મદદ મળી શકે તેમ ન હોઈને તે સ્ત્રી કેસ દાખલ કરી શકી નહીં (ચેન્નઈ, ૬ ફેબ્રુઆરી, ૨૦૧૩).

પૂણેની ફેમિલી કૉર્ટમાં અક્ષમ કાયદાઓ મોટાભાગની છૂટાછેડાની કાર્યવાહીઓમાં 'અસ્થિર મગજ' શબ્દ પ્રયોજે છે. શારીરિક બીમારી સાથે મધ્યમ ડિપ્રેશન માલૂમ પડવાના આધારે એક લગ્ન રદ કરવામાં

આવ્યા હતા તથા છેતરપિંડી અને અગાઉના જાતીય સંબંધોના આધારે કેસ દાખલ કરવામાં આવ્યો હતો (પૂણે, ૮ એપ્રિલ, ૨૦૧૩).

**મિલકત**

મારા ભાઈએ બળજબરીપૂર્વક મારી મિલકત આંચકી લીધી છે. હાલ હું નાની ઝૂંપડીમાં રહું છું અને ભોંય પર જ સૂઈ જઉં છું (ચેન્નઈ, ૬ ફેબ્રુઆરી, ૨૦૧૩).

**સંસ્થાઓમાં બળાત્કાર**

રાજસ્થાનના કનૌટામાં બોલવા-સાંભળવાની વિકલાંગતા ધરાવનારી પાંચ યુવાન છોકરીઓ પર નિવાસી શાળા ચલાવનારી સ્વૈચ્છિક સંસ્થાના સ્ટાફના ચાર કાર્યકરો દ્વારા બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. તેમાંથી બે છોકરીઓ પર વારંવાર બળાત્કાર ગુજારાયો હતો અને બાકીની બે છોકરીઓને સતત માર મારવામાં આવ્યો હતો (દિલ્લી મિટિંગ, ૧૮ જૂન, ૨૦૧૩ - રાજસ્થાનના સહભાગી દ્વારા). ૨૦૧૨માં મુંબઈના પનવેલ ખાતેના આશ્રય સ્થાન (શૅલ્ટર હોમ)માં પાંચ બાળકીઓ પર બળાત્કાર ગુજારાયો હતો (પૂણે બેઠક, ૮ એપ્રિલ, ૨૦૧૩).

જોવા અને સાંભળવાની વિકલાંગતા ધરાવતી છોકરીઓ સાથે બળાત્કાર અને ક્રૂરતા આચરવાની ઘટનાઓ ચંદીગઢ, લખનૌ, અલ્હાબાદ અને હરિયાણામાં મોટાપાયે બનતી હોય છે (ભાર્ગવી દાવર દ્વારા સંકલિત અને રજૂ કરાયેલા કેસ, પૂણે, ૮ એપ્રિલ, ૨૦૧૩).

**દલિત ડબ્લ્યુડબ્લ્યુડી સાથે બળાત્કાર અને ગર્ભપાત**

જિંદ, હરિયાણામાં બૌદ્ધિક વિકલાંગતા ધરાવતી ૨૦ વર્ષની એક દલિત કન્યા પર ઉચ્ચ જ્ઞાતિના એક માણસે ૩-૪ વખત બળાત્કાર ગુજાર્યો. યુવતી ગર્ભવતી બની અને તેની મંજૂરી વિના જ તેનો ગર્ભપાત કરી નાંખવામાં આવ્યો. બળાત્કારીએ તેમને લાંચ આપવાનો પ્રયત્ન કર્યો, પણ આખરે કેસ નોંધવામાં આવ્યો.

**ભલામણો**

મહિલાઓ દ્વારા મિટિંગ દરમ્યાન સમિતિને સરકાર સમક્ષ મૂકવામાં માટે કરવામાં આવેલી કેટલીક ભલામણો આ પ્રમાણે છે:

**સર્વોચ્ચ પ્રાથમિકતા**

૧. જાતિ (સ્ત્રી કે પુરુષ) અને વિકલાંગતાના આધારે વર્ગીકૃત વિગતો
૨. મહિલાઓને વિપરીત અસર પહોંચાડનાર એમએચએ જેવા ભેદભાવભર્યા કાયદાઓ દૂર કરવા
૩. કાળજી અને રક્ષણ આપનારી સંસ્થાઓમાં દેખરેખની વ્યવસ્થાનો કડક અમલ કરવો તથા જાહેર અને ખાનગી સંસ્થાઓને પણ તાત્કાલિક અસરથી તેમાં આવરી લેવી.
૪. પીડબ્લ્યુડી સાથે લગ્ન કરવા બદલ વિકલાંગતા ન ધરાવતી હોય તેવી વ્યક્તિને મળતા નાણાકીય લાભ સહિતની રાજ્ય સ્તરની તમામ નીતિઓ રદ કરવી.
૫. બળજબરીપૂર્વક ગર્ભપાત, ગર્ભનિરોધક, કુટુંબ નિયોજન કરવું (સ્ટરિલાઈઝેશન) અને કેદમાં પૂરવા જેવી બાબતોને કાયદા દ્વારા ડબ્લ્યુડબ્લ્યુડી પર મંજૂર કરવામાં ન આવે તે સુનિશ્ચિત કરવું.
૬. પીસીપીએનડીટી અધિનિયમમાંથી વિકલાંગતાની પેટા કલમો દૂર કરવી.
૭. અમુક ચોક્કસ વિકલાંગતાને સાજી કરવાનો દાવો કરતી કે ઇરાદો ધરાવતી ધાર્મિક સંસ્થાઓ (મંદિરો, દરગાહ વગેરે) પર દેખરેખ રાખવા માટે માર્ગદર્શિકાઓ અને કાનૂનો.
૮. કોઈ પણ વ્યક્તિને કોઈ પણ સંજોગોમાં ઇલેક્ટ્રો-કન્વલ્સિવ થેરેપી (ઇસીટી) આપવામાં ન આવે તે સુનિશ્ચિત કરવું. આ જોગવાઈનો ભંગ કરનાર વ્યક્તિને શિક્ષા કરવા માટે બંધારણના કાયદાઓમાં સુધારો કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું.
૯. ડબ્લ્યુડબ્લ્યુડી સામેના ભેદભાવને દૂર કરવા માટે રાષ્ટ્રીય સ્તરે જાગૃતિ અને સંવેદનશીલતા ઊભી કરવી.

**અન્ય**

૧૦. વ્યૂહરચના અને જરૂરી પગલાં ભરવાના આયોજન સાથેની રાષ્ટ્રીય નીતિ
૧૧. નીતિ ઘડવાની કે નિર્ણય લેવાની પ્રક્રિયામાં ડબ્લ્યુડબ્લ્યુડીની સહભાગિતા સુનિશ્ચિત કરવી, મહિલાઓ અંગેની નીતિઓનો અમલ સુનિશ્ચિત કરવો.
૧૨. સીએટી હેઠળ શારીરિક યાતના સામેના વાંધાઓ અંગેની જાણકારી મેળવવા ભારતે વિકલાંગતા અને જાતિ આધારિત અભિગમ સાથે શારીરિક પીડા અંગેનો કાયદો ઘડવો જરૂરી છે.
૧૩. જાતિગત અંદાજપત્રીય પ્રક્રિયામાં સમાવેશ અને પૂરતા ભંડોળની જોગવાઈ.

**નિશ્ચિત ભલામણો**

**શિક્ષણ**

૧૪. યુએનસીઆરપીડી, સીઆરસી અને સીઈડીએડબ્લ્યુ દ્વારા સૂચવ્યા

પ્રમાણે, વિકલાંગતા ધરાવનારી મહિલાઓ અને છોકરીઓના અધિકારોને ધ્યાનમાં રાખીને પ્રાથમિક, માધ્યમિક, વ્યવસાયિક અને બિન-ઔપચારિક શિક્ષણ પરની નીતિઓની સમીક્ષા કરવી. ગ્રામીણ વિસ્તારો સહિતની વિકલાંગતા ધરાવતી મહિલાઓ અને છોકરીઓનો સમાવેશ થાય તે દ્રષ્ટિકોણ સાથે વર્તમાન નીતિઓમાં સુધારા કરવાના ઉદ્દેશ્યથી સમીક્ષા હાથ ધરવી.

૧૫. શૈક્ષણિક સંસ્થાઓમાં માનસિક વિકલાંગ મહિલાઓ અને યુવતીઓની અંગત કાળજી લેવામાં આવે તે માટે યોજનાઓ શરૂ કરવી અને સહાય સેવાઓ પૂરી પાડવી.

૧૬. સરકાર દ્વારા શૈક્ષણિક ખર્ચાઓને પહોંચી વળવા માટે કુટુંબોને પરિવહનના ખર્ચને આવરી લેતાં ભથ્થાંઓ, સ્કૉલરશિપ વગેરે વિશેષ ભથ્થાંઓ આપવા જોઈએ. આ ભથ્થાંઓ પરિવારોના નાણાકીય ખર્ચને ઘટાડવા માટે અસરકારક પુરવાર થાય છે. તેના કારણે શાળાએથી ઊઠાડી લેવાનું પ્રમાણ પણ ઘટે છે.

**કાર્ય અને રોજગારી**

૧૭. ડબ્લ્યુડબ્લ્યુડીની શ્રમ અને શક્તિ સુધીની પહોંચ સુનિશ્ચિત કરવા માટે માળખાકીય સુવિધા, કામગીરીની સ્થિતિ, પ્રત્યાયનમાં સગવડભરી ગોઠવણ.

૧૮. કાર્ય સ્થળે ડબ્લ્યુડબ્લ્યુડીએ વેઠવી પડતી સતામણી પર ધ્યાન આપવા માટે નિશ્ચિત વ્યવસ્થા તંત્ર.

૧૯. ડબ્લ્યુડબ્લ્યુડીને તાલીમ આપવા માટે અને કૌશલ્ય-વર્ધન માટે તથા તેમના સ્વ-રોજગાર માટે રાજ્યોને ખાસ યોજનાઓ ઘડવાનો આદેશ આપવો જોઈએ.

૨૦. ડબ્લ્યુડબ્લ્યુડીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રોજગારીની તકો સાથે સાંકળવામાં આવેલી વ્યવસાયિક તાલીમ પૂરી પાડી શકાય.

**હિંસા**

૨૧. મહિલાઓ વિરુદ્ધ હિંસા સાથે સંબંધિત તમામ કાયદાઓ, નીતિઓ અને કાર્યક્રમોની, વિકલાંગતા પ્રત્યેની સંવેદનશીલતાના દ્રષ્ટિકોણથી સમીક્ષા કરવી.

૨૨. ખાસ કરીને સંસ્થામાં ડબ્લ્યુડબ્લ્યુડીની સતામણીના કિસ્સામાં ધ્યાન આપવા, નિરાકરણ લાવવા અને પુનર્વસવાટના પ્રશ્નો બાબતે માર્ગદર્શિકા અમલી બનાવવી.

૨૩. ડબ્લ્યુડબ્લ્યુડીમાં ઘરેલૂ અધિનિયમ, ૨૦૦૫ સંબંધિત જાગૃતિ ફેલાવવા માટે ખાસ પગલાં ભરવાં.

૨૪. સમસ્યાઓનાં નિવારણ માટેની વ્યવસ્થા પ્રસ્થાપિત થઈ શકે તે માટે મહિલાઓ અને વિકલાંગતાના મુદ્દે તથા હિંસાના મુદ્દા અંગે તાલીમ પૂરી પાડવામાં આવે.

૨૫. જો ડબ્લ્યુડબ્લ્યુડી વિરુદ્ધ હિંસા આચરવામાં આવી હોવાનું માલૂમ પડે તો તેવા કિસ્સામાં જ્યાં ડબ્લ્યુડબ્લ્યુડીને રાખવામાં આવી હોય તેવી ખાનગી સંસ્થાઓની કામગીરી પર નજર રાખવાની જવાબદારી રાજ્યના અધિકારીઓને સોંપવી.

**આરોગ્ય**

૨૬. ડબ્લ્યુડબ્લ્યુડીને સ્વમાન અને પ્રતિબદ્ધતાયુક્ત આરોગ્ય સંભાળ સેવાઓ પૂરી પાડવામાં આવે તે સુનિશ્ચિત કરવું.

૨૭. ડબ્લ્યુડબ્લ્યુડી સાથે કેવી રીતે વર્તવું અને તેમની સાથે કેવી રીતે વાતચીત કરવી તે માટે મેડિકલ વ્યવસાયિકો, સ્ટાફ અને કાળજી રાખનારાઓમાં સંવેદનશીલતા જગાવવી.

૨૮. ડબ્લ્યુડબ્લ્યુડીને જાતીય અને પ્રજનનને લગતી આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે. ઉપરાંત, તે વ્યક્તિની મંજૂરી લઈને પૂરી પાડવામાં આવે.

૨૯. ડબ્લ્યુડબ્લ્યુડી સાથે દુર્વ્યવહાર, દુષ્કર્મ અને ભેદભાવભર્યો વ્યવહાર કરનારા મેડિકલ અને પેરા-મેડિકલ કર્મચારીઓ સામે શિક્ષાત્મક પગલાંનો અમલ

૩૦. ગેરવર્તણૂકના કિસ્સામાં વ્યવસાયિક વ્યક્તિ વિરુદ્ધ શિસ્તની કાર્યવાહી કરવા સાથે સંબંધિત આરસીઆઈ અધિનિયમ અને તેના નિયમોની જોગવાઈમાં સુધારો.

**પહોંચ**

૩૧. તમામ માળખાકીય સુવિધાઓ અને સેવાઓ (જાહેર ઈમારતો, પરિવહન અને વ્યવસ્થા તેમ જ સામાજિક અને વર્ચ્યુઅલ વાતાવરણ)ના આયોજન અને ડિઝાઇનિંગમાં ડબ્લ્યુડબ્લ્યુડીની સામેલગીરી.

નેટવર્કમાં જોડાવા માટે અથવા તો અન્ય માહિતી મેળવવા માટે તમે અહીં સંપર્ક કરી શકો છો:

શાંતા મેમોરિયલ રિહેબિલિટેશન સેન્ટર, પી-૨, જયદેવ વિહાર, ભુવનેશ્વર-૭૫૧૦૦૨૩. ઓરિસ્સા, ભારત.

કન્વીનર રીના મોહન્તિ, ઈમેઇલ: www.din@yahoo.in
https://www.facebook.com/pages/women-with-Disabilities-India-Network

# સાંપ્રત પ્રવાહ

## આંતરરાષ્ટ્રીય વિકલાંગતા દિવસ – ૨૦૧૩ની ઉજવણી

**સામા ફાઉન્ડેશન - બેંગ્લુરુ**

વિકલાંગતા ધરાવતા લોકો વિશે સમાજમાં સમજણ વધે, તેમના પ્રશ્નો વિશે સંવેદનશીલતા વધે તથા તેમના ગૌરવ, અધિકારો અને સુખાકારી માટે સમાજનું સમર્થન મળે એ 'આંતરરાષ્ટ્રીય વિકલાંગતા દિવસ'ની ઉજવણીનો હેતુ છે. એની સાથેસાથે સમાજ જીવનના રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક એમ દરેક પાસામાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સાથે જોડવાથી થઈ શકતા લાભો વિશે લોકોમાં જાગૃતિ લાવવાનો પણ ઉદ્દેશ છે. પહેલાં આ દિવસ 'વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે ઓળખાતો હતો.

બેંગ્લુરુમાં વિકલાંગતા ધરાવતા લોકો માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થા 'સામા ફાઉન્ડેશન' દ્વારા રોટરી કલબ-યેલાહાન્કા, અમ્મા ફાઉડેન્શન અને જ્ઞાન જ્યોતિ પ્રિ-યુનિવર્સિટી સાથે મળીને ૭મી ડિસેમ્બર ૨૦૧૩ના રોજ વિકલાંગતા દિવસ નિમિત્તે એક 'વૉકેથોન' રૂપે જાગૃતિ કાર્યક્રમ યોજવાની જાહેરાત કરવામાં આવી હતી. બે કિલોમિટરની આ 'વૉકેથોન' જ્ઞાન જ્યોતિ પ્રિ-યુનિવર્સિટી-યેલાહાન્કાથી શરૂ થઈ હતી. આ રેલીમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, રોટરી કલબો, સ્વૈચ્છિક સંસ્થાઓ, કૉર્પોરેટ સંસ્થાઓ જેવા સમાજના વિવિધ વર્ગોમાંથી લગભગ ૧૫૦ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત, વિકલાંગતા ધરાવતી ૫૦ વ્યક્તિઓ પણ તેમાં જોડાઈ હતી.




વૉકેથોનનો પ્રારંભ મહાનુભાવો દ્વારા લીલી ઝંડી બતાવીને કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વૉર્ડનં. ૪ના કૉર્પોરેટર શ્રી એમ.મુનીરાજુ, સ્ટૅન્ડિંગ કમિટીના પ્રમુખ, કૃષિ-બીબીએમપી, વૉર્ડ નં.૩ના કૉર્પોરેટર શ્રીમતી ગીતા, રોટરી કલબના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી રાધાકૃષ્ણ, રોટરી કલબ-યેલાહાન્કાના આસિસ્ટન્ટ ગર્વનરશ્રી વનિતા નારાયણ, જ્ઞાનજ્યોત પ્રિ-યુનિવર્સિટી કૉલેજના પ્રિન્સિપાલશ્રી ચંદ્રશેખર જેવા ઉચ્ચસ્તરના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અને સર્વસમાવેશી સમાજ અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો આ કાર્યક્રમનો હેતુ હતો. આ પ્રસંગે રોટરી કલબ, સામા ફાઉન્ડેશન અને અમ્મા ફાઉન્ડેશને અશ્વિની અંગાડી, એમ. મુનીરાજુ, ગીતા, યશોદા અને આ હેતુ માટે કાર્ય કરતી અન્ય વ્યક્તિઓને સ્મૃતિ ચિહ્નો પ્રદાન કર્યાં હતાં. રોટરી કલબ, અમ્મા ફાઉન્ડેશન અને સામા ફાઉન્ડેશને વિકલાંગ બાળકોને વ્હિલચેરનું વિતરણ કર્યું હતું.

**ઍક્શન ફૉર ડિસેબિલિટી એન્ડ ડેવલપમેન્ટ, બેંગ્લુરુ**

'અન્નાઈ ટેરેસા ડિસેબિલિટી એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ' એ તામિલનાડુના ગાંધર્વ કોટ્ટાઈ અને કુન્નાનડકોઈલ તાલુકામાં કામ કરતા વિકલાંગ લોકોનું ફૅડરેશન છે. આ ફૅડરેશન પુધુકોટ્ટાઈ જિલ્લામાં વિકલાંગ વ્યક્તિઓને અધિકારો આપાવવા કામ કરે છે. ફૅડરેશન ૨૨૫૩થી વધારે વિકલાંગ વ્યક્તિઓને સરકારી અને બિનસરકારી સંસ્થાઓમાંથી પુનર્વસનની યોગ્ય જરૂરિયાતો મેળવવામાં સહાય કરે છે.

'એટીડીડીટી,' સમાજને વિકલાંગતાના મુદ્દા વિશે અને વિકલાંગ વ્યક્તિઓના વિકાસની પ્રક્રિયામાં નાગરિક-સમાજની ભૂમિકા વિશે સંવેદનશીલતા કેળવવા 'આંતરરાષ્ટ્રીય વિકલાંગતા દિવસ'ની ઉજવણી કરે છે. ઉજવણીનું આ ચોથું વર્ષ છે. વિકલાંગતા દિનની ઉજવણી ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૩ના દિવસે અંધ તિરુમાના મહાલ, કીરનુર ખાતે કરવામાં આવી હતી. એ જ દિવસે 'એટીડીડીટી'એ ગાંધી પ્રતિમાથી અંધ તિરુમાના મહાલ, કિરનુર સુધીની માનવ સાંકળ રચી હતી. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન લાયન્સ કલબ, કિરનુરના પ્રમુખ શ્રી કે.એલ.મુથુ સુબ્રહ્મણ્યને કર્યું હતું. એક કલાક લાંબી ચાલેલી આ રેલીમાં ૬૦૦ વિકલાંગ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમને

અંતે ‘એટીડીડીટી’એ સંબંધિત જિલ્લા સત્તાતંત્રને પોતાની માંગ દર્શાવતો પત્ર આપ્યો હતો. આ પત્રમાં નિમ્નલિખિત માગણીઓ રજૂ કરવામાં આવી હતીઃ

૧. વિકલાંગ વ્યક્તિઓ માટે અવરોધમુક્ત વાતાવરણ પૂરું પાડવું.
૨. શિક્ષણ અને રોજગારી જેવા સરકારી વિભાગોમાં વિકલાંગો માટે ૩ ટકા અનામતની જોગવાઈ કરવી.
૩. બધાં જ સરકારી પરિવહનનાં જાહેર વાહનોમાં વિકલાંગો અને વયોવૃદ્ધ વ્યક્તિઓ માટે બેસવાની સગવડો પૂરી પાડવી અને નીચાં પગથિયાવાળાં વાહનોની સુવિધા કરવી.
૪. ભરણપોષણનું અનુદાન મેળવવા પાત્ર થતી વિકલાંગ વ્યક્તિઓને મળતા અનુદાનની રકમ રૂ. ૧૦૦૦થી વધારીને રૂ. ૩૦૦૦ કરવી.
૫. બીજાં રાજ્યોમાં ૪૦ ટકા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ભરણપોષણનું અનુદાન આપવામાં આવે છે. તે રીતે તામિલનાડુમાં પણ ૪૦ ટકા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ભરણપોષણનું અનુદાન મળે તેવી જોગવાઈ કરવી.
૬. કુન્નાનડકોઈલ અને ગાંધર્વકોટ્ટાઈ તાલુકામાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે કામ કરતી સંસ્થા ‘અન્નાઈ ટેરેસા ડિસેબિલિટી એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ’ને ઑફિસનું મકાન બનાવવા વિનામૂલ્યે જમીન આપવી.
૭. કુન્નાનડકોઈલ અને ગાંધર્વકોટ્ટાઈ તાલુકામાં રહેતી ૬૦૦ વિકલાંગ મહિલાઓ ઉપયોગ કરી શકે તેવા ટોઈલેટની જોગવાઈ કરવી.
૮. વિકલાંગ વ્યક્તિઓને વ્યવસાયિક તાલીમ પૂરી પાડવી તથા સરકારી અને બીજી સંસ્થાઓમાં રોજગારીની તકો પૂરી પાડવી.
૯. પુદુકોટ્ટાઈ જિલ્લામાં ‘જિલ્લા માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ’ શરૂ કરવો.

માનવસાંકળના કાર્યક્રમ પછી વિકલાંગ લોકો અંધતિરુમાલા મહાલમાં ‘આંતરાષ્ટ્રીય વિકલાંગ દિવસ’નો કાર્યક્રમ કરવા ભેગા થયા. કાર્યક્રમની શરૂઆત ‘એટીડીડીટી’ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પી. પોન્ડુરાઈના સ્વાગત પ્રવચનથી થઈ. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને આદિદ્વવિડાર અને આદિજાતિ કલ્યાણના મંત્રી માનનીય એમ. સુબ્રહ્મણયન હતા.

મંત્રીઓ અને સરકારી અધિકારીઓએ વિકલાંગ વ્યક્તિઓને સહાયરૂપ સાધનોનું વિતરણ કર્યું હતું. સાંસ્કૃતિક અને રમતગમતના કાર્યક્રમોમાં ભાગ લેનારાં ૪૪ બાળકોને ઈનામો આપવામાં આવ્યાં હતાં. ‘ત્રિચીનામનાપુરમ બ્લાઈન્ડ હોમ’નાં બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં ૧૨૦૦ લોકોએ ભાગ લીધો હતો. ‘ઈનોસન્ટ ફાઉન્ડેશન’ની આજીવિકા પહેલ હેઠળ નવ પુખ્ત વયની વિકલાંગ વ્યક્તિઓને કૃષિ આધારિત પ્રવૃત્તિઓ સંબંધિત સ્વતંત્ર આજીવિકા રળવા માટે રૂ. ૪૮,૦૬૦ના ધિરાણની રકમ વહેંચવામાં આવી હતી.

**‘ડિસેબિલિટી ઍડવોકસી ગ્રુપ’ (ડી.એ.જી.)**
**વિકલાંગતા જાગૃતિ રેલીઃ અવરોધો તોડો- દરવાજા ખોલો**

“દક્ષિણ અને દક્ષિણ પૂર્વ- એશિયાના દેશોની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના જીવનમાં હકારાત્મક બદલાવ માટે હિમાયત” પ્રોજેક્ટ અંતર્ગત હૅન્ડિકેપ ઈન્ટરનેશનલ અને બી.એમ.ઝેડ.ના સહયોગથી ‘ડિસેબિલિટી એડવોકસી ગ્રુપ’ (ડી.એ.જી.) દ્વારા ૩ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ ‘વિશ્વ વિકલાંગતા દિન’ નિમિત્તે ગુજરાત રાજ્યની વિકલાંગતા જાગૃતિ રેલી ગૂજરાત વિદ્યાપીઠથી કોચરબ આશ્રમ સુધી સવારે ૯થી બપોરે ૧ દરમ્યાન યોજાઈ હતી.

આ રેલી ‘અવરોધો તોડો - દરવાજા ખોલો’ થીમ પર હતી અને તેનો મુખ્ય હેતુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો રોજગારીમાં તેમ જ સમાજના મુખ્ય પ્રવાહમાં સમાવેશ થાય તથા અવરોધમુક્ત વાતાવરણ ઊભું થાય તે હતો. બીજી ડિસેમ્બરની રાતે ગુજરાત રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાંથી આશરે ૩૦૦ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ રેલીમાં જોડાવા આવી પહોંચી હતી. રેલીમાં જોડાવા માટે બધા ભારે ઉત્સાહભેર આવ્યા હતા. સૌના ચહેરા પર હર્ષોલ્લાસ જણાતો હતો. બધાને જાણે એવું લાગતું હતું કે, ‘આજે મારો દિવસ છે.’ આ રેલીમાં નીચેની સંસ્થાઓ જોડાઈ હતીઃ
(૧) અંધ જન મંડળ (૨) અપંગ એકતા સમિતિ (૩) અપંગ માનવ મંડળ (૪) ધી સોસાયટી ફોર ફિઝિકલી હૅન્ડિકેપ (૫) સદ્‌વિચાર પરિવાર વિકલાંગ પુનર્વસન કેન્દ્ર (૬) ફા. ઈન્ટરનેશનલ (૭) અંધ કલ્યાણ કેન્દ્ર (૮)અપંગ માનવ સેવા સંઘ (૯) મીત ઈન્ટરનેશનલ



(૧૦) મધુ વિકાસ સેવા ટ્રસ્ટ (૧૧) સ્વાવલંબન ટ્રસ્ટ (૧૨) બહેરા-મુંગા શાળા (૧૩) સોપાન (૧૪) કે.એસ. દેઢીયા શાળા (૧૫) નેશનલ સ્કૂલ (૧૬) સાંસ્કૃતિક માનવ સેવા (૧૭) શ્રી કૃષ્ણ શરણમ્ મમઃ (૧૮) દર્શુકેર ચેરિટેબલ ટ્રસ્ટ (૧૯) યંગ સ્ટાર (૨૦) અંધ-અપંગ કલ્યાણ કેન્દ્ર (૨૧) વી.આર.સી. (૨૨) અમન ડિસેબલ રાઈટ્સ ગ્રુપ (૨૩) અન્ય જિલ્લાઓના ડી.એ.જી. પ્રતિનિધિઓ અને સભ્યો (૨૪) વિકાસ ક્ષેત્રે કાર્યરત અન્ય સંસ્થાઓ.

રેલીમાં અમદાવાદનાં મેયરશ્રી મીનાક્ષીબહેન, અમદાવાદ મહાનગરપાલિકાના કમિશનર શ્રી ગુરુપ્રસાદ મહાપાત્ર, સમાજ સુરક્ષા અધિકારી શ્રી એ.એફ. પટેલ, શ્રી નિતિન જોશી, 'અંધ જન મંડળ'ના ડાયરેક્ટર શ્રી ડૉ. ભૂષણ પુનાની, 'ઉન્નતિ' સંસ્થાના ડાયરેક્ટર શ્રી બિનોય આચાર્ય, શ્રી દીપાબહેન સોનપાલ, લાયન્સ કલબના શ્રી ભાનુ પ્રસાદ, દેનાબેંકના શ્રી વ્યાસ સાહેબ, પૂર્વ વિકલાંગતા કમિશનર શ્રી ભાસ્કરભાઈ મહેતા, ભારતી ઍરટેલનાં ભારતીબહેન, સ્વાગત ઈન્ફ્રાસ્ટ્રકચરના ભાવેશભાઈ તેમ જ હૅન્ડિકેપ ઈન્ટરનેશનલનાં પ્રોગ્રામ મેનેજર શ્રી ગાયત્રીબહેન કોલ ખાસ હાજર રહ્યાં હતાં. રેલીમાં અલગ-અલગ પ્રકારની વિકલાંગતા ધરાવતી ૧૫૦૦થી વધુ વ્યક્તિઓ, સંસ્થાઓના વડાઓ, હિતધારકો જોડાયા હતા. રેલીમાં સાત ઊંટ-લારીઓ, ચાર ટ્રૅક્ટર, વિકલાંગતા ધરાવતી ૩૦૦ વ્યક્તિઓની બે પૈડાં અને ત્રણ પૈડાંવાળી ગાડીઓ, પાંચ રિક્ષા, મ્યુઝિક બૅન્ડ, ઍમ્બ્યુલન્સ સાથે ૬૦૦ જેટલી વ્યક્તિઓ પગપાળા જોડાઈ હતી.

મહેમાનોએ આશીર્વચન આપ્યા પછી રેલીને લીલી ઝંડી આપીને ગૂજરાત વિદ્યાપીઠથી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ રેલીનું સ્વાગત આશ્રમ રોડ પર કાલુપુર કૉમર્શિયલ બૅંક, દેના બેંક અને બી.એમ. ઈન્સ્ટિટ્યુટ દ્વારા કરવામાં આવ્યું હતું.

સૌ સહભાગીઓએ સૂત્રોચ્ચાર દ્વારા રેલીમાં સૂર પૂર્યા હતા. રેલી તેના સમાપનની જગ્યાએ કૉચરબ આશ્રમમાં પહોંચી હતી. ત્યાં સૌ સહભાગીઓ માટે ભોજનની વ્યવસ્થા કરાઈ હતી. ડી.એ.જી.નાં મંત્રી અને એમ.આઈ.ડબ્લ્યુ. કો-ઑર્ડિનેટર નીતાબહેન પંચાલ અને હૅન્ડિકેપ ઈન્ટરનેશનલના રાજુભાઈ પરમ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. રેલીમાં કોઈ પણ પ્રકારની અડચણ ન પડે તે હેતુસર 'ડિસેબિલિટી ઍડવોકસી ગ્રુપ' દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી. રેલીમાં જોડાવા આવનાર સહભાગીઓ માટે આગળના દિવસે રહેવા-જમવા અને બીજા દિવસે સવારે નાસ્તાની વ્યવસ્થા; રેલી દરમ્યાન રજિસ્ટ્રેશન, પાણી, લીંબુપાણી અને રેલીના અંતે ભોજન વગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**'બ્લાઈન્ડ પર્સન્સ ઍસોસિએશન' દ્વારા આયોજિત કાર્યક્રમોઃ**

**૧. ઍબિલિટી ગુજરાત**

ગુજરાત સરકાર દ્વારા 'ઍબિલિટી ગુજરાત' નામનો ઈન્ટરનેટ આધારિત ડેટાબેઝનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. વિકલાંગ વ્યક્તિઓ વિશેની સર્વગ્રાહી માહિતી તૈયાર થાય તે તેનો હેતુ છે. વિકલાંગતા ધરાવતા લોકોની ગણતરી કરીને તેમને વિકલાંગતા પ્રમાણપત્ર આપવાથી તેઓ તબીબી, શૈક્ષણિક, સામાજિક અને આર્થિક પુનર્વસન માટેના અધિકારો મેળવે તથા તેમના જીવનની ગુણવત્તા સુધરે એ આ પ્રોજેક્ટનો ધ્યેય છે. આ પ્રોજેક્ટ ૧૦મી જુલાઈ, ૨૦૧૨ના દિવસે વિધિવત રીતે ખુલ્લો મુકાયો છે. (વેબસાઈટઃ www.ability.gujarat.gov.in)

૨૩મી જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ 'ઍબિલિટી ગુજરાત' પ્રોજેકટના બધા હિતધારકોની એક મિટિંગ 'બ્લાઈન્ડ પર્સન્સ ઍસોસિએશન' (અંધ જન મંડળ) ખાતે યોજવામાં આવી હતી. આ મિટિંગનું ઉદ્ઘાટન સરકારના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રી તનેજા તથા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અગ્ર સચિવ શ્રી સંજય પ્રસાદ દ્વારા કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ તથા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના પ્રતિનિધિઓ, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સહિત ૨૫૦ વ્યક્તિઓ આ રીતે સૌ પ્રથમવાર મળ્યા હતા. ઍબિલિટી પ્રોજેક્ટને સફળ કેવી રીતે બનાવી શકાય તે વિશે તેમણે સાથે મળીને ચર્ચા કરી હતી. વિકલાંગતા વિશેની માહિતીને અપલોડ કરવા માટે બધાં જ ક્ષેત્રોએ સહકાર આપવાનું નક્કી કર્યું હતું. શ્રી તનેજાએ જણાવ્યું હતું કે વસતિ ગણતરીના આંકડા મુજબ ગુજરાતમાં ૧૩ લાખ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ છે. આ બધાને કાયદાકીય હક મેળવવા માટે પ્રમાણપત્ર મેળવવાની જરૂર રહેશે. સરકારના વિભાગો પાસે ગુજરાત રાજ્યની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વિશે આવી કશી જ નોંધાયેલી માહિતી ઉપલબ્ધ નથી. 'તાતા કન્સલ્ટન્સી સર્વિસિઝ'ની સ્વૈચ્છિક નાણાકીય સહાયથી વિકલાંગ વ્યક્તિઓની ગણતરી કરવા અને તેમને પ્રમાણપત્ર આપવામાં મદદ કરવા ઓનલાઈન ડેટાબેઝ બનાવવામાં આવ્યો છે. વિકલાંગતા ધરાવતી એક પણ વ્યક્તિ પ્રમાણપત્ર મેળવવામાં રહી ન જાય એ સુનિશ્ચિત કરવાનો આ મિટિંગનો હેતુ હતો. વિકલાંગ વ્યક્તિઓ માટે અંદાજપત્રમાં નાણાકીય જોગવાઈઓ કરવા અને વિકાસ સંબંધી બીજી પ્રવૃત્તિઓ

કરવા માટે સરકારના નીતિનિયોજકોને આવા ડેટા મળે તે આવશ્યક છે. આ મિટિંગમાં ગુજરાતની બધી જ મેડિકલ કૉલેજો અને આરોગ્ય વિભાગ સહિત બધી જ જિલ્લા હૉસ્ટિપટલોના વડા ઉપસ્થિત રહ્યા હતા. સર્વશિક્ષા અભિયાન, જીસીઈઆરટી અને બીજા સરકારી વિભાગોના પ્રતિનિધિઓ પણ આ મિટિંગમાં ઉપસ્થિત રહ્યા હતા. 'ડિસેબલ્ડ પર્સન્સ ઑર્ગેનાઈઝેસન્સ (ડીપીઓઝ) અને બીજી બિન-સરકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. સેવાઓ પૂરી પાડનાર અને સેવાઓનો ઉપયોગ કરનારાઓનું આ અનોખું મિલન હતું. આરોગ્ય વિભાગનો પ્રતિભાવ ખૂબ વિધેયાત્મક રહ્યો. વિભાગે જણાવ્યું કે આ પ્રવૃત્તિ કોઈ કલ્યાણ ભાવનાથી કરવામાં આવી નથી, પણ તે તો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો અધિકાર છે.

**૨. પ્રાદેશિક ઍબિલિમ્પિક્સ**

'આંતરરાષ્ટ્રીય ઍબિલિમ્પિક્સ ઍસોસિએશન' હેઠળ વિવિધ દેશોમાં યોજવામાં આવતો આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ છે. આ રમત ગમતનો કાર્યક્રમ નથી, પરંતુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં કૌશલ્યો અને કળા ઉપર ધ્યાન દોરતો એક કાર્યક્રમ છે. આ પ્રદેશિક કાર્યક્રમનું સંયોજન 'ઍબિલિમ્પિક્સ ઍસોસિએશન-નવી દિલ્લી' દ્વારા કરવામાં આવે છે. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, વિકલાંગોની બાબતોના વિભાગ અને ભારત સરકાર તેના પ્રાયોજકો છે. આ કાર્યક્રમમાં કૃત્રિમ અંગો બનાવવાં, વસ્ત્રો બનાવવાં, લાકડા-કામ, કચરાનો પુનઃઉપયોગ, બાસ્કેટ બનાવવી, ડેટા પ્રોસેસિંગ, વેબ પેજ બનાવવું, ઈંગ્લિશ ટેક્સ્ટ પ્રોસેસિંગ, આર્કિટેકચર, મિકેનિકલ ઍસેમ્બલી, માટીકામ, ઈલેક્ટ્રોનિક ઍસેમ્બલી અને ટેસ્ટિંગ જેવી વિવિધ પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આ કાર્યક્રમ 'બીપીએ' (અંધ જન મંડળ) ખાતે ૨૧-૨૩ નવેમ્બર, ૨૦૧૩ દરમ્યાન યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન 'બીપીએ' ખાતે ૨૧મી નવેમ્બરે ગુજરાત રાજ્યનાં મહામહીમ રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલા બેનીવાલએ કર્યું હતું. એમના વક્તવ્યમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પણ બિનવિકલાંગ વ્યક્તિઓ જેવા જ અને એટલા જ અધિકારો છે. એનો શક્ય તેટલા વધુ પ્રમાણમાં સ્વીકાર થવો જોઈએ અને મુખ્ય પ્રવાહમાં એમને આણવા જોઈએ.

**૩. બઢતે કદમ**

'બઢતે કદમ' એ એક રાજ્ય સ્તરનો કાર્યક્રમ છે. આ કાર્યક્રમમાં વિકલાંગ વ્યક્તિઓની સિદ્ધિ વિશે સમાજમાં જાહેર જાગૃતિ આણવાને પ્રોત્સાહન આપવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. 'નેશનલ ટ્રસ્ટ'એ ભારત સરકારના 'સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય' હેઠળ રચાયેલી કાયદાકીય માન્યતા પ્રાપ્ત સંસ્થા છે. આ સંસ્થા ઑટિઝમ, સેરેબ્રલ પાલ્સી, મંદબુદ્ધિ અને બહુ-વિકલાંગતાના કાનૂન (૧૯૯૯નો કાનૂન ૪૪) હેઠળ સ્થપાઈ છે. 'અંધ જન મંડળ' એ 'નેશનલ ટ્રસ્ટ'નું ગુજરાતનું 'સ્ટેટ નૉડલ એજન્સી સેન્ટર' છે.

આ કાર્યક્રમાં અપવાદરૂપ ક્ષમતાઓ ધરાવતી ૩૬૦ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. 'નેશનલ ઍબિલિમ્પિક્સ ઍસોસિએશન ઑફ ઇન્ડિયા' (એનએઆઈ)ના પ્રમુખ એર માર્શલ શ્રી સતીશ ઈનામદારે કહ્યું હતું કે પ્રાદેશિક ઍબિલિમ્પિક્સને સરકારે એક નિયમિત કાર્યક્રમ તરીકે સ્વીકારવી જોઈએ અને તે ખરેખર લાંબા સમય સુધી ચાલુ રહી શકે તે માટે તેને નાણાકીય સહાય પણ કરવી જોઈએ. તેમણે જણાવ્યું કે આ કાર્યક્રમના વિજેતાઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમમાં ભાગ લેવા જશે અને દેશને ગૌરવ અપાવશે. આ કાર્યક્રમમાં 'બીપીએ'ના ટ્રસ્ટીઓ, દાતાઓ, શુભેચ્છકો અને સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મહારાષ્ટ્ર, ગોવા અને ગુજરાતના ૩૬૦ સહભાગીઓ, તેમના સહયોગીઓ, માતા-પિતા અને સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિકલાંગ વ્યક્તિઓએ નકામી ચીજવસ્તુઓમાંથી કલાત્મક ચીજો બનાવી હતી. તેમણે અભિનય, નૃત્ય, ગાયન જેવી અભિવ્યક્તિ કરી હતી. વિજેતાઓને સુવર્ણ, રજત અને કાસ્ય ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા હતા. આ ત્રણેય પ્રકારના ૩૩ એટલે કે કુલ ૯૯ ચંદ્રકો અપાયા હતા. આ વિજેતાઓ ભવિષ્યમાં ચંદીગઢ ખાતે યોજાનારા



ઍબિલિમ્પિક્સમાં ભાગ લેશે. ચંદીગઢમાં વિજેતા બનેલા સાધકો ૨૦૧૪માં ફિલિપાઈન્સમાં મનીલા ખાતે યોજાનારા વિશ્વસ્તરના ઍબિલિમ્પિક્સમાં ભાગ લેશે.

'બીપીએ'ની વ્હિલચેર-ટેબલટેનિસ ખેલાડી ભાવિનાએ ઑક્ટોબર-૨૦૧૩માં ચીનમાં યોજાયેલી 'વિશ્વ પેરાલિમ્પિક્સ'માં રજતચંદ્રક જીત્યો હતો. તેમનું પણ આ પ્રસંગે અભિવાદન કરવામાં આવ્યું હતું.

**૪. વિકલાંગતા ધરાવતી મહિલાઓ દ્વારા શેરીનાટકની રજૂઆત**

'બીપીએ' દ્વારા તૈયાર કરવામાં આવેલા તથા આશિષ અને દક્ષિણ છારા જેવા આંતરરાષ્ટ્રીય નાટ્યકસબીના નિર્દેશન હેઠળ તૈયાર થયેલા એક વિચારપ્રેરક શેરીનાટકની રજૂઆત આખા ગુજરાતમાંથી આવેલી વિકલાંગ મહિલાઓએ કરી હતી. આ નાટકમાં સ્ત્રીઓ પર થતી હિંસા અને જાતીય સતામણી વિશે ચોટદાર રજૂઆત કરાઈ હતી. નેશનલ ઍબિલિમ્પિક્સ અને બઢતે કદમ કાર્યક્રમો દરમ્યાન ૨૧મી નવેમ્બર ૨૦૧૩ના રોજ આ નાટકનું પ્રથમવાર મંચન કરાયું હતું.

**૫. 'તારે જમીન પર' ફિલ્મના શ્રાવ્ય-વર્ણનની રજૂઆત**

'વિશ્વ દૃષ્ટિ દિન-ઑક્ટોબર ૧૦, ૨૦૧૩'ની ઉજવણી નિમિતે 'એસ્સાર કંપની'ના સમાજકાર્ય એકમ 'એસ્સાર ફાઉન્ડેશન' દ્વારા વિકલાંગતા ધરાવતી વ્યક્તિના સમાજમાં વ્યૂહાત્મક સમાવેશ અને વિસ્તરણ માટેનો કાર્યક્રમ 'ઉન્મુક્ત' શરૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે બોલિવુડની વિખ્યાત ફિલ્મ **'તારે જમીન પર'**ની રજૂઆત કરવામાં આવી હતી. આ રીતે ફિલ્મના શ્રાવ્ય સ્વરૂપની રજૂઆત સૌ પ્રથમવાર કરાઈ હતી. આ ફિલ્મ બાળકો સહિત દૃષ્ટિની ક્ષતિ ધરાવતા ૨૫૦ પ્રેક્ષકોએ નિહાળી હતી. આ પ્રેક્ષકોમાં ૫૦ વ્યક્તિઓએ દૃષ્ટિક્ષમતા ધરાવતી હોવા છતાં આંખો પર પાટા બાંધીને ફિલ્મ નિહાળી હતી. તેમને જોઈ ન શકવા છતાં ફિલ્મનો આસ્વાદ માણી શકાય છે તેવો અનુભવ થઈ શકે તે તેનો હેતુ હતો. આ ફિલ્મ દૃષ્ટિહિન માણી શકે તે માટે તેનું ખાસ શ્રાવ્ય-વર્ણન તૈયાર કરવામાં આવ્યું હતું. જે-તે દૃશ્યમાં આવતાં અવાજહીન દૃશ્યોને જોઈ શકતા લોકો માણી શકે, પરંતુ દૃષ્ટિહીન લોકોને એનો અનુભવ ન થઈ શકે, તેવાં દૃશ્યોને અવાજથી ભરવામાં આવ્યાં હતાં. આ કારણે પૂર્ણ કે અંશતઃ દૃષ્ટિહીન પ્રેક્ષકો પણ આ ફિલ્મને જોઈ શકતી વ્યક્તિની મદદ વિના પણ માણી શક્યા હતા.

દિવસના કાર્યક્રમની શરૂઆત 'અંધ જન મંડળ'થી 'અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન' સુધીની 'સોલિડારિટી વૉક'થી કરવામાં આવી. તેમાં દૃષ્ટિક્ષતિ ધરાવતાં ૨૦૦ બાળકો, યુવાનો અને વયસ્ક લોકોએ ભાગ લીધો હતો. 'અમદાવાદ મેનેજમેન્ટ ઍસોસિએશન' ખાતે ફિલ્મની રજૂઆત કરવામાં આવી હતી. આ રેલીને ગુજરાત સરકારના ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રી દિલિપ પરીખે ધ્વજ બતાવીને વિદાય આપી હતી. જૂથે દૃષ્ટિ ધરાવતા લોકોને દૃષ્ટિહીન પરત્વે સહાનૂભૂતિ દર્શાવવા અપીલ કરતા સંદેશા લખેલા બેનરો અને પ્લેકાર્ડો સાથે રેલી કાઢી હતી. એક પ્લેકાર્ડમાં લખ્યું હતું. "આવો અમારી સાથે, અમારા વિશ્વમાં સહભાગી બનો. આ વિશ્વ સ્પર્શ અને અવાજોથી ભર્યું ભર્યું છે."

'એએમએ'ના ઑડિટોરિયમમાં ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અગ્ર સચિવશ્રી સંજય પ્રસાદે મુખ્ય અતિથિ તરીકે 'ઉન્મુક્ત'ના બેનરનું ઔપચારિક અનાવરણ કર્યું હતું. એમની સાથે રેટિનોપથ અને વિઝન-૨૦૨૦ ગુજરાતના પ્રમુખ ડૉ. પી.એન. નાગપાલ અને 'એસ્સાર ફાઉન્ડેશન'ના સીઈઓ શ્રી દીપક અરોરા ઉપસ્થિત હતા.

## નીતાબહેન પંચાલને હેલન કેલર એવોર્ડ

દિલ્લીની રાષ્ટ્રીય સંસ્થા 'નેશનલ સેન્ટર ફોર પ્રમોશન ઓફ એમ્પ્લોયમેન્ટ ફોર ડિસેબલ પર્સન'- એન.સી.પી.ઈ.ડી.પી. સંસ્થા દ્વારા '૧૫મો શેલ હેલન કેલર એવોર્ડ ૨૦૧૩' અર્પણ કરવામાં આવ્યો. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયનાં કેબિનેટ મંત્રીશ્રી કુમારી શૈલજાના વરદ્ હસ્તે શ્રી નીતાબહેન પંચાલને વિકલાંગતા ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ 'શ્રેષ્ઠ રોલ મોડેલ ઈન પર્સન વીથ ડિસેબિલિટી' કેટેગરીમાં આ ઍવોર્ડ પ્રાપ્ત થયો. નીતાબહેન પંચાલ,



કચ્છમાં આવેલા ૨૦૦૧ના વિનાશક ભૂકંપમાં કમ્મરથી નીચે સંવેદના ગુમાવી પેરાપ્લેજિક બન્યાં છે અને વ્હિલચેર પર જીવન પસાર કરે છે. તેમણે આ પેરાપ્લેજિક અવસ્થામાં પણ હિમ્મત હાર્યા વગર પોતાના નવા જીવનની શરૂઆત કરી છે. વિકલાંગતા ધરાવતી મહિલાઓના વિકાસ માટે કાયદાઓ અને સરકારી યોજનાઓ ઘડાય તે દિશામાં તેમણે મહત્ત્વનું પ્રદાન કર્યું છે. તેમણે 'વર્લ્ડ સોશિયલ ફોરમ'માં વિકલાંગ મહિલાઓના વિકાસ માટે પ્રેરણાદાયક પ્રવચન આપી તેમને પ્રોત્સાહિત કરવાનું કામ કર્યું છે. વ્હિલ ચેર અને જવેલીન થ્રો ની રાષ્ટ્રીય રમત સ્પર્ધામાં તેમણે ગોલ્ડ મૅડલ પ્રાપ્ત કર્યો છે. નીતાબહેને 'ગર્ભથી કબ્ર સુધી - વિકલાંગ સ્ત્રીની સમસ્યા' અને નિયતિને પડકારનારા નામનાં બે પ્રેરણાદાયી પુસ્તકો લખ્યાં છે. વિકલાંગ વ્યક્તિઓના જીવનમાં હકારાત્મક બદલાવ માટે ઘનિષ્ઠ પ્રયત્નો થાય અને રોજગારીની તકો ઊભી થાય તે માટે પ્રશંસનીય કામગીરી કરવા બદલ તેમને આ ઍવૉર્ડ પ્રાપ્ત થયો છે. નીતાબહેન પંચાલ હાલમાં 'ડિસેબિલિટી ઍડવોક્સી ગ્રુપ'નાં મંત્રી અને 'હૅન્ડિકેપ ઈન્ટરનેશનલ'ના પ્રોજેક્ટ અંતર્ગત મેકીંગ ઈટ વર્ક - એમ.આઈ.ડબ્લ્યુ. કોઑર્ડિનેટર તરીકે પોતાની ફરજ બજાવે છે. તેઓ 'ડી.એ.જી.'ના ન્યૂઝલેટર 'અવસર'નાં તંત્રી છે. આ ઍવૉર્ડ ગુજરાતમાં પ્રથમ વાર અને તે પણ વિકલાંગ મહિલાને પ્રાપ્ત થયો છે, જે ખૂબ ગૌરવ લેવા જેવી બાબત છે.

## પ્રજ્ઞાચક્ષુ લોકોની ઉત્તમ સેવા બદલ પ્રફુલભાઈ વ્યાસને નામદાર રાજ્યપાલશ્રીના વરદ્ હસ્તે એનાયત થયો 'ધરતી રત્ન ઍવૉર્ડ'

ધોરાજી ખાતે આવેલા 'અંધ જન કલ્યાણ ટ્રસ્ટ'ના માનદ્ મંત્રીશ્રી પ્રફુલ એન. વ્યાસને 'આશીર્વાદ ઍજ્યુકેશન ટ્રસ્ટ' દ્વારા નામદાર રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજી બેનીવાલના વરદ્ હસ્તે 'ધરતી રત્ન ઍવૉર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. વિકલાંગો અને ખાસ કરીને પ્રજ્ઞાચક્ષુ લોકો માટેની ટેકનોલૉજી ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરવા બદલ તેમને આ ઍવૉર્ડ અર્પણ થયો.

ધોરાજીમાં પ્રફુલભાઈએ નેત્રહીન ભાઈઓ-બહેનોને ટેકનોલૉજીનો ઉપયોગ કરતા શીખવાડ્યો છે. પોરબંદર જિલ્લાના ટૂકડા (ગોસા) ગામમાં જન્મેલા પ્રફુલભાઈએ માત્ર પાંચ વર્ષની નાની વયે ટાઈફોઈડના કારણે દ્રષ્ટી ગુમાવી હતી. ત્યારબાદ એમ.એ.-બી.એડ. સુધીનો અભ્યાસ કરી હાલ તેઓ સરકારી કન્યા વિદ્યાલય-ધોરાજીમાં, ગુજરાતી અને સંસ્કૃત વિષયના શિક્ષક તરીકે ફરજ બજાવે છે. ઉપરાંત, 'અંધ જન કલ્યાણ ટ્રસ્ટ'ના ભાઈઓ-બહેનોને કૉમ્પ્યુટરનું જ્ઞાન આપીને સ્વાવલંબી



બનાવી રહ્યાં છે. ત્યાં મંદબુદ્ધિનાં બાળકો માટે પણ હૉસ્ટેલ તથા શાળા ચલાવવામાં આવે છે. કૉમ્પ્યુટર અને ટેકનોલૉજી ક્ષેત્રે પ્રફુલભાઈ, દ્રષ્ટિવાન લોકોને પણ પ્રેરણા પૂરી પાડે તેવું જ્ઞાન ધરાવે છે. એટલું જ નહીં, ટચ સ્ક્રીન મોબાઈલનો ઉપયોગ કરીને દ્રષ્ટિવાનોને પણ હેરત પમાડે છે.

રાહબર બની અનેકને રોજગારીનું પથ-દર્શન કરાવવા બદલ તેમને વર્ષ ૨૦૧૧માં મુંબઈ ખાતે, મહારાષ્ટ્રના શહેરી વિકાસ મંત્રીના હસ્તે 'આર. એમ. અલ્પાઈવાલા મેમોરિયલ રાષ્ટ્રીય ઍવૉર્ડ' એનાયત થયો હતો.

પ્રફુલભાઈએ ધોરાજીમાં કૉમ્પ્યુટર તાલીમ કેન્દ્રની સ્થાપના કરીને અંધ જનોને વિનામૂલ્યે રહેવા-જમવા સાથે કૉમ્પ્યુટરની તાલીમ આપી. આ કેન્દ્રની કામગીરી જોઈને ગુજરાત સરકારે એપ્રિલ-૨૦૧૦થી નેત્રહીન તથા અન્ય વિકલાંગતા ધરાવતા કર્મચારીઓ અને અધિકારીઓ માટે સી.સી.સી. અને સી.સી.સી. પ્લાસની કૉમ્પ્યુટરની તાલીમ તેમ જ પરીક્ષા કેન્દ્ર તરીકે તેને માન્યતા આપી. આજ દિન સુધી પ્રફુલભાઈએ ૩૨૫ નેત્રહીન તથા વિકલાંગતા ધરાવતા ૧૨૫ ભાઈઓ-બહેનોને કૉમ્પ્યુટરની તાલીમ આપીને ટેકનોલૉજી ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવાઓ આપી છે. જેમને નેત્રો છે તે જગત જુએ છે, જે જુએ તેમાં ક્યારેક અટવાઈ પણ જાય, જ્યારે નેત્રહીન હોય તે સુદ્રઢ સત્યના માર્ગે જતા સમાજની કલ્પના કરે છે અને તે કલ્પનાને સમાજની સેવામાં અર્પણ કરે છે.

આમ, શ્રી પ્રફુલભાઈ વ્યાસે, અંધ જનો તેમ જ વિકલાંગતા ધરાવતા અન્ય લોકોનાં શિક્ષણ, રોજગાર અને પુનર્વસનનાં કાર્યોમાં પોતાનું જીવન સમર્પિત કર્યું છે. તેઓ વિકલાંગતા ક્ષેત્રે વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ, પ્રકલ્પો તથા કાર્યક્રમો આગવી ઢબે ચલાવે છે. વિકલાંગતા ક્ષેત્રે થયેલાં નવાં સંશોધનોને વિકલાંગતા ધરાવતા લોકો સુધી પહોંચાડવા માટે તેઓ હંમેશાં તત્પર રહે છે. ગમે તેવી મુસીબતો આવવા છતાં તેમનાં ઉત્સાહમાં ઓટ આવતી નથી.



### યોગ્યજન કલ્યાણ માટે શ્રી ગોવર્ધનલાલ જાટનું સન્માન

રાજસ્થાન સરકાર દ્વારા 'રાજસ્થાન વિકલાંગ મંચ', ટોંકના જિલ્લા અધ્યક્ષ શ્રી ગોવર્ધનલાલ જાટને વિશેષ યોગ્યજનના કલ્યાણના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કાર્ય કરવા બદલ રૂ. ૫,૦૦૦ રોકડ પુરસ્કાર, સન્માનપત્ર, સ્મૃતિ ચિહ્ન અને શાલ અર્પણ કરીને સન્માન કરવામા આવ્યું. રાજસ્થાન રાજ્ય સ્તરીય પુરસ્કાર વિતરણ સમારંભમાં તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ, જવાહર કલા કેન્દ્ર, જયપુર ખાતે આ સન્માન થયું હતું.

### 'મનરેગા' હેઠળ રોજગારીમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો સમાવેશ

તા. ૨૭-૧૨-૨૦૧૩ના રોજ, સ્પીપા, અમદાવાદમાં 'મનરેગા પ્રૉગ્રામ ઍડવાઈજરી કમિટી'ની બેઠકમાં 'ડિસેબિલિટી ઍડવોકસી ગ્રુપ' દ્વારા 'મનરેગા' હેઠળ રોજગારીમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશ બાબતે નીચેના મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતાઃ

૧. ગ્રામ પંચાયતમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની યાદી તૈયાર કરવી જોઈએ.
૨. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કામ દરમ્યાન આવતી સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે ગ્રામ સભામાં મુદ્દાઓ ધ્યાન ઉપર લેવા જોઈએ.
૩. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને અલગથી જોબ કાર્ડ મળવું જોઈએ અને તેમની નોંધણી અલગથી થવી જોઈએ.
૪. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ૧૫૦ દિવસની હાજરી મળવી જોઈએ. એટલે કે, તેમના પરિવારને ૧૦૦ દિવસ અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિને ૧૫૦ દિવસ, એમ કુલ ૨૫૦ દિવસની રોજગારી મળવી જોઈએ.
૫. તીવ્ર વિકલાંગતાવાળા વ્યક્તિના પાલકને જોબકાર્ડ મળવું જોઈએ.
૬. દરેક પ્રકારની વિકલાંગતા માટે અલગ-અલગ માપદંડ હોવા જોઈએ. (જેમ કે, હલનચલન, દ્રષ્ટિ ક્ષતિ, શ્રવણ ક્ષતિ, અલ્પ દ્રષ્ટિ, બહુ વિકલાંગતા વગેરે વિકલાંગતાને અનુરૂપ કાર્યો સોંપવા જોઈએ.)
૭. અલગ-અલગ પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ નીચે મુજબનાં કાર્યો કરી શકે છેઃ
   - હલનચલન (વ્હિલ ચેરમાં ચાલતા, એક ઘોડીથી ચાલતા, બે ઘોડીથી ચાલતા, એક હાથ કપાયેલા, એક પગે હાથ દઈને ચાલતા, જયપુર બૂટ પહેરીને ચાલતા) પાણી લાવવાનું કામ, જંગલ કટિંગનું કામ, ડ્રેસિંગ (માટીનું લેવલિંગ કામ), ત્રિકમ પાવડા વગેરે બેસાડી આપવાનું મેઈન્ટેનન્સનું કામ, વૃક્ષારોપણ, સુપરવાઈઝરનું કામ, કૉમ્પ્યુટર ઑપરેટર, પરબમાં પાણી પીવડાવવું, ૪૦થી ૬૦ ટકા વિકલાંગતાવાળા વ્યક્તિઓ ચોકડી ખોદવાનું કામ કરી શકે, શૌચાલય બનાવવાનું કામ, બોર ઑપરેટર, રસ્તાઓનું સમારકામ, પ્લમ્બિંગ કાર્ય, બગીચાની સારસંભાળ વગેરે કરી શકે.
   - દ્રષ્ટિ ક્ષતિ (અલ્પ દ્રષ્ટિ)ઃ પાણી લાવવવાનું કામ, જંગલ કટિંગનું કામ, ડ્રેસિંગ, માટીનું લેવલિંગનું કામ, ત્રિકમ-પાવડા વગેરે બેસાડી આપવાનું કામ, મેઈન્ટેનન્સનું કામ, વૃક્ષારોપણ, સુપરવાઈઝરનું કામ, કૉમ્પ્યુટર ઑપરેટર, પરબમાં પાણી પીવડાવવું, ચોકડી ખોદવાનું કામ, શૌચાલય બનાવવાનું કામ, બોર ઑપરેટર, રસ્તાઓનું સમારકામ, પ્લમ્બિંગ કાર્ય, બગીચાની સારસંભાળ.
   - દ્રષ્ટિ ક્ષતિ (અંધત્વ)ઃ પાણી પીવડાવવાનું
   - શ્રવણ ક્ષતિઃ દરેક કાર્ય કરી શકે
૮. બહુ વિકલાંગતા, તીવ્ર વિકલાંગતા, સેરેબલ પાલ્સી, ઑટિઝમ, પેરાપ્લૅજિક, માનસિક બીમાર, મંદબુદ્ધિ વગેર વિકલાંગતાવાળા વ્યક્તિઓની સંભાળનાં કામનો 'મનરેગા'ના કામમાં સમાવેશ કરવો.
૯. જે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ ઘરની બહાર નીકળી શકતી ન હોય તેવી વ્યક્તિઓ માટે ગૃહ-ઉદ્યોગ શરૂ કરાવી 'મનરેગા' યોજના અંતર્ગત રોજગારી આપવી જોઈએ.

### શ્રદ્ધાંજલિ
### વહાલી વિશ્લેષાની વસમી વિદાય

વિશ્લેષા સાબરકાંઠાની વતની. એક સામાન્ય વિદ્યાર્થિની તરીકે તેણે પાંચમા ધોરણ સુધી શિક્ષણ મેળવ્યું હતું. અંધત્વ છે એવું ખબર પડ્યા પછી પણ તેણે સંસ્થાના પ્રયાસથી અને પોતાના જાગૃત મા-બાપના પ્રોત્સાહનથી ભણવાનું ચાલુ રાખ્યું. છઠ્ઠા ધોરણથી બી.એડ. સુધીનું શિક્ષણ તેણે સફળતાપૂર્વક પૂરું કર્યું. ત્યારપછી સંઘર્ષ ખેડીને પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે જોડાઈ. ૧૪ વર્ષ સુધી શિક્ષણ ક્ષેત્રમાં રહી. તેણે તેના કૌશલ્યથી સદ્દૃષ્ટિ મિત્રોને અચંબામાં નાખી દીધા હતા. વિશ્લેષાને ભાઈ નહીં, અને પરિવારમાં તે સૌથી નાની. 'નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ' (એનએબી)ની સાબરકાંઠા જિલ્લા શાખામાં તે સંગીત વિશારદ થઈ. તેથી અડગ નિર્ધાર સાથે તેણે



સંગીતના કાર્યક્રમો આપવા અમદાવાદ, દિલ્લી, જયપુર અને બેંગલુરુ સુધીની સફર ખેડી હતી. હિંમતનગર ખાતે યોજાઈ ગયેલા સંગીત સ્પર્ધાના રાજ્ય કક્ષાના કાર્યક્રમના સમાપનમાં તેણે કરેલી પ્રાર્થના ચિરસ્મરણીય બની રહેશે. સંસ્થામાં તે આજીવન સભ્ય અને કારોબારીમાં પણ સક્રિય સભ્ય. તેનામાં ભંડોળ એકઠું કરવાની આવડત હતી. વળી, તે સ્પષ્ટ વક્તા પણ હતી.

અંધ જન, વિજ્ઞાનમાં પણ આગળ વધી શકે એમ તેણે 'ઓલ ઇન્ડિયા રેડિયો'ની વિજ્ઞાન-સ્પર્ધા જીતીને સાબિત કર્યું હતું. નવી દિલ્લીના 'નેશનલ બ્લાઈન્ડ વીમેન ફોરમ'માં કારોબારી સભ્ય અને પદાધિકારી બનીને તેણે રાષ્ટ્રીય કક્ષાએ પણ પોતાના કુશળ નેતૃત્વનાં દર્શન કરાવ્યાં હતાં. 'અખિલ ગુજરાત અંધ શિક્ષક સંઘ' અને 'એનએબી'ની મિટિંગોમાં તેની ઉપસ્થિતિ ઉત્સાહ અને પ્રેરણાનો સંચાર કરી દેતી. 'ઉન્નતિ' સંસ્થાના નેજા હેઠળ 'સાઇટ સેવર્સ' અંતર્ગત તાલીમકારોની તાલીમના કાર્યક્રમમાં પણ તેણે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

વિશ્લેષાની ચિર વિદાયને બે મહિના પૂરા થયા. છતાં પરિવારજનો, સ્નેહીજનો આજે તેને અશ્રુભરી આંખે યાદ કરે છે. વિશ્લેષા આજે પણ આપણી વચ્ચે છે અને જાણે તેનાં આદરેલાં કાર્યો પૂરાં કરવાનું આપણને સૌને કહી રહી છે.

## ઇલા પાઠકઃ મહિલાઓના અધિકારની હાકલ કરનાર સન્નિષ્ઠ કર્મયોગી – જાન્યુઆરી ૧૧, ૨૦૧૪ – મૃત્યુનોંધ

**એક એવું વિરલ વ્યક્તિત્વ, જેમણે મહિલા અને નાગરિક અધિકારની ચળવળમાં અમૂલ્ય યોગદાન આપીને પોતાના સંપર્કમાં આવેલા લોકોને પ્રેરણા પૂરી પાડી - વિભૂતિ પટેલ અને સોનલ શુક્લા**

૯ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ અમદાવાદ ખાતે બ્રેસ્ટ કેન્સરના કારણે પ્રૉ. ઇલા પાઠકનું નિધન થયું. તે સાથે ગુજરાતે સમાજના બહિષ્કૃત વર્ગો, ખાસ કરીને ક્રૂરતાનો ભોગ બનેલી મહિલાઓની પડખે ઊભાં રહેનાર સન્નિષ્ઠ સામાજિક કાર્યકર્તા ગુમાવ્યાં. તેઓ હંમેશાં દહેજના કારણે થતી પજવણીનો ભોગ બનેલી, બળાત્કાર તથા ગુનાખોરીનો શિકાર બનેલી સ્ત્રીઓની મદદે આવતાં. છેક



'૮૦ના દાયકામાં તેમણે મહિલા ભ્રૂણહત્યા વિરુદ્ધ અભિયાન આદર્યું હતું.

૧૯૮૧માં તેમણે મુંબઈ ખાતે મહિલાઓ અંગેના અભ્યાસોની પ્રથમ રાષ્ટ્રીય કૉન્ફરન્સમાં ભાગ લીધો. તેના પરિણામે, 'ઇન્ડિયન ઍસોસિએશન ફોર વીમેન્સ સ્ટડીઝ' (આઈએડબ્લ્યુએસ)ની રચના થઈ. ત્યારથી 'અમદાવાદ વીમેન્સ ઍક્શન ગ્રુપ' (અવાજ)ની તેમની કામગીરીથી અમે બંને વાકેફ હતાં. મહિલા ચળવળમાં ઇલાબહેને તેમનો આગવો દૃષ્ટિકોણ પ્રસ્થાપિત કર્યો હતો. ચળવળના પ્રારંભથી જ તેઓ દ્રઢ સંકલ્પ ધરાવતાં કાર્યકર્તા હતાં. કાયદામાં માસ્ટર્સ ડિગ્રી, અંગ્રેજી સાહિત્યમાં પીએચ.ડી. અને એનસીસીમાં ઉચ્ચ હોદ્દો એ સ્વયં માટે તેમણે પ્રસ્થાપિત કરેલા ઉચ્ચ લક્ષ્યાંકો સિદ્ધ કરવાની તેમની ક્ષમતાના સૂચક હતા. મહિલાઓના અધિકારો અને વિકાસ માટે કામ કરવાની તેમની નિષ્ઠા, 'અવાજ' ઉપરાંત, તેઓ જેની સાથે સંકળાયેલાં હતાં તે વિવિધ સંસ્થાઓની કામગીરી અને તેમનાં લખાણોમાં પ્રતિબિંબિત થતી હતી.

### ઇલાબહેન પાઠકની નારીવાદી સક્રિયતા

ઇલાબહેને અમદાવાદની એચ. કે. કૉલેજમાં અંગ્રેજી ભાષા અને સાહિત્યમાં શિક્ષિકા તરીકે તેમની કારકિર્દી શરૂ કરી હતી. સાથે-સાથે તેઓ ફ્રી-લાન્સ પત્રકાર તરીકે મહિલાઓના વિવિધ મુદ્દાઓ પર લેખ પણ લખતાં. સિત્તેરના દાયકાની શરૂઆતમાં તેમણે મહિલાઓની ગરિમાને ઠેસ પહોંચાડતાં ગુજરાતી નાટકોમાં પ્રચલિત બનેલાં સ્ત્રી-દ્વેષની ભાવના, અસભ્ય ટૂચકાઓ તથા દ્વિઅર્થી રમૂજો વિરુદ્ધ અભિયાન આદર્યું. ૧૯૮૧માં ઇલાબહેને ડૉ. ઇલા જોશી, અદિતિ દેસાઈ (થિયેટર કલાકાર), સોફિયા ખાન (હાલમાં માનવ અધિકાર વકીલ) જેવાં તેમનાં યુવાન સાથીઓ અને વિદ્યાર્થીઓ સાથે મળીને 'અવાજ'ની સ્થાપના કરી. 'અવાજ' સંસ્થાએ જાહેરાતો, માધ્યમો અને પાઠ્યપુસ્તકોમાં દર્શાવાતાં સેક્સિઝમ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો. જાહેર સ્થળોએ સ્ત્રીઓ પ્રત્યે અણછાજતું વર્તન દાખવતી જાહેરાતોનો તેમણે વિરોધ કર્યો અને ઑલ ઇન્ડિયા રેડિયો પર પ્રસારિત થનારા નાટક 'પુત્ર કામેષ્ટી યજ્ઞ' વિરુદ્ધ ધરણાં પણ યોજ્યાં હતાં અને આખરે, તે નાટકનું પ્રસારણ અટકાવ્યું હતું. તેમની અવિરત કામગીરીને પરિણામે ગુજરાત સરકારે

શાળાનાં પાઠ્ય પુસ્તકોમાં મહિલાઓના ગૌણ દરજ્જાની રજૂઆતની ચકાસણી કરવા માટે તેમની આગેવાની હેઠળ સમિતિ નિયુક્ત કરી હતી. આ પ્રયાસમાં તેમણે અમને સાંકળ્યાં હતાં. ૧૯૮૨માં જ્યારે દક્ષિણ ગુજરાતના સાગબારા ગામની એક આદિવાસી મહિલા પર સામૂહિક બળાત્કાર થયો, ત્યારે ઇલાબહેન આ કેસ ઍમ્નિસ્ટી ઈન્ટરનેશનલ પાસે લઈ ગયાં. પરિણામે, તમામ બળાત્કારીઓને સજા થઈ.

**ઇલાબહેન અને સામાજિક આંદોલનો**

ઇલાબહેનની ચોટદાર વક્તૃત્વ શૈલી તેમનું જમાપાસું હતું. ધનિક અને વગદાર લોકો સામે નમતું જોખ્યા વિના તેઓ તેમની સાથે પ્રત્યાયન પ્રસ્થાપિત કરી શકતાં. નબળા અને સીમાંત લોકો સાથેનો તેમનો વ્યવહાર અત્યંત નમ્ર રહેતો. મહિલાઓ પરની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કૉન્ફરન્સમાં તેમણે નારીવાદી વિચારસરણી ધરાવનારા અનેક વિદ્વાન મિત્રો બનાવ્યા હતા. આ કૉન્ફરન્સમાં હાજરી આપતી વખતે તેઓ પોતાના સંગઠનની ડઝનેક મહિલાઓને સાથે રાખતાં અને તેમની કાળજી પણ લેતાં.

**મહત્ત્વનું યોગદાન**

ઇલાબહેન ગુજરાત યુનિવર્સિટીની 'વીમેન ડેવલપમેન્ટ સેલ'ના સભ્ય હતાં. આ સેલની મુખ્ય કામગીરી યુનિવર્સિટી અને તેની સંલગ્ન કૉલેજોમાં જાતિ અંગેની સંવેદનશીલતાને વેગ આપવાની અને જાતીય સતામણી અટકાવવાની હતી. આ ઉપરાંત, તેઓ સૂરત ખાતેના 'સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ'નાં ગવર્નિંગ બૉર્ડ - મેમ્બર પણ હતાં. ગૂજરાત વિદ્યાપીઠની, મહિલા કેન્દ્રિત તમામ પ્રવૃત્તિઓમાં તેઓ મહત્ત્વની ભૂમિકા ભજવતાં. ઇલાબહેન 'ઈન્ડિયા ચેપ્ટર ઑફ વીમેન્સ ઈન્ટરનેશનલ લિગ ફોર પિસ એન્ડ ફ્રિડમ'નાં પ્રમુખ હતાં. તેઓ 'મુવમેન્ટ ફોર સેક્યુલર ડેમોક્રસી'નાં પણ સક્રિય-સભ્ય હતાં. ગરીબી, અને અત્યાચારનો ભોગ બનેલી મહિલાઓ માટે કરેલી કામગીરી બદલ ૨૦૧૨માં તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. સશક્તિકરણ માટેના મહિલાઓના સંઘર્ષ અને ગૌરવ મેળવવા માટેના મહિલાઓના પ્રયત્નોને વેગ આપતા તેમના લેખોના સંકલનના આધારે, ચાર પુસ્તકો પ્રકાશિત થયાં હતાં. ચાર દાયકાની તેમની કામગીરી હંમેશાં આપણને હાલના સમયના અનિશ્ચિત સંજોગોમાં મહિલાઓના અધિકારોની મશાલને પ્રજ્વલિત રાખવાની પ્રેરણા અને શક્તિ પૂરાં પાડશે. ગરીબો તથા મહિલાઓના ઉત્થાન માટે તેમણે કરેલી કામગીરી બદલ તેઓ હંમેશાં સ્મૃતિરૂપે જીવંત રહેશે. મહિલા આંદોલનના સહકર્મી તરીકે, અમે અમારાં બહેન - ઇલા પાઠકને સલામ કરીએ છીએ.

**પૃષ્ઠ 29નું શેષ**

વધેલી ટકાવારી સહિત, બિલ હેઠળના મોટાભાગના લાભો ફક્ત 'નિશ્ચિત વિકલાંગતા' ધરાવનારા લોકો, જેમની વિકલાંગતાની ટકાવારી ૪૦ ટકા કરતાં વધુ હોવાનું પ્રમાણિત થયું હોય, તેવા લોકોને જ મળે છે. અગાઉ, ૧૯૯૫ ઍક્ટ હેઠળ પ્રમાણિત હોય તેવી વ્યક્તિઓ માટે, આરપીડી બિલની કલમ-૧૧૭માં જણાવવામાં આવ્યું છે કે, ૧૯૯૫નો અધિનિયમ રદ કરવામાં આવ્યો છે, ત્યારે 'કથિત અધિનિયમ હેઠળ કોઈ પણ કામગીરી કરવામાં આવી હોય, તો તે અધિનિયમની તદ્અનુરૂપ જોગવાઈઓ હેઠળ કરવામાં આવેલી કામગીરી ગણાશે.' જોકે, પ્રમાણન મંજૂર કરતા અગાઉના કાયદાઓને રદ કરતા અન્ય કાયદાઓ, જેવા કે મોટર વ્હિકલ્સ ઍક્ટ ૧૯૮૯ (કલમ-૨૧૭ (૨) (બી) અને ધ ટ્રેડમાર્ક્સ ઍક્ટ, ૧૯૯૯ (કલમ-૧૫૯)થી અલગ, આ કલમ રદ થયેલા અધિનિયમ હેઠળ જારી થયેલાં પ્રમાણપત્રોને સ્પષ્ટપણે કાયદેસરતા નથી બક્ષતી. આ સ્પષ્ટતાની ગેરહાજરીમાં અગાઉ જારી કરવામાં આવેલાં પ્રમાણપત્રોની સ્વીકૃતતા અને પ્રમાણભૂતતા અંગે અનિશ્ચિતતા પ્રવર્તે છે. 'પર્સન્સ વિથ ડિસેબિલિટી ઍક્ટ, ૧૯૯૫' હેઠળ જાહેર કરવામાં આવેલી વિકલાંગતાઓના પ્રમાણન અંગેની માર્ગદર્શિકાઓ ઘડવામાં સરકારને છ વર્ષનો સમય લાગ્યો હતો, અને નવા પ્રમાણનને કેટલો સમય લાગશે તે અંગે પણ કોઈ અંદાજ નથી. સંભવિત ગૂંચવણ માટે બે મુદ્દા ખાસ ધ્યાન ખેંચે છે: નવું બિલ 'મેન્ટલ રિટાર્ડેશન'ની સ્થિતિને રદ કરે છે અને 'બધિરતા તથા અંધત્વ'ને એક જ વિકલાંગતા તરીકે જુએ છે, 'એક કરતાં વધુ (મલ્ટિપલ) વિકલાંગતા' તરીકે નહીં. આ ખામીઓના જૂના પ્રમાણન સાથે નવા કાયદા હેઠળ કેવી રીતે આ સ્થિતિ પર ધ્યાન આપવું તેની સ્પષ્ટતાનો સદંતર અભાવ વર્તાય છે. વધુમાં, લાભ આપવાની સાથે-સાથે ગેરલાભ પણ આપનારા કાયદાના છત્ર હેઠળ સેંકડો લોકોને આવરી લેવા યોગ્ય છે કે કેમ તે પ્રશ્ન પણ પેચીદો છે. આ કાયદામાં અધિકારો આપવામાં આવ્યા છે, તો સામે પક્ષે તે મૂળભૂત હક્કો છિનવી લે છે.

કાર્યકરો અને સંસદ સભ્યોના પ્રયાસો થકી, વર્તમાન સ્થિતિ એ છે કે બિલ રજૂ કરવામાં આવ્યું છે અને ચૂંટણી બાદ તે સ્ટૅન્ડિંગ કમિટીને વિચારણા માટે સુપરત કરવામાં આવશે. સ્ટૅન્ડિંગ કમિટી આ બિલમાં કેટલો ફેરફાર કરે છે તે અટકળનો વિષય છે. એક સમુદાય તરીકે આપણે દેશના વિકલાંગ વ્યક્તિઓની આશાઓ તથા મહત્ત્વાકાંક્ષાઓને ધ્યાનમાં રાખીને સ્ટૅન્ડિંગ કમિટીને એક સમાવેશક દસ્તાવેજ આપી શકીએ. સમાજના આ વર્ગની માગ અને વિકલ્પોને સ્પષ્ટપણે રજૂ કરવા અને તેમની સ્વીકૃતિ માટે નવી સરકાર પર દબાણ લાવવું એ સમુદાય સામેનો પડકાર છે.

**પૃષ્ઠ 26નું શેષ**

વ્યક્તિઓને આયોજન અને સજ્જતાનાં તમામ સ્તરોએ સામેલ કરવાં એ વિકલાંગ વ્યક્તિઓના દ્રષ્ટિકોણથી હોનારતને જોવા માટેનો સૌથી અસરકારક માર્ગ છે. હોનારત બાદનો તબક્કો સામાજિક-આર્થિક અને માળખાકીય અસમાનતાઓ પર ધ્યાન આપીને તથા સમાવેશકતા માટેની તકો વધારીને વિકલાંગતા તરફના સામાજિક અભિગમોમાં બદલાવ લાવવામાં મદદરૂપ થઈ શકે છે. સમુદાયોને સૌ માટે ઉપલબ્ધ બનાવવા માટે સાર્વત્રિક ડિઝાઈનની લાક્ષણિકતાને સામેલ કરીને, માનવીય કટોકટીઓ બાદ સમુદાયના પુનર્ગઠનને સમાવેશક અનુભવ બનાવી શકાય છે. આ ઉપરાંત, વિકલાંગ સમુદાયને સાતત્યપૂર્ણ વિકાસની નીતિ અને કામગીરીમાં સામેલ કરવો પણ એટલો જ જરૂરી છે. વિકલાંગ સમુદાય કદાચ આપત્તિ અને વિકાસ વ્યવસાયિકોને પરિસ્થિતિ, પર્યાવરણ અને પરસ્પર પરના માનવના પરાવલંબન વિશે જાણકારી આપી શકે છે.

---

**પૃષ્ઠ 32નું શેષ**

૪. હ્યુગો ફ્રેમવર્ક ફોર ઍક્શન, સહસ્ત્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો, બિવાકો મિલેનિયમ ફ્રેમવર્ક, સ્ફિયર ધોરણો, રાષ્ટ્રીય અને પ્રાદેશિક આપત્તિ સંચાલન યોજનાઓ અને કાર્યલક્ષી યોજનાઓના અમલ ઉપર દેખરેખ રાખવા નિર્દેશકો વિકસાવવા અને પ્રગતિનું આકલન કરવું.

૫. વિકલાંગતાને મુખ્ય પ્રવાહમાં લાવવા માટેના પ્રયાસોના અનુભવોનું દસ્તાવેજીકરણ કરવું, અનુભવોની આપ-લે કરવી. શ્રેષ્ઠ ઉદાહરણો, માહિતી, સંશોધન અને સાધનો વગેરેની પણ આપ-લે કરવી.

૬. કૉલેજો અને યુનિવર્સિટીઓના અભ્યાસક્રમોમાં આપત્તિ સંચાલનનો સમાવેશ કરવો. તે ઉપરાંત, ઍમ્બ્યુલન્સ, ફાયરબ્રિગેડ, પોલીસ વગેરેની તાલીમોમાં પણ તેનો સમાવેશ કરવો.

૭. શાળા સલામતીની યોજનાઓમાં પણ વિકલાંગતાનો સમાવેશ થાય તે સુનિશ્ચિત કરવું.


उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬

ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: sie@unnati.org

વેબસાઈટ: **www.unnati.org**

ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, ચોપાસની-પાલ બાય-પાસ લિંક રોડ, જોધપુર-૩૪૨ ૦૦૮, રાજસ્થાન.

ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: jodhpur_unnati@unnati.org

**વધુ વિગત માટે સંપર્ક: દીપા સોનપાલ**, ઈ-મેલઃ sie@unnati.org, publication@unnati.org

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'

મુદ્રણ: બંસીધર ઑફસેટ, અમદાવાદ. ફોનઃ ૯૮૨૫૩૫૩૯૬૭

**ફક્ત અંગત વિતરણ માટે**


આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.